RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૮ — સોમવાર તા.૨૨-૦૬-૨૦૨૬ — અંક : ૦૧ વર્ષ : ૨૨ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

# પરમાણુ બોમ્બ નહીં બનાવવા ઈરાને આપી ખાતરી

## સ્વિત્ઝર્લૅન્ડમાં શરૂ થયેલી વાટાઘાટોમાં ઈરાન અને અમેરિકા આગામી ૬૦ દિવસની અંદર ન્યુક્લીયર એગ્રીમેન્ટ કરવા સહમત થયા

નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે સ્વિટ્ઝર્લૅન્ડમાં યોજાયેલી ન્યૂક્લિયર મંત્રણાની શરૂઆત ભલે ખરાબ રહી હોય, પરંતુ મોડી રાત સુધી ચાલેલી લાંબી ચર્ચાઓના અંતે વિશ્વ માટે રાહતના સમાચાર આવ્યા છે. મંત્રણામાં મધ્યસ્થતા કરી રહેલા કતર અને પાકિસ્તાને સત્તાવાર રીતે દાવો કર્યો છે કે, અમેરિકા અને ઈરાન આગામી ૬૦ દિવસની અંદર એક અંતિમ અને મોટા પરમાણુ કરાર સુધી પહોંચવા માટેના રોડમેપ પર સહમત થઈ ગયા છે. આ સાથે જ મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ ટાળવા માટે અન્ય બે મહત્વના નિર્ણયો પણ લેવામાં આવ્યા છે.

૬૦ દિવસનો રોડમેપ: બંને દેશો આગામી બે મહિનામાં કાયમી કરાર કરવા માટે રાજી થયા છે. હાલ પ્રથમ રાઉન્ડ પૂરો થયો છે અને હવે બંને દેશોની ટેકનિકલ ટીમો આખું અઠવાડિયું સ્વિટ્ઝર્લૅન્ડમાં રહીને આગળની વિગતો નક્કી કરશે.

કમ્યુનિકેશન લાઈન: હોર્મુઝની ખાડીમાં બંને દેશોની નૌસેનાઓ વચ્ચે કોઈ અકસ્માત કે સીધો સંઘર્ષ ન થાય તે માટે એક વિશેષ 'હોટલાઈન' અથવા કમ્યુનિકેશન લાઈન સ્થાપિત કરવામાં આવશે.

ડી-કોન્ફ્લિકશન સેલ: લેબનાનમાં ચાલી રહેલી સૈન્ય કાર્યવાહી અને હિંસાને તાત્કાલિક રોકવા માટે અમેરિકા અને ઈરાન સંયુક્ત રીતે 'ડી-કોન્ફ્લિકશન સેલ' ની રચના કરશે.

આ સાથે ઈરાનના વિદેશમંત્રી અરાઘચીએ એક પોસ્ટ કરીને જણાવ્યું હતું કે પાકિસ્તાન અને કતારની મધ્યસ્થતાને કારણે ઈરાન પરથી ઓઈલ નિકાસનો પ્રતિબંધ હટી ગયો છે, અમેરિકાએ નેવી બ્લૉકેડ દૂર કર્યું છે અને અમારી જપ્ત કરાયેલી અમુક મિલકતો પણ રિલીઝ થઈ ચૂકી છે.આ મહત્વપૂર્ણ બેઠક રવિવારે શરૂ થઈ હતી પરંતુ શરૂઆતમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ધમકી આપી દીધી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે જો ઈરાન લેબનાનમાં તેના પ્રોક્સી ગ્રૂપો (હિઝબુલ્લાહ) દ્વારા મુશ્કેલીઓ ઊભી કરવાનું બંધ નહીં કરે, તો અમેરિકા ઈરાન પર સીધો લશ્કરી હુમલો કરી શકે છે.

ટ્રમ્પની આ ધમકીથી નારાજ થઈને ઈરાનના મુખ્ય વાર્તાકાર મોહમ્મદ બાકર ગાલિબાફે વળતો પ્રહાર કરતા કહ્યું કે, "ટ્રમ્પે પોતાના નિવેદનોમાં સાવચેતી રાખવી જોઈએ. અમારી સશસ્ત્ર સેનાઓ અલગ રીતે જવાબ આપવા સક્ષમ છે." આ વિરોધમાં ઈરાની પ્રતિનિધિમંડળ કતરના અધિકારીઓને મળીને બેઠક છોડીને બહાર નીકળી ગયું હતું, જેથી એક સમયે મંત્રણા તૂટી ગઈ હોવાની અફવાઓ ફેલાઈ હતી. જોકે, અમેરિકન ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને તેમની રાજદ્વારી ટીમ આખી રાત સતત બેઠકોમાં વ્યસ્ત રહી હતી અને ઈરાનને ફરી ટેબલ પર લાવવામાં સફળતા મેળવી હતી.ઈરાની સરકારી ટીવી ચેનલના અહેવાલ મુજબ, રવિવારે યોજાયેલી પ્રથમ ૮૦ મિનિટની વાતચીતમાં પરમાણુ કાર્યક્રમ પર સીધી ચર્ચા નહોતી થઈ, પરંતુ અગાઉ થયેલા સમજૂતી જ્ઞાપનને લાગુ કરવા અને લેબનાનની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયાને સ્પષ્ટ કર્યું છે કે તેહરાન યુરેનિયમ સંવર્ધનનો પોતાનો અધિકાર નહીં છોડે, પરંતુ તેમણે ફરી દોહરાવ્યું કે ઈરાન પરમાણુ બોમ્બ બનાવવા નથી માંગતું અને તેઓ આ અંગે લેખિત ગેરંટી આપવા પણ તૈયાર છે. બીજી તરફ, ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહૂએ ચેતવણી આપી છે કે ઈઝરાયેલી સૈનિકો જ્યાં સુધી જરૂર હશે ત્યાં સુધી દક્ષિણ લેબનાનમાં રહેશે અને તેઓ ઈરાનને કોઈપણ સંજોગોમાં પરમાણુ હથિયાર મેળવવા નહીં દે.



ઈરાન અને અમેરિકા યુદ્ધ વિરામ માટે સંમત થયા છે પરંતુ ઈઝરાયેલ હજુ અડગ રહ્યું છે અને હુમલાઓ તેજ બનાવી દીધા છે.ઈઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયેલા અલ જઝીરાના કેમેરામેન, નજાહ વિશાહ, તેના પુત્ર અહેમદ વિશાહના મૃતદેહ પર શોક વ્યક્ત કરે છે.

# યોગ એ વિશ્વનો સૌથી મોટો સમુદાય ઉત્સવ: વડાપ્રધાન મોદી

## વડા પ્રધાન મોદીએ કોલકાતાના રેડ રોડથી યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું

કોલકતા,

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોલકાતાના રેડ રોડ પર યોગ કર્યા. તેમણે અહીંથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં દેશનું નેતૃત્વ કર્યું. સવારે હજારો લોકો તેમની સાથે યોગ કરવા જોડાયા. કોમન યોગ પ્રોટોકોલ સત્રમાં ભાગ લેતા, મોદી આ પ્રતિષ્ઠિત સ્થળ પર હજારો યોગીઓ સાથે જોડાયા, જેની એક બાજુ ભારતીય સેનાના પૂર્વીય કમાન્ડ મુખ્યાલય અને બીજી બાજુ એક વિશાળ મેદાન છે.આ વર્ષની થીમ "સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ" છે, જે શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સુખાકારી, ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા અને સક્રિય વૃદ્ધત્વને પ્રોત્સાહન આપવામાં યોગની ભૂમિકા પર ભાર મૂકે છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૧૫ માં શરૂ કરવામાં આવ્યો હતો. તે વર્ષે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૧ જૂને યોગ દિવસ ઉજવવાના ભારતના પ્રસ્તાવને સ્વીકાર્યો હતો. ત્યારથી, પીએમ મોદીએ નવી દિલ્હી, ચંદીગઢ, લખનૌ, મૈસુર, ન્યુ યોર્ક, શ્રીનગર અને વિશાખાપટ્ટનમ સહિત અનેક સ્થળોએ ઉજવણીનું નેતૃત્વ કર્યું છે. એક સત્તાવાર નિવેદન અનુસાર, વિશ્વભરમાં લગભગ ૨,૫૦૦ સ્થળોએ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૨૧૦ થી વધુ ભારતીય મિશન અને પોસ્ટ્સ ભાગ લીધો, જે યોગને સ્વાસ્થ્ય, સંવાદિતા અને સામૂહિક સુખાકારી માટે વૈશ્વિક ચળવળ તરીકેની સ્થિતિને પુષ્ટિ આપે છે.

# કતારમાં આવેલ ગેસ પ્લાન્ટમાં મોડી રાત્રે ભયાનક વિસ્ફોટ થતા ૫૪ લોકો ઈજાગ્રસ્ત

## ગેસ ટર્મિનલ શરૂ કરતી વખતે થયેલા વિસ્ફોટમાં ૧૮ લોકો લાપત્તા થતા શોધખોળ હાથ ધરવામાં આવી

કતાર

કતારના પ્રખ્યાત રસ લાફાન ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા બરજાન ગેસ સપ્લાય પ્લાન્ટમાં રવિવારે મોડી રાત્રે એક ભયાનક વિસ્ફોટ થયો હતો, જેના કારણે ત્યાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ ગંભીર અકસ્માતમાં આશરે ૫૪ કર્મચારીઓ ઘાયલ થયા છે, જ્યારે અન્ય ૧૮ કર્મચારીઓ હજી પણ ગુમ છે. આ અકસ્માતને કારણે વૈશ્વિક ઊર્જા બજારમાં મોટો આંચકો લાગવાની આશંકા સેવાઈ રહી છે. વાસ્તવમાં આ અકસ્માત ત્યારે થયો જ્યારે કર્મચારીઓ ગેસ



ટર્મિનલ ફરીથી શરૂ કરી રહ્યા હતા. ઈરાને કરેલા બોમ્બમારા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ કરી દેવાને કારણે કતાર બહારના દેશોને ગેસ મોકલી શકતું ન હતું, જેથી કતારે ગેસનું ઉત્પાદન બંધ કરવું પડ્યું હતું. જો કે, યુદ્ધનો કાયમી અંત લાવવા માટે ચાલી રહેલી શાંતિ મંત્રણા વચ્ચે ઈરાને આ દરિયાઈ માર્ગ પરથી પોતાનો પ્રતિબંધ હળવો કર્યો હતો. આ તકનો લાભ લઈને કતારે પોતાનું નિકાસ ટર્મિનલ ફરી ચાલુ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે જ સમયે આ ભયાનક બ્લાસ્ટ થઈ ગયો.દુનિયાના અગ્રણી કુદરતી ગેસ ઉત્પાદક દેશોમાં કતારનું નામ ટોચ પર છે. કતારના આ મુખ્ય નિકાસ કેન્દ્રમાં થયેલા અકસ્માતના કારણે વૈશ્વિક ઊર્જા બજારમાં ભારે ઉથલપાથલ મચી શકે છે. સરકારી કંપની 'કતાર એનર્જી'એ પુષ્ટિ કરી છે કે રવિવારે રાત્રે પ્લાન્ટ શરૂ કરતી વખતે થયેલા વિસ્ફોટ અને આગના કારણે ૫૪ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને ૧૮ લોકો હજી પણ લાપતા છે.વિસ્ફોટના કારણે પ્લાન્ટને કેટલું આર્થિક અને માળખાકીય નુકસાન થયું છે, તેનો સચોટ આંકડો હજી સામે આવ્યો નથી. શરૂઆતમાં કતારના અધિકારીઓએ આ અકસ્માતમાં માત્ર થોડા જ લોકો ઘાયલ થયા હોવાની માહિતી આપી હતી, પરંતુ ઘટનાના થોડા કલાકો બાદ કતારના ગૃહ મંત્રાલયે ઈજાગ્રસ્તો અને ગુમ થયેલા લોકોની વાસ્તવિક સંખ્યા જાહેર કરી હતી, જે અગાઉના આંકડા કરતાં ઘણી વધારે છે.

# સિંધુ જળ સંધિ મામલે યુદ્ધ છેડવાની પાકિસ્તાને ભારતને આપી ખુલ્લી ધમકી

## બિલાવલ ભુટ્ટો બાદ પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ યુદ્ધની આપી ધમકી

નવી દિલ્હી

સિંધુ જળ સંધિને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચેનો વિવાદ ફરી એકવાર વકર્યો છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં આ સંધિને ફરીથી અમલમાં લાવવા અંગે પોતાનું જૂનું વલણ જાળવી રાખતા પાકિસ્તાન ધૂઆંપૂંઆ થયું છે. પહેલા પાકિસ્તાન પીપુલ્સ પાર્ટીના વડા બિલાવલ ભુટ્ટોએ ભારતને ધમકી આપી હતી અને હવે પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ભારત સામે સીધી યુદ્ધની ધમકી ઉચ્ચારી દીધી છે. પાકિસ્તાન તરફથી આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે તે પોતે ભારે જળ સંકટનો સામનો કરી રહ્યું છે.

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ભારતને સીધી યુદ્ધની ધમકી આપી છે. તેમણે એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે, પાણી એ પાકિસ્તાનની રાષ્ટ્રીય સુરક્ષાનો જ એક મહત્ત્વનો ભાગ છે. તેથી જ્યારે પણ દેશની સુરક્ષા જોખમમાં મૂકાશે, ત્યારે પાકિસ્તાન ભારત સામે યુદ્ધ છેડતાં અચકાશે નહીં. જો ભારત પાકિસ્તાન તરફ આવતો પાણીનો પુરવઠો રોકવા માટે કોઈ પગલાં લેશે અને ઈસ્લામાબાદને તેના પુરાવા મળશે, તો પાકિસ્તાન ભારત સામે સૈન્ય કાર્યવાહી કરવા પર પણ વિચાર કરી શકે છે.પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ દેશમાં ચાલી રહેલી પાણીની અછત માટે નવી દિલ્હી પર દોષ મઢવાનો પ્રયાસ કર્યો છે. તેમણે ભારત પર પાણીનો હથિયાર તરીકે ઉપયોગ કરવાનો, ચિનાબ નદીના પ્રવાહમાં હેરાફેરી કરવાનો અને પાણીના આંકડા છુપાવવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. જો કે, તેમણે પોતે સ્વીકાર્યું પણ હતું કે છેલ્લા એક વર્ષમાં થયેલા ઘટનાક્રમો અંગે તેમની પાસે કોઈ સચોટ કે વર્તમાન

# શ્રીનગરના દાલ તળાવ પર હિજાબ અને બુરખા પહેરેલી મુસ્લિમ છોકરીઓએ યોગ કર્યા

જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં સરકારી અધિકારીઓ, અર્ધલશ્કરી કર્મચારીઓ, સૈનિકો અને શાળાના બાળકો સહિત જીવનના તમામ ક્ષેત્રોના હજારો લોકોએ ભાગ લીધો. શ્રીનગરમાં, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ દાલ તળાવના કિનારે શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે મોટી સંખ્યામાં યોગ ઉત્સાહીઓનું નેતૃત્વ કર્યું. આમાં અમલદારો, પોલીસ અધિકારીઓ, શિક્ષણવિદો, શાળાના બાળકો અને અન્ય લોકોનો સમાવેશ થતો હતો.શ્રીનગરમાં યોગ કરવા આવેલી એક યુવતીએ કહ્યું કે યોગના ઘણા ફાયદા છે. તે સ્વાસ્થ્ય અને એકંદર સુખાકારી માટે ખૂબ જ સારું છે. "અમે શાળામાં દરરોજ યોગ કરીએ છીએ. તે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે." બીજી યુવતીએ કહ્યું કે યોગ આપણા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. યોગ આંતરિક બીમારીઓને નોંધપાત્ર રીતે ઘટાડે છે. તે લોકોને સ્વસ્થ રાખે છે. ખાસ કરીને નોંધનીય છે કે બુરખા અને હિજાબ પહેરેલી યુવતીઓએ પણ યોગમાં ભાગ લીધો હતો.

શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. શ્રીનગર એરપોર્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને જાહેરાત કરી કે શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે સંપૂર્ણપણે તૈયાર છે!

# એઆઈ હવે સબરીમાલા મંદિરમાં ભીડનું સંચાલન અને સુરક્ષા સંભાળશે,કેરળ હાઈકોર્ટે પણ મંજૂરી આપી

તિરુવનંતપુરમ,

આગામી યાત્રાધામ સીઝન માટે વિશ્વ-પ્રસિદ્ધ સબરીમાલા ભગવાન અયપ્પા મંદિરમાં ભીડ વ્યવસ્થાપન અને સુરક્ષા વ્યવસ્થાને હાઈ-ટેકમાં અપગ્રેડ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ મંદિરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) પર આધારિત આધુનિક 'તીર્થયાત્રી વ્યવસ્થાપન પ્રણાલી' લાગુ કરવાનું વિચારી રહ્યું છે.

ટીડીબીના ચેરમેન કે. જયકુમારે દેશભરના નિષ્ણાતો અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક બાદ આ માહિતી આપી હતી. તેમણે સમજાવ્યું કે આ AI પહેલ "વિઝન સબરીમાલા" પ્રોજેક્ટનો એક ભાગ છે, જે પહેલાથી જ કેરળ હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવી છે અને કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે. બેઠકમાં હાજર રહેલા એડીજીપી મનોજ અબ્રાહમે આ ટેકનોલોજીની વિગતો શેર કરી. તેમણે સમજાવ્યું કે આ પ્લેટફોર્મ અનેક આધુનિક ટેકનોલોજીઓને જોડશે: હાઈ-રિઝોલ્યુશન કેમેરા, ઈન્ફ્રારેડ સેન્સર, ડ્રોન અને જીપીએસ મેપિંગનો ઉપયોગ કરીને યાત્રાળુઓની હિલચાલ પર નજર રાખવામાં આવશે. સિસ્ટમ ભીડ વધે તે પહેલાં તેની આગાહી કરશે.

જો માર્ગ પર ટ્રાફિક જામ અથવા ભારે ભીડ નિકટવર્તી હોય, તો એઆઇ સિસ્ટમ અધિકારીઓને તાત્કાલિક ચેતવણીઓ મોકલશે અને જરૂરી પગલાં સૂચવશે. તે ભારે વરસાદ અથવા વીજળી જેવી કટોકટી દરમિયાન માર્ગદર્શિકા તરીકે પણ કાર્ય કરશે. જેમ ગુગલ મેપ ડ્રાઈવરોને માર્ગદર્શન આપે છે.

# હું ટ્રમ્પની દરેક વાત કે ટ્રમ્પ મારી દરેક વાત સ્વીકારે તે જરૂરી નથી : બેન્જામિન નેતન્યાહૂ

## ઈઝરાયેલ અને અમેરિકાના સંબંધો અંગે નેતન્યાહુએ આપ્યું નિવેદન

નવી દિલ્હી

ઈઝરાયલના રાષ્ટ્રપ્રમુખ બેન્જામિન નેતન્યાહુએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના પોતાના સંબંધોને લઈને એક મહત્વનું નિવેદન આપ્યું છે. ઈન્ટરનેશનલ પોલિસી સમિટમાં સંબોધન કરતી વખતે તેમણે જણાવ્યું હતું કે, અમે બંને સ્વતંત્ર અને ગૌરવશાળી દેશોના નેતાઓ છીએ. આથી, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ મારી બધી જ વાતો સ્વીકારે તે જરૂરી નથી અને હું પણ તેમની દરેક ઈચ્છા પૂરી કરી શકું નહીં. કેટલીક બાબતોમાં અમારા બંનેના વિચારો ભિન્ન હોઈ શકે છે. પશ્ચિમ એશિયામાં હમાસ, હિઝબુલ્લાહ અને ઈરાન સમર્થિત જૂથો સાથે ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે આ નિવેદનને વૈશ્વિક રાજકીય વિશ્લેષકો અત્યંત ગંભીરતાથી જોઈ રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા રાજદ્વારી ગજગ્રાહની વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ઈરાનની સત્તાવાર ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર, બંને દેશો વચ્ચે સતત ૧૮ કલાક સુધી મેરેથોન બેઠક યોજાઈ હતી. આ વાટાઘાટોમાં કતાર અને પાકિસ્તાને મધ્યસ્થ તરીકેની મુખ્ય ભૂમિકા ભજવી છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સ્પષ્ટ



# વિશ્વમાં પ્રથમ વખત ચાલતી ટ્રેનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

## ડીઆરએમ વેદ પ્રકાશે વંદે ભારત ટ્રેનમાં મુસાફરો સાથે યોગાભ્યાસ કર્યો

અમદાવાદ,

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ૨૧ જૂન ૨૦૨૬ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના કુશળ માર્ગદર્શન હેઠળ ૧૨મો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. આ અવસરે મંડળના વિવિધ મુખ્ય સ્થળો ઉપરાંત ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં પણ વિશેષ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું. ભારતીય રેલવેના ઈતિહાસમાં પ્રથમ વખત ચાલતી ટ્રેનોમાં મુસાફરોને યોગ સાથે જોડવાની આ નવીન પહેલ અમદાવાદ મંડળ દ્વારા કરવામાં આવી હતી.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે અમદાવાદ મંડળ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. સૌપ્રથમ અમે અમારા તમામ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને યોગ સાથે જોડવાનો પ્રયાસ કર્યો. વિડિયો કોન્ફરન્સિંગ (VC)ના માધ્યમથી અમારા વિવિધ કેન્દ્રો તથા રેલવે સંસ્થાઓમાં મોટી સંખ્યામાં લોકોએ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે બીજી વિશેષ પહેલ તરીકે આજે અમે વંદે ભારત જેવી આધુનિક ટ્રેનોમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને યોગ સાથે જોડવાની એક અનોખી પહેલ કરી છે. આ અભિયાન અંતર્ગત ટ્રેનોની 'પાઈપ્ડ મ્યુઝિક' (ઓડિયો સિસ્ટમ) દ્વારા યોગ ગુરુઓના માર્ગદર્શનનું પ્રસારણ કરવામાં આવ્યું હતું તથા દરેક કોચમાં હાજર સ્વયંસેવકોએ મુસાફરોને પોતાની બેઠક પર બેઠા-બેઠા 'સૂક્ષ્મ યોગ' કરવામાં સહયોગ આપ્યો હતો.

મુસાફરોએ ૧૦ થી ૨૦ મિનિટ સુધી ગળા, હાથ, કળાઈ અને ખભાના રોટેશન, 'H'ના ઉચ્ચારણ તથા ધ્યાન જેવા સરળ યોગાભ્યાસો કર્યા. યોગ મન, વચન, કર્મ અને કાયા વચ્ચે સમન્વય સ્થાપિત કરે છે. વ્યક્તિના સર્વાંગી વિકાસ સાથે સાથે સ્વસ્થ સમાજ, સશક્ત રાષ્ટ્ર અને વધુ સારા વિશ્વના નિર્માણ માટે યોગ અત્યંત આવશ્યક છે. યોગ આપણને સંતુલન, અનુશાસન અને સકારાત્મક જીવન જીવવાની પ્રેરણા આપે છે.

સાબરમતી સ્થિત સામુદાયિક ભવનમાં આયોજિત મુખ્ય કાર્યક્રમમાં યોગગુરૂ શ્રી અલ્પેશ ત્રિવેદી અને શ્રીમતી હંસા ચાગે રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, આરપીએફ સ્ટાફ, સ્કાઉટ અને ગાઈડ તેમજ નાગરિક સુરક્ષા સંગઠન (સિવિલ ડિફેન્સ)ના સભ્યોને કોમન યોગ પ્રોટોકોલ અંતર્ગત વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાન સંબંધિત અભ્યાસોની તાલીમ આપી હતી.

આ ઉપરાંત ઓલ્ડ રેલવે ઈન્સ્ટિટ્યૂટ—સાબરમતી, રેલવે ઈન્સ્ટિટ્યૂટ—કાંકરિયા, સામુદાયિક ભવન—ગાંધીધામ તથા સામુદાયિક ભવન—વીરમગામ ખાતે પણ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને વધુ જનસુલભ અને વ્યાપક બનાવવા માટે નીચે દર્શાવેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં વિશેષ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રોમાં મુસાફરોએ પોતાની બેઠક પર બેસીને કરી શકાય તેવા સરળ યોગાભ્યાસો અને પ્રાણાયામનો અભ્યાસ કર્યો હતો.

# અમદાવાદમાં NEET પરીક્ષા કેન્દ્ર પર હિજાબ અને કંઠી-દોરા મુદ્દે ભારે હોબાળો, ૩ લોકોની અટકાયત

## અમદાવાદની આર. જે. ટિબ્રવાલ કોલેજ પરીક્ષા કેન્દ્ર ખાતે ડ્રેસકોડ અને ધાર્મિક પ્રતીકોને લઈને મોટો વિવાદ સર્જાયો

અમદાવાદ,

સમગ્ર રાજ્યમાં ૨૧૧ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દ્વઈઈ્-ની પરીક્ષા યોજાઇ હતી. આ દરમિયાન શહેરમાં એક પરીક્ષા કેન્દ્ર બહાર ડ્રેસકોડ અને ધાર્મિક પ્રતિકોને લઈને વિવાદ થયો હતો. આ દરમિયાન બે સંગઠન સામ સામે આવી ગયા હતા. વિવાદ વધતો જોઇ પોલીસે સ્થિતિને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો અને ચાર લોકોની અટકાયત કરી હતી.

બપોરે ૨:૦૦ વાગ્યે પરીક્ષા શરૂ થઈ હતી, જેમાં વિદ્યાર્થીઓને સવારે ૧૧:૦૦ થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી સઘન ચેકિંગ બાદ જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. જો કે, આ ચુસ્ત નિયમો વચ્ચે અમદાવાદની આર. જે. ટિબ્રવાલ કોલેજ પરીક્ષા કેન્દ્ર ખાતે ડ્રેસકોડ અને ધાર્મિક પ્રતીકોને લઈને મોટો વિવાદ સર્જાયો હતો. અમદાવાદમાં વસ્ત્રાપુરમાં આવેલી આર.જે. ટીબ્રેવાલ કોલેજમાં વિદ્યાર્થિનીઓના હિજાબ અને અન્ય વિદ્યાર્થીના ગળામાં પહેરેલી કંઠી, હાથમાં બાંધેલા ધાર્મિક દોરા બાબતે વિવાદ થયો હતો. વાલીઓએ આક્ષેપ કર્યો હતો કે પરીક્ષાની ગાઈડલાઈનનું પાલન યોગ્ય રીતે કરવામાં આવતું નથી.

વાલીઓ અને હિન્દૂ સંગઠનોએ આરોપ મુક્યો હતો કે હિન્દૂ યુવક-યુવતીઓના દોરા-કંઠી કઢાવવામાં આવ્યા હતા. જોકે, મુસ્લિમ દીકરીઓને હિજાબ પહેરવાની છૂટ અપાઈ હતી. આ દરમિયાન બજરંગ દળ અને AIMIMના કાર્યકરો વચ્ચે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. આ દરમિયાન ફરજ પર હાજર પોલીસ કર્મીઓએ મામલાને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો અને ચાર લોકોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ભાજપના સભ્ય મફતસિંહ ઝાલાનો દારૂની ખેપ મારતા રંગે હાથ ઝડપાયો

## 'પુત્ર સાથે દોઢ વર્ષથી કોઈ સંબંધ નથી' ભાજપ નેતાનો છેડો ફાડતો દાવો

ખેડા,

ગુજરાતમાં દારુબંધી હોવા છતાં અમુક લોકોની ખરાબ માનસિકતાના કારણે સમાજમાં દારૂનું દુષણ ફેલાતું હોય છે ત્યારે, હાલ ખેડા જીલ્લા ભાજપમાં ચોંકાવનારી ઘટના બનવા પામી હતી જેમાં, કપડવંજ તાલુકા પંચાયતની વઘાસ બેઠકના ભાજપના સભ્ય મફતસિંહ ઝાલાના પુત્રને દારૂની ખેપ મારતા રંગે હાથ ઝડપવામાં આવ્યો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને ચોક્કસ બાતમી મળી હતી તેના આધારે વોચ ગોઠવી હતી. અને શંકાસ્પદ સફેદ રંગની હ્યુન્ડાઈ ક્રેટા કાર આવતા જ તેને રોકી તપાસ કરી હતી. જેમાં મફતસિંહ ઝાલાના પુત્ર લિંકન ઝાલા અને તેના સાગરીત જીજ્ઞેશ ઝાલા પાસેથી વિદેશી દારૂ અને બિયરની ૨ હજાર ૧૬૦ બોટલ મળી આવી હતી.

દારૂ, કાર અને ૫ મોબાઈલ સહિત કુલ રૂપિયા ૧૧.૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત થયો છે. જ્યારે દારૂની ખેપ માટે ખોટી નંબર પ્લેટ લગાવ્યાનો પણ ઘટસ્ફોટ થયો છે. હાલ લિંકન ઝાલા સહિત કુલ ૮ આરોપી સામે ગુનો દાખલ કરાયો છે. ઉલ્લેખનીય છે કે અગાઉ નડિયાદના પીપળાતા પાસે જીસ્ઝની ટીમે દરોડા પાડ્યા ત્યારે ખેડા જિલ્લા પંચાયતના સભ્ય પાસેથી પણ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ત્યારે ભાજપ નેતાઓના આ "દારૂ કનેક્શન" અનેક સવાલો ઊઠાવી રહ્યા છે.

# જેલ એ માત્ર સજા ભોગવવાનું સ્થળ નહીં, પરંતુ એક 'પ્રાયશ્ચિત ભવન' અને સુધારા ગૃહ

## જેલ પ્રભાગના રાજ્ય મંત્રીના હસ્તે ગાંધીનગરથી વર્ગ-૧ અને ૨ કુલ ૧૧ અધિકારીઓને નિમણૂકપત્રો એનાયત કરાયા

અમદાવાદ,

વર્તમાન સમયમાં જેલ એ માત્ર સજા ભોગવવાનું સ્થળ નથી, પરંતુ એક 'પ્રાયશ્ચિત ભવન' અને સુધારા ગૃહ બન્યું છે. જ્યારે આપણે પૂરી પ્રામાણિકતાથી ફરજ નિભાવીએ છીએ, ત્યારે ઈશ્વર આપણા પરિવારની પણ ચિંતા કરે છે, તેમ જેલ પ્રભાગના રાજ્ય મંત્રી શ્રી કમલેશ પટેલે વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને નિમણૂ પત્ર એનાયત કાર્યક્રમમાં જણાવ્યું હતું. ગૃહ વિભાગના જેલ પ્રભાગ હેઠળ નવી નિમણૂક મેળવનાર વર્ગ-૧ અને વર્ગ-૨ના કુલ ૧૧ અધિકારીઓને આજે સ્વર્ણિમ સંકૂલ, ગાંધીનગર ખાતે જેલ પ્રભાગના રાજ્ય મંત્રી શ્રી કમલેશ પટેલ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કમલેશ પટેલે ભગવાન શ્રીકૃષ્ણના 'કર્મયોગના સિદ્ધાંત'ને યાદ કરી નિમણૂક પામનાર અધિકારીઓને નિષ્ઠાપૂર્વક અને શ્રેષ્ઠ કામગીરી કરવા પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જેલમાં આવનાર દરેક વ્યક્તિ જન્મજાત ગુનેગાર કે ગુનાહિત માનસિકતા ધરાવતી નથી હોતી. ઘણીવાર ગુનેગારો સંજોગોવશાત પણ ગુના તરફ ધકેલાયા હોય છે. તેથી, આપણે માનવતા અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરવી જોઈએ.

માનસિક તંદુરસ્તી પર વિશેષ ભાર મૂકતાં મંત્રીશ્રીએ કહ્યું કે, શારીરિક સ્વાસ્થ્ય માટે સરકાર પૂરતા આયોજન કરી રહી છે, પરંતુ જેલમાં આવતા કેદીઓની માનસિક તંદુરસ્તી જળવાઈ રહે તે પણ ખૂબ અનિવાર્ય છે. કેદીઓને માનસિક રીતે મજબૂત કરવા માટે સૌપ્રથમ જેલ અધિકારીઓ-કર્મચારીઓએ પોતે માનસિક રીતે પાવરફુલ અને મજબૂત બનવું પડશે. સાબરમતી જેલનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું કે, ત્યાં કેદીઓ દ્વારા સુથારી કામ, ફર્નિચર બનાવવું અને ફૂડ પેકિંગ જેવા અનેક નાના-મોટા ઉદ્યોગો સફળતાપૂર્વક ચાલી રહ્યા છે.

# સાબરમતીથી ઉપડતી ૩ એક્સપ્રેસ ટ્રેન હવે ગાંધીગ્રામ સ્ટેશનેથી દોડશે

અમદાવાદ,

પશ્ચિમ રેલવે બોર્ડ દ્વારા શહેરના ગાંધીગ્રામ રેલવે સ્ટેશનની કનેક્ટિવિટીને મોટો વેગ આપતા, રેલવે બોર્ડે ૩ જોડી એક્સપ્રેસ ટ્રેનોના ટર્મિનલ પોઈન્ટને સાબરમતી રેલવે સ્ટેશનથી ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પર શિફ્ટ કરવાની મંજૂરી આપી દીધી છે. આ ટ્રેનો હવે ગાંધીગ્રામથી ઉપડશે અને ત્યાં જ આવીને મુસાફરી પૂર્ણ કરશે, તેમજ આ ટ્રેનો રસ્તામાં ચાંદખેડા રોડ સ્ટેશન પર પણ ઉભી રહેશે.

રેલવે બોર્ડ દ્વારા ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર, ૧૪૮૨૧/૧૪૮૨૨ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ, ૧૨૫૪૭/૧૨૫૪૮ આગ્રા કેન્ટ-સાબરમતી એક્સપ્રેસ અને ૨૨૫૪૭/૨૨૫૪૮ ગ્વાલિયર-સાબરમતી એક્સપ્રેસનું ટર્મિનલ સાબરમતીથી બદલીને ગાંધીગ્રામ કરવામાં આવશે. પશ્ચિમ રેલવેને યોગ્ય તારીખથી આ ફેરફાર લાગુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.


રેલવે બોર્ડે પશ્ચિમ રેલવેને આ ફેરફારોની વ્યાપક પ્રસિદ્ધિ કરવા અને જો જરૂર પડે તો, શરૂઆતની સેવા સ્પેશિયલ ટ્રેન તરીકે ચલાવવા પણ સૂચના આપી છે. આ નિર્ણયથી અમદાવાદના મધ્ય ભાગમાં અને ત્યાંથી અન્ય સ્થળોએ મુસાફરી કરતા મુસાફરોને મોટો ફાયદો થવાની અપેક્ષા છે, કારણ કે આ સ્ટેશન મુખ્ય શહેરમાં આવેલું છે, અને જાહેર પરિવહન સાથે સારી રીતે જોડાયેલું છે.

# લોકભવન ખાતે ૧૨ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

## યોગ એ માત્ર કસરત નથી, પરંતુ તે જીવન જીવવાની એક ઉત્તમ કળા છેઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર,

ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ૧૨ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.



આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લોકભવન પરિવારના સભ્યો તથા ઉપસ્થિત નગરજનોને યોગ દિવસની શુભકામનાઓ પાઠવીને જીવનમાં સ્વાસ્થ્યના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રીએ યોગના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, યોગ એ ભારતની હજારો વર્ષ જૂની પ્રાચીન વિદ્યા અને વિજ્ઞાન છે. યોગ એ માત્ર કસરત નથી, પરંતુ તે જીવન જીવવાની એક ઉત્તમ કળા છે. ભારતીય સંસ્કૃતિમાં યોગને હંમેશા સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક ઉન્નતિના આધારરૂપ માનવામાં આવ્યો છે.

રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના યોગ પ્રત્યેના દ્રષ્ટિકોણને બિરદાવતા કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો અને દ્રઢ સંકલ્પશક્તિને કારણે આજે યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે.

# સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા રિજનલ સેન્ટર ગાંધીનગર દ્વારા યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર,

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા રિજનલ સેન્ટર (SAI RC), ગાંધીનગર દ્વારા ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં એલિટ રમતવીરો, કોચ, અધિકારીઓ અને જીછૈંના સ્ટાફ સભ્યો સહિત ૨૦૦થી વધુ વ્યક્તિઓની ભાગીદારી જોવા મળી હતી.

યોગ સત્રનું સંચાલન યોગ ફેડરેશનના જાણીતા યોગ ટ્રેનર શ્રી ચિન્મયજીના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમને પ્રદર્શનકર્તાઓ અને ટ્રેનર્સ શ્રી ધીનાકરણજી અને કુમારી પટેલ તન્વીજી દ્વારા યોગ્ય સહયોગ આપવામાં આવ્યો હતો, જેમણે સહભાગીઓને વિવિધ યોગ આસનો અને શ્વાસની કસરતો કરાવી હતી. આ કાર્યક્રમમાં જુનિયર વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપના ગોલ્ડ મેડલ વિજેતા કુમારી યજુર્વી જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમની હાજરીએ સહભાગીઓને પ્રેરણા આપી હતી અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોગાસનમાં ભારતની વધતી જતી શ્રેષ્ઠતાને રેખાંકિત કરી હતી.

દેશવ્યાપી ઉજવણીના ભાગરૂપે, સહભાગીઓએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આંતરરાષ્ટ્રીય યોગ દિવસના સંબોધન અને યોગ સત્રનું જીવંત પ્રસારણ પણ નિહાળ્યું હતું, જેણે આરોગ્ય, સુખાકારી અને સર્વગ્રાહી જીવનના સંદેશને વધુ મજબૂત બનાવ્યો હતો.

તમામ સહભાગીઓએ ખૂબ જ ઊર્જા અને સમર્પણ સાથે સક્રિયપણે કોમન યોગ પ્રોટોકોલનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગની સ્મૃતિમાં, તમામ ઉપસ્થિતોને યોગ-થીમ આધારિત ટી-શર્ટ અને અલ્પાહારનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# વડોદરામાં વિદેશમાં નોકરી અપાવવાનું કહીને મહિલા સાથે ૧૦.૬૦ લાખની છેતરપીંડી

## બે એજન્ટ ભાઈઓએ વિદેશમાં નર્સની નોકરી અપાવવાનું કહીને બે યુવતીઓ પાસેથી કુલ રૂ. ૧૦.૬૦ લાખ પડાવી લીધા

વડોદરા,

શહેરના ન્યૂ વી.આઈ.પી. રોડ પર ખોડિયારનગર પાસે આવેલા અર્થ આઈકોનમાં ઓફિસ ધરાવતા બે એજન્ટ ભાઈઓએ વિદેશમાં નર્સની નોકરી અપાવવાનું કહીને બે યુવતીઓ પાસેથી કુલ રૂ. ૧૦.૬૦ લાખ પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના નાપા ગામની એકતાનગર કોલોનીમાં રહેતા અને નર્સિંગ ટ્યુટર તરીકે નોકરી કરતા નિકિતાબેન જયંતિભાઈ રોહિતે આ અંગે વડોદરાના વારસિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં પોલીસે જશવંત ચૌધરી અને તેના ભાઈ દુષ્યંત ચૌધરી સામે ગુનો



દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ મામલે પોલીસમાં થયેલ ફરિયાદની વિગતો અનુસાર, નિકિતાબેને વર્ષ ૨૦૨૪ માં સોશિયલ મીડિયા પર જશવંત ચૌધરીની એકનાથ ઈમિગ્રેશન કન્સલટન્સીની વિગતો જોઈ હતી. નિકિતાબેન અને તેમની મિત્ર સિમરન ઈશ્વરભાઈ પરમાર ઓસ્ટ્રિયા (યુરોપ) ખાતે નર્સિંગની નોકરી કરવા જવા ઈચ્છતા હોવાથી તેઓ જશવંત ચૌધરીની ઓફિસે મળવા ગયા હતા. એજન્ટે તેમને યુરોપમાં નર્સિંગની નોકરીની પાકી ખાતરી આપીને ચાર મહિનામાં પ્રોસેસ પૂરી કરવાનું વચન આપ્યું હતું અને વ્યક્તિદીઠ ૬ લાખનો ખર્ચ જણાવ્યો હતો. વિશ્વાસમાં આવીને નિકિતાબેને શરૂઆતમાં રૂ. દોઢ લાખ ચૂકવ્યા હતા.

આ બાબતે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઓક્ટોબર ૨૦૨૫ માં જશવંતના ભાઈ દુષ્યંત ચૌધરીએ યુવતીઓના પાસપોર્ટ નંબરનો ઉલ્લેખ કરેલો એક ઓફર લેટર આપ્યો હતો અને જણાવ્યું હતું કે, ૧૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઓસ્ટ્રિયા જવાનું છે.

# ગાંધીનગરમાં "ગુજરાત ટુ ગ્લોબલઃ એમ્પાવરિંગ ધ મેડટેક ઈકોસિસ્ટમ" પરિષદનું કરાશે આયોજન

## મેડટેક ક્ષેત્રમાં ગુજરાતની વૈશ્વિક ઉડાનને ગતિ આપશે આ GRIT અને EPCMD India પરિષદ

ગાંધીનગર,

ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન-GRIT અને ભારત સરકાર દ્વારા સ્થાપિત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર મેડિકલ ડિવાઈસિસ-EPCMD India દ્વારા સંયુક્ત રીતે "ગુજરાત ટુ ગ્લોબલઃ એમ્પાવરિંગ ધ મેડટેક ઈકોસિસ્ટમ" શીર્ષક હેઠળ મેડટેક ક્ષેત્રની એક ઉચ્ચ પરિષદનું આયોજન આગામી તા. ૨૩ જૂન, ૨૦૨૬ મંગળવારના રોજ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ પરિષદનો હેતુ સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓ અને વૈશ્વિક બજારોમાં પ્રવેશ વચ્ચેના તફાવતને દૂર કરવાનો છે. તે માટે નીતિ નિર્માતાઓ, નિયમનકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા ઉદ્યોગના અગ્રણીઓને એક જ મંચ પર લાવવામાં આવશે.

આ કાર્યક્રમ ગુજરાતના મેડિકલ ડિવાઈસ ક્ષેત્ર માટે અત્યંત મહત્વપૂર્ણ તબક્કે યોજાઈ રહ્યો છે. રાજકોટ નજીક આવેલ નાગલપર મેડિકલ ડિવાઈસ પાર્ક કાર્યરત બનતા રાજ્યના ઉત્પાદકો હવે મૂળભૂત એસેમ્બલીમાંથી આગળ વધી ઉચ્ચ ગુણવત્તાવાળા અને નિકાસલક્ષી ઉત્પાદન તરફ આગળ વધી રહ્યા છે.

આ સમગ્ર કાર્યક્રમની અધ્યક્ષતા GRITના CEO શ્રીમતી એસ. અપર્ણા દ્વારા કરવામાં આવશે. ભારત સરકારના ફાર્માસ્યુટિકલ્સ વિભાગ અને વાણિજ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત ઉદ્યોગ અને સરકારના બે ડઝનથી વધુ પ્રતિનિધિઓ વિવિધ સત્રોમાં સક્રિય ભાગ લેશે.

દિવસભરની ચર્ચાઓની શરૂઆત નીતિ અને ઉદ્યોગ સંબંધિત મુદ્દાઓ પર આધારિત સત્રથી થશે. તેમાં "૨૦૩૦ રોડમેપઃ દેશના ૩૦ અબજ ડોલરના મેડટેક વિઝનમાં ગુજરાતની ભૂમિકા" વિષયક રજૂઆત દ્વારા પરિપ્રેક્ષ્ય રજૂ કરવામાં આવશે. ત્યારબાદ ગુજરાતના ઉત્પાદકોના દૃષ્ટિકોણથી નીતિ, નિયમનકારી માળખું અને બજાર સુધી પહોંચ સંબંધિત પડકારો અંગે સંવાદ-ચર્ચા યોજાશે. ફાર્માસ્યુટિકલ્સ વિભાગ, વાણિજ્ય વિભાગ અને CDSCOના વરિષ્ઠ સરકારી અધિકારીઓ ઉપરાંત SMT, BPL, Meril Life Sciences અને Philips India જેવી અગ્રણી કંપનીઓના પ્રતિનિધિઓ પણ તેમાં ભાગ લેશે.

# શ્રીરામનું જીવન એ માત્ર શ્રદ્ધાનો વિષય નહીં, પણ જીવન જીવવાની કળા છેઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

## ગાંધીનગર સ્થિત ગુજરાત લોકભવન ખાતે રાજ્યપાલના માર્ગદર્શન હેઠળ પ્રથમ વખત શ્રીરામકથાનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર,

ગાંધીનગર સ્થિત ગુજરાત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ ગુજરાત લોકભવનના ઈતિહાસમાં પ્રથમ વખત શ્રીરામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવના પ્રથમ દિવસે સુપ્રસિદ્ધ કથાવાચક આચાર્ય શ્રી કુલદીપજી મહારાજ દ્વારા શ્રીરામકથાનું મહત્વ, તેની પૃષ્ઠભૂમિ અને પ્રભુ શ્રીરામના આદર્શ વ્યક્તિત્વ પર પ્રકાશ પાડવામાં



આવ્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનું જીવન માત્ર શ્રદ્ધા કે નમન કરવા પૂરતું સીમિત નથી. તેમનું જીવન એ જીવન જીવવાની કળા છે. એક આદર્શ પુત્ર, આદર્શ ભાઈ, આદર્શ પતિ અને આદર્શ રાષ્ટ્રસેવક રાજા કેવા હોવા જોઈએ, તે રામાયણના વિવિધ પ્રસંગોમાંથી શીખવા મળે છે. શ્રીરામકથા ફક્ત સાંભળવા ખાતર નહી, પરંતુ તેને જીવનમાં ઉતારવાથી જીવનની વ્યસ્થાઓ દૂર થતી હોવાનું જણાવી રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત જનમેદનીને આ કથાનો લાભ લેવા અને તેમાંથી જીવનઘડતરની પ્રેરણા મેળવવા અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતા તેમની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અત્યંત વ્યસ્ત હોવા છતાં મુખ્યમંત્રીશ્રી સતત જનસેવા માટે કાર્યરત રહે છે. તાજેતરમાં જ ટ્રેન પ્રવાસ કરી એક ગામની શાળામાં રાત્રિ રોકાણ કરવું અને અનુસૂચિત જાતિ પરિવારના આંગણે ભોજન લેવું એ તેમની સાદગી અને જનતા પ્રત્યેના લગાવનું ઉત્તમ ઉદાહરણ છે.

# રાજકોટમાં મેયરની હાજરીમાં ૧૦૦૦ કરતા વધુએ યોગ કર્યા: રેસકોર્સ સ્વિમિંગ પુલમાં ૧૫૭ મહિલા-બાળકોનો યોગાભ્યાસ

## યોગની ટ્રેનિંગ અને કોચિંગ બિલકુલ નિ:શુલ્ક અપાશે,લોકો ૩૬૫ દિવસ યોગનો લાભ લઈ શકશે,સ્વિમિંગ સાથે યોગ કરવાથી શારીરિક તંદુરસ્તી









તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ:
આજે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી જે અંતર્ગત રાજકોટ મનપા દ્વારા માધવરાવ સિંધિયા સ્ટેડિયમમાં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મેયર ડો. નેહલ શુક્લ અને રાજયસભાનાં સાંસદ રામ મોકરિયા તેમજ ધારાસભ્ય રમેશ ટીલાળાની હાજરીમાં ૧૦૦૦ કરતા વધારે લોકોએ યોગા કર્યા હતા.જિલ્લા કક્ષાની ઉજવણી ફૂટબોલ ગ્રાઉન્ડમાં કરવામાં આવી હતી. જેમાં મંત્રી કુંવરજી બાવળીયા અને કલેક્ટરની હાજરીમાં ૮૦૦થી વધારે લોકોએ યોગાસન કર્યા હતા. જ્યારે રેસકોર્સનાં સ્વિમિંગ પુલમાં ૧૫૭ મહિલાઓ અને બાળકો દ્વારા ખાસ એકવાયોગ (પાણીમાં યોગ) કરવામાં આવ્યા હતા. જે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ તકે રાજકોટનાં મેયર ડો. નેહલ શુક્લએ જણાવ્યું હતું કે, રાજકોટમાં લોકો ૩૬૫ દિવસ યોગ કરી શકે તે માટે ૪૦૦ કરતા વધુ સેન્ટર શરૂ કરવામાં આવશે.

મેયર ડો.નેહલ શુક્લએ જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન મોદીએ ૨૦૧૪માં પદ સંભાળતાની સાથે જ વૈશ્વિક સ્તરે ભારતની પ્રાચીન યોગ પદ્ધતિની નોંધ લેવાય તે દિશામાં મહત્વપૂર્ણ કાર્ય કર્યું હતું. તેમના આ પ્રશંસનીય પ્રયાસોના પરિણામે સમગ્ર વિશ્વમાં ૨૧ જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આજે વિશ્વના ૯૭ ટકા દેશો ભારતની આ પ્રાચીનતમ યોગ પદ્ધતિથી વાકેફ થયા છે. તેમજ તેને પોતાની જીવનશૈલીના એક ભાગ તરીકે અપનાવી ચૂક્યા છે. ૨૧ જૂનનો દિવસ ભૌગોલિક રીતે વિશ્વના ઘણા ભાગોમાં સૌથી લાંબો દિવસ હોય છે, જેથી આ ખાસ દિવસની પસંદગી કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં સહયોગથી 'ગુજરાત રાજ્ય યોગ બોર્ડ' સાથે મળીને રાજકોટ શહેરમાં ૪૨૬ જેટલા લોકેશન આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે. આ તમામ સેન્ટરો પર આગામી આખા વર્ષ દરમિયાન સવારે ૭:૦૦થી ૮:૦૦ વાગ્યા સુધી નાગરિકોને યોગની ટ્રેનિંગ અને કોચિંગ બિલકુલ નિ:શુલ્ક આપવામાં આવશે.આ વખતે 'હેલ્ધી એજિંગ'ના કન્સેપ્ટને ધ્યાનમાં રાખીને મેયર ડો. નેહલ શુક્લએ રાજકોટના સર્વે શહેરીજનોને પોતાના નજીકના યોગ સેન્ટરની મુલાકાત લઈ, યોગને દૈનિક જીવનશૈલીમાં વણીને નિરોગી રહેવા માટે ખાસ અપીલ કરી છે.

યોગ સેન્ટરો માટે થનારા ખર્ચ અંગે સ્પષ્ટતા કરતા મેયર ડો. નેહલ શુક્લએ જણાવ્યું હતું કે, આ સેન્ટરો શરૂ કરવા માટે મહાનગરપાલિકા દ્વારા કોઈપણ પ્રકારનો આર્થિક ખર્ચ ભોગવવામાં આવનાર નથી. મહાનગરપાલિકાએ માત્ર પોતાના હસ્તકની જગ્યાઓ જ ઉપલબ્ધ કરાવી છે. ગુજરાત સરકારના સહયોગથી ચાલતા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આ સેન્ટરો પર પ્રોફેશનલ યોગ કોચ અને શિક્ષકોની વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવશે. જેથી લોકો માત્ર ૨૧ જૂને નહીં ૩૬૫ દિવસ 'યોગ'નો લાભ લઇ શકશે.

બીજીતરફ રાજકોટના ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંત્રી કુંવરજી બાવળીયા અને જિલ્લા કલેક્ટર સહિત ૮૦૦ કરતા વધુ લોકોએ યોગ કર્યા હતા. જેમાં કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ બાદ માત્ર ભારત જ નહીં વિશ્વના ૧૯૦ દેશોએ યોગનું મહત્વ સ્વીકાર્યું છે. અને ૨૧ જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.આ ઉજવણી માત્ર એક દિવસનો કાર્યક્રમ નથી, પરંતુ તે વૈશ્વિક સ્તરે સ્વાસ્થ્ય - સુખાકારી પ્રત્યે જાગૃતિ લાવવાનું એક મહત્ત્વનું માધ્યમ છે. યોગ માત્ર શારીરિક કસરત જ નહીં પરંતુ માનસિક શાંતિ, ભાવનાત્મક સંતુલન અને આધ્યાત્મિક ઉન્નતિ પણ પ્રદાન કરે છે.

તો આ તરફ રેસકોર્સ સ્વિમિંગ પુલ ખાતે એકવાયોગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ આયોજનમાં ૧૦૭ મહિલાઓ સહિત કુલ ૧૫૭ લોકોએ પાણીની અંદર અલગ-અલગ યોગ કર્યા હતા. આજ રોજ મ્યુઝિકલ ડે પણ હોવાથી સમગ્ર યોગ સત્ર મ્યુઝિકલ થીમ ઉપર આધારિત રાખવામાં આવ્યું હતું. એક્વા યોગ કરનાર મહિલાઓના જણાવ્યા અનુસાર, પાણીમાં યોગ કરવાના અગણિત ફાયદા છે. જે શારીરિક મુવમેન્ટ સામાન્ય રીતે જમીન ઉપર કરવામાં તકલીફ પડતી હોય, તે પાણીના પ્રવાહ અને સપોર્ટને કારણે ખૂબ સરળતાથી અને આસાનીથી કરી શકાય છે.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, રાજકોટની એક પરંપરા રહી છે કે, મુખ્ય યોગ દિવસની ઉજવણી સાથે 'એક્વા યોગ'ને પણ જોડવામાં આવે છે. આ વર્ષે પણ અમારા સ્વિમિંગ પૂલ ખાતે મોટી સંખ્યામાં સ્વિમર્સ આ આયોજનમાં જોડાયા હતા. અમારી ટીમ દ્વારા સ્વિમિંગ સાથે યોગને જોડીને આખી ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. સ્વિમિંગ સાથે યોગ કરવાથી તે શારીરિક તંદુરસ્તી માટે ટ્રેનિંગના એક અલગ સ્તર તરીકે કામ કરે છે અને તેનાથી શરીરને ખૂબ જ સારો ફાયદો થાય છે.

તુષાર સુમેરાએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી દ્વારા આપવામાં આવેલા ૩૬૫ દિવસ યોગના આહ્વાનને વેગ આપવા રાજકોટને '15 Minutes Yoga City Rajkot' પણ જાહેર કરવામાં આવ્યું છે. નાગરિકોને યોગમય જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે આગામી સમયમાં પણ આ પ્રવૃત્તિઓ ચાલુ રાખવામાં આવશે.આજે યોગ દિવસની આ તમામ પ્રવૃત્તિઓમાં રાજકોટના નાગરિકોએ ખૂબ જ ઉત્સાહભેર અને મોટી સંખ્યામાં ભાગ લીધો છે. વહીવટી તંત્રની અપેક્ષા કરતાં પણ ઘણો સારો પ્રતિસાદ લોકો તરફથી મળ્યો છે, જે ખૂબ જ આનંદની વાત છે.

ઉલ્લેખનીય છે કે, આજના કાર્યક્રમમાં દરેક ઉંમરના લોકો, બાળકો, યુવાનો, વડીલો ઉત્સાહભેર જોડાયા હતા, જે દર્શાવે છે કે યોગ કોઈ ચોક્કસ વય જૂથ પૂરતો સીમિત નથી. યોગ દરેક વ્યક્તિ માટે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટેનો એક શક્તિશાળી માર્ગ છે. રાજ્ય યોગ બોર્ડ દ્વારા નાગરિકોને આ યોગ શિબિરનો લાભ લેવા કરવામાં આવેલો અનુરોધ સંપૂર્ણપણે સાર્થક થયો હતો, કારણ કે કાર્યક્રમ સ્થળ પર અભૂતપૂર્વ જનમેદની જોવા મળી હતી. આવા કાર્યક્રમો દ્વારા સમાજમાં યોગ પ્રત્યેની જાગૃતિ વધે છે અને લોકો સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત થાય છે.

# INTACH રાજકોટ ચેપ્ટર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગ વચ્ચે MoU

## ઈતિહાસ, સાંસ્કૃતિક ધરોહર અને સ્થાપત્ય વારસા, લોકપરંપરાઓ તેમજ સમુદાયોની સ્મૃતિઓના સંશોધન અને દસ્તાવેજીકરણ માટે સંયુક્ત રીતે કાર્ય કરાશે

રાજકોટ :રાજકોટ અને સૌરાષ્ટ્ર પ્રદેશના સાંસ્કૃતિક, સ્થાપત્ય, પ્રાકૃતિક તથા અમૂર્ત વારસાના સંશોધન, દસ્તાવેજીકરણ અને જાગૃતિ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડૉ.) ઉત્પલ એસ. જોશીની ઉપસ્થિતિમાં INTACH રાજકોટ ચેપ્ટર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુસ્નાતક ઈતિહાસ વિભાગ વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.



આ સમજૂતી કરાર અંતર્ગત બંને સંસ્થાઓ સ્થાનિક ઈતિહાસ, સાંસ્કૃતિક અને સ્થાપત્ય વારસા, લોકપરંપરાઓ તેમજ સમુદાયોની સ્મૃતિઓના સંશોધન અને દસ્તાવેજીકરણ માટે સંયુક્ત રીતે કાર્ય કરશે. સાથે સાથે હેરિટેજ વોક, સેમિનાર, વર્કશોપ, વ્યાખ્યાનમાળા, પ્રદર્શનો, ક્ષેત્ર અભ્યાસ, મૌખિક ઈતિહાસ પ્રકલ્પો અને વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવશે.

કુલપતિશ્રી ડૉ. ઉત્પલ એસ. જોશીએ આ પહેલને આવકારતાં જણાવ્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાઓનું કાર્ય માત્ર જ્ઞાન પૂરું પાડવાનું જ નથી, પરંતુ સમાજની સાંસ્કૃતિક અને ઐતિહાસિક ધરોહરને સમજવા અને જાળવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ સહયોગ વિદ્યાર્થીઓને પુસ્તકોની બહાર નીકળી સ્થાનિક ઈતિહાસ અને વારસાને નજીકથી જાણવાની તક આપશે અને સંશોધનને સમાજ સાથે વધુ અર્થપૂર્ણ રીતે જોડશે.

આ પ્રસંગે INTACH રાજકોટ ચેપ્ટરના કન્વીનર આર્કિટેક્ટ રિદ્ધિ શાહ તથા અનુસ્નાતક ઈતિહાસ વિભાગના વડા ડૉ. કલ્પા માણેકે જણાવ્યું હતું કે, આ પહેલ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અને 'નેશનલ મિશન ઑન કલ્ચરલ મેપિંગ' જેવી રાષ્ટ્રીય પહેલોના ઉદ્દેશોને અનુરૂપ છે અને સ્થાનિક ઈતિહાસ તથા વારસાના સંરક્ષણને વધુ મજબૂત બનાવશે. તેમણે ઉમેર્યું હતું કે, આજના સમયમાં સ્થાનિક પરંપરાઓ, સંસ્કૃતિ અને વારસાના વ્યવસ્થિત દસ્તાવેજીકરણની જરૂરિયાત સતત વધી રહી છે અને આ સહયોગ તે દિશામાં એક મહત્વપૂર્ણ યોગદાન સાબિત થશે.

પાંચ વર્ષ માટે અમલમાં રહેનારો આ કરાર ભવિષ્યમાં અનેક સંયુક્ત સંશોધન, દસ્તાવેજીકરણ અને જનજાગૃતિ પ્રકલ્પોને પ્રોત્સાહન આપશે તેમજ રાજકોટ અને સૌરાષ્ટ્રના સમૃદ્ધ વારસાને નવી પેઢી સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# NCC કેડેટ્સને હાઈટેક ડિજિટલ કવચની તાલીમ અપાઈ

રાજકોટ:
આજના ડિજિટલ યુગમાં દેશની વર્ચ્યુઅલ સરહદોને સુરક્ષિત રાખવા માટે ગુજરાત NCC નિર્દેશાલયે એક ઐતિહાસિક પહેલ કરી છે. ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે ૨૯ જૂન, ૨૦૨૬ સુધી રાષ્ટ્રીય કક્ષાના પ્રથમ 'સાયબર ડિફેન્ડર કેમ્પ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના તકનીકી સહયોગથી શરૂ થયેલા આ કેમ્પ દ્વારા દ્રઝઝ કેડેટ્સને ભવિષ્યના હાઈટેક 'સાયબર વોરિયર્સ' તરીકે તૈયાર કરવામાં આવશે, જેઓ ઓનલાઈન આફતો સામે દેશના ડિજિટલ સંગઠનોનું રક્ષણ કરશે.

આ નવતર શિબિરનું ગરિમાપૂર્ણ ઉદ્ઘાટન ગુજરાત સરકારના શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દ્રઝઝ ગુજરાતના એડિશનલ ડિરેક્ટર જનરલ મેજર જનરલ બિમલ મોંગા, એસએમ, વીએસએમ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# કોળી સમાજના પ્રમુખપદને લઈ કુંવરજી બાવળિયાનું મોટું નિવેદન

## સમાજ મને સર્વસંમતિથી પદ સોંપશે તો જ હું સ્વીકારીશ, ચૂંટણી નહીં લડું

રાજકોટ:
કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા આજે રાજકોટ આવી પહોંચ્યા હતા. જેમાં બે સૌથી મોટા અને સંવેદનશીલ મુદ્દાઓ અંગે મહત્વની જાહેરાતો કરી હતી. એકતરફ તેઓએ સમગ્ર સૌરાષ્ટ્રના જનજીવન અને ખેતીને સીધી અસર કરતા પાણીના ગંભીર પ્રશ્ન પર સરકારના એક્શન પ્લાનની વિગતો આપીને લોકોને મોટું આશ્વાસન આપ્યું હતું. બીજીતરફ છેલ્લા ઘણા સમયથી ભારે વિવાદો અને ચર્ચાઓના કેન્દ્રમાં રહેલા અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ પદની ખેંચતાણ અંગે પોતાની રાજકીય અને સામાજિક સ્થિતિ એકદમ સ્પષ્ટ કરી હતી. અને જણાવ્યું કે, કોળી સમાજ સર્વસંમતિથી પ્રમુખ પદ સોંપશે તો જ હું સ્વીકારીશ, ચૂંટણી નહીં લડું. મંત્રીનાં આ સત્તાવાર નિવેદનોના કારણે સમગ્ર રાજ્યના સામાજિક અને રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે.છેલ્લા કેટલાક સમયથી અખિલ ભારતીય



કોળી સમાજના સર્વોચ્ચ અધ્યક્ષ પદને લઈને ચાલી રહેલા આંતરિક વિવાદો, જૂથબંધી અને ખેંચતાણના મામલે પણ કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ તમામ અટકળોનો અંત આણતું મોટું નિવેદન આપ્યું હતું. આ અંગે તેમણે જણાવ્યું હતું કે, હું કોઈ નવો ચહેરો નથી, હું અગાઉ પણ અખિલ ભારતીય કોળી સમાજમાં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે લાંબા સમય સુધી સફળતાપૂર્વક અને ગૌરવપૂર્વક જવાબદારી નિભાવી ચૂક્યો છું. બંધારણીય અને વર્તમાન વહીવટી પરિસ્થિતિ મુજબ હજુ આગામી ૬ મહિના સુધી હું જ આ પદ પર સત્તાવાર રીતે રહેવાનો છું.

આ નિર્ધારિત ૬ મહિનાના મર્યાદિત કાર્યકાળ દરમિયાન સમાજના સંગઠનને રાષ્ટ્રીય સ્તરે લોકશાહી ઢબે મજબૂત કરવા માટે ઈલેક્શન, સિલેક્શન અને નવી સત્તાવાર મતદાર યાદી તૈયાર કરવાની તમામ કાયદાકીય પ્રક્રિયાઓ મારા સીધા માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવશે. અધ્યક્ષ પદની આગામી ચૂંટણી લડવા અંગે સ્પષ્ટતા કરતા કુંવરજી તેમણે કહ્યું કે, મારા કાર્યકાળમાં જે નવી અને સુધારાવાળી મતદાર યાદી તૈયાર થવાની છે, તેના આધારે હું પોતે ભવિષ્યમાં કોઈ ચૂંટણી લડવાનો નથી. જો સમગ્ર કોળી સમાજના આગેવાનો, વડીલો અને કાર્યકરો એકતા બતાવીને, કોઈ પણ પ્રકારના આંતરિક વિખવાદ વગર સર્વસંમતિથી (બિનહરીફ) મને ફરીથી અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપશે, તો જ હું સમાજના હિતમાં તેનો સ્વીકાર કરીશ. જો સમાજમાં ખેંચતાણ હશે તો હું સામેથી કોઈ ચૂંટણી લડવા કે પદ મેળવવા માટે દાવેદારી કરવાનો નથી.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી




રાજકોટ: પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં આજે ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ–૨૦૨૬ની થીમ "સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ છે. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા માર્ગદર્શિકા અનુસાર, રાજકોટ સ્થિત કોઠી કમ્પાઉન્ડ રેલવે ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સવારે ૬:૦૦ થી ૭:૫૦ વાગ્યા સુધી યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની શરૂઆત વંદે માતરમ્ સાથે થઈ હતી.

વિશ્વ પ્રસિદ્ધ પતંજલિ યોગ સમિતિ, રાજકોટ કેન્દ્રના યોગ પ્રશિક્ષકો શ્રી ગોપાલ શર્મા અને શ્રી કિશોરભાઈ રાઠોડ તેમજ તેમની ટીમની દોરવણી હેઠળ રેલવેના અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારોને આયુષ મંત્રાલય દ્વારા નિર્ધારિત કોમન યોગ પ્રોટોકોલ અંતર્ગત વિવિધ યોગાશન, પ્રાણાયામ અને ધ્યાન સંબંધિત અભ્યાસ કરાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, યોગાશન, પ્રાણાયામ અને ધ્યાનને દૈનિક જીવનનો હિસ્સો બનાવવો જોઈએ અને પોતાના પરિવારજનોને પણ આ માટે પ્રેરિત કરવા જોઈએ, જેથી દરેક વ્યક્તિ માનસિક અને શારીરિક રીતે નિરોગી અને સ્વસ્થ રહી શકે.

સામૂહિક યોગ અભ્યાસના આ કાર્યક્રમમાં એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી બ્રિજેશ કુમાર સિંહ, સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી અમૃત વી. સોલંકી, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન રાજકોટના અધ્યક્ષા શ્રીમતી મુકેશી મીના, સંગઠનના અન્ય સભ્યો, રેલવે સુરક્ષા દળ, સ્કાઉટ્સ અને ગાઈડ્સ, સિવિલ ડિફેન્સ રાજકોટની ટીમ તેમજ મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ, અધિકારીઓ અને તેમના પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત સાથે કરવામાં આવ્યું હતું.

# અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજકોટ સ્ટેશનને મળશે નવી ઓળખ

## લેવલ ક્રોસિંગ સંખ્યા ૧૨૫ના સ્થાને બની રહ્યો છે રોડ અંડર બ્રિજ

રાજકોટ:
પશ્ચિમ રેલવેના રાજકોટ સ્ટેશનના પુનઃવિકાસ કાર્યો અંતર્ગત 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ સ્ટેશનના દ્વિતીય પ્રવેશદ્વાર (સેકન્ડ એન્ટ્રી)ના વિકાસ કાર્યોને ગતિ આપવામાં આવી રહી છે. આ જ ક્રમમાં રાજકોટ યાર્ડમાં આવેલા લેવલ ક્રોસિંગ સંખ્યા ૧૨૫ ને નાબૂદ કરવાનું મહત્વપૂર્ણ કાર્ય મંજૂર કરવામાં આવ્યું છે. આ લેવલ ક્રોસિંગના સ્થાને સડક વાહનવ્યવહારને અવરોધરહિત, સુરક્ષિત અને સુગમ બનાવવા માટે રોડ અંડર બ્રિજ (ગરનાળા) નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં રાજકોટ સ્ટેશન યાર્ડમાં રોડ અંડર બ્રિજનું નિર્માણ કાર્ય ખૂબ જ ઝડપથી પ્રગતિ પર છે. આ પરિયોજના અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત વિકસાવવામાં આવી રહેલા રાજકોટ સ્ટેશનના સેકન્ડ એન્ટ્રી વિસ્તારનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેના પૂર્ણ થવાથી સ્ટેશન સુધી પહોંચવું વધુ સુવિધાજનક અને વ્યવસ્થિત બનશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પરિયોજના અંતર્ગત અત્યાધુનિક "કટ એન્ડ કવર" ટેકનિકના માધ્યમથી પ્રીકાસ્ટ આરસીસી બોક્સનું લોન્ચિંગ અને સ્થાપન કરવામાં આવી રહ્યું છે. રેલવે ટ્રેકની નજીક મર્યાદિત કાર્યસ્થળ હોવા છતાં અને રેલ પરિવહનને અસર કર્યા વિના કાર્ય



પૂર્ણ કરવાના પડકારને જોતાં, અત્યંત ઉચ્ચ ક્ષમતા ધરાવતી ક્રેનની મદદથી આ કામગીરી કરવામાં આવી રહી છે.

આ મહત્વપૂર્ણ પરિયોજના હેઠળ તાજેતરમાં જ આરસીસી બોક્સના લોન્ચિંગ અને પ્લેસમેન્ટ માટે મેગા ટ્રાફિક અને પાવર બ્લોક સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. નિર્ધારિત બ્લોક સમયગાળા દરમિયાન રેલવે પ્રશાસન દ્વારા ભારે મશીનરી અને મોટી સંખ્યામાં માનવબળ તૈનાત કરવામાં આવ્યું હતું.

કાર્યસ્થળ પર ૭૫૦ મેટ્રિક ટન, ૬૦૦ મેટ્રિક ટન અને ૩૦૦ મેટ્રિક ટન ક્ષમતા ધરાવતી ત્રણ અત્યાધુનિક હેવી ક્રેન, ચાર હાઈડ્રોલિક એક્સ્કેવેટર, સાત ડમ્પર/ટીપર તેમજ આશરે ૭૫ કુશળ અને અકુશળ શ્રમિકો સાથે ઈજનેરો અને સુપરવાઈઝરોની ટીમને તૈનાત કરવામાં આવી હતી. તમામ વિભાગોના સંકલિત પ્રયાસોથી આરસીસી બોક્સના લોન્ચિંગ અને પ્લેસમેન્ટનું કાર્ય નિર્ધારિત સમયમર્યાદામાં સુરક્ષિત અને સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

આ પરિયોજના પૂર્ણ થયા બાદ રાજકોટના શહેરવાસીઓને રેલવે ફાટક પર થતા ટ્રાફિક જામ અને અવરોધોમાંથી મુક્તિ મળશે. સાથે જ સડક વાહનવ્યવહાર વધુ સુરક્ષિત, સુગમ અને ઝડપી બનશે. આ ઉપરાંત, સ્ટેશનના સેકન્ડ એન્ટ્રી વિસ્તારને વધુ સારી કનેક્ટિવિટી મળશે, જેથી મુસાફરો અને સ્થાનિક નાગરિકો બંનેને લાંબાગાળાનો લાભ થશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## શક્તિની રાજનીતિ વચ્ચે શાંતિની શોધ

અમેરિકાના જીદ્દી અને દબાણ આધારિત વિદેશ નીતિના અભિગમે વર્ષોથી મધ્ય પૂર્વને અશાંતિના કેન્દ્રમાં રાખ્યું છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને વોશિંગ્ટન દ્વારા સતત અપનાવવામાં આવેલા કડક વલણ, આર્થિક પ્રતિબંધો અને રાજકીય દબાણના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો લાંબા સમયથી તંગ રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન આ તણાવ વધુ ઉગ્ર બન્યો હતો અને સમગ્ર મધ્ય પૂર્વ ફરી એકવાર સંઘર્ષના ભય હેઠળ આવી ગયો હતો. જોકે તાજેતરમાં જાહેર થયેલા યુદ્ધવિરામના નિર્ણયથી પ્રદેશમાં આશાનું નવું કિરણ દેખાયું છે.વિશ્વ રાજકારણમાં અમેરિકા અને ઈરાનનો વિવાદ માત્ર બે દેશો વચ્ચેની સમસ્યા નથી. તેની સીધી અસર મધ્ય પૂર્વના અનેક દેશો પર પડે છે. જ્યારે પણ બંને દેશો વચ્ચે તણાવ વધે છે ત્યારે તેલના ભાવથી લઈને વૈશ્વિક અર્થતંત્ર સુધી અનેક ક્ષેત્રોમાં તેની અસર અનુભવાય છે. આ કારણે તાજેતરની સમજૂતીને માત્ર રાજદ્વારી ઘટના તરીકે નહીં પરંતુ વૈશ્વિક સ્થિરતા સાથે જોડાયેલા મહત્વપૂર્ણ વિકાસ તરીકે જોવામાં આવી રહી છે.પરમાણુ કાર્યક્રમનો પ્રશ્ન આ સમગ્ર વિવાદનું કેન્દ્રબિંદુ રહ્યો છે. અમેરિકાનું માનવું રહ્યું છે કે ઈરાનની પરમાણુ પ્રવૃત્તિઓ ભવિષ્યમાં સુરક્ષા માટે ગંભીર પડકાર ઊભો કરી શકે છે. બીજી તરફ ઈરાન હંમેશાં એવો દાવો કરતું આવ્યું છે કે તેની પરમાણુ યોજનાઓ ઊર્જા અને વૈજ્ઞાનિક વિકાસ માટે છે. બંને પક્ષોની આ વિપરીત માન્યતાઓએ વર્ષો સુધી અવિશ્વાસનું વાતાવરણ ઊભું રાખ્યું હતું.તાજેતરમાં થયેલી સમજૂતીમાં બંને દેશોએ સંવાદ દ્વારા આગળ વધવાની તૈયારી દર્શાવી છે. પરમાણુ સામગ્રીના સંચાલન અને તેની દેખરેખ અંગે કેટલીક પ્રાથમિક સમજણ વિકસાવવામાં આવી હોવાનું માનવામાં આવે છે. જોકે ઘણા મહત્વના મુદ્દાઓ હજુ પણ ચર્ચાના તબક્કામાં છે. આગામી અઠવાડિયાઓમાં થનારી બેઠકોમાં આ મુદ્દાઓ પર વધુ સ્પષ્ટતા આવશે.

ઈરાન સામેના આર્થિક પ્રતિબંધો પણ આ સમગ્ર સમીકરણનો મહત્વપૂર્ણ ભાગ છે. પ્રતિબંધોના કારણે ઈરાનની અર્થવ્યવસ્થાને વર્ષોથી ભારે નુકસાન સહન કરવું પડ્યું છે. ઉદ્યોગ, વેપાર અને તેલની નિકાસ પર પડેલી અસરના કારણે સામાન્ય નાગરિકોના જીવન પર પણ તેની ગંભીર અસર જોવા મળી છે. હવે જો પ્રતિબંધોમાં આંશિક રાહત મળે તો ઈરાનની અર્થવ્યવસ્થાને નવી ગતિ મળી શકે છે. જોકે આ પ્રક્રિયા સરળ નથી અને તે બંને દેશો વચ્ચેના વિશ્વાસના સ્તર પર નિર્ભર રહેશે.મધ્ય પૂર્વના રાજકારણમાં ઇઝરાયલનું સ્થાન પણ અત્યંત મહત્વપૂર્ણ છે. ઇઝરાયલે હંમેશાં ઈરાનની પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેના મતે માત્ર આર્થિક સમજૂતીથી સુરક્ષાના પ્રશ્નોનો અંત આવતો નથી. આ કારણસર ઇઝરાયલના કેટલાક રાજકીય વર્તુળોમાં યુદ્ધવિરામ અંગે સાવચેતીભર્યો અભિગમ જોવા મળી રહ્યો છે. તેમની દ્રષ્ટિએ ભવિષ્યમાં પ્રદેશની સુરક્ષા માટે વધુ મજબૂત ખાતરીઓ જરૂરી છે.લેબનોન સહિતના વિસ્તારો માટે આ સમજૂતી વિશેષ મહત્વ ધરાવે છે. લાંબા સમયથી સંઘર્ષ અને રાજકીય અસ્થિરતાના કારણે સામાન્ય નાગરિકો સૌથી વધુ પ્રભાવિત થયા છે. યુદ્ધવિરામ પછી લોકોમાં સામાન્ય જીવન તરફ પાછા ફરવાની આશા જાગી છે. તેમ છતાં વાસ્તવિક શાંતિ ત્યારે જ સ્થાપિત થશે જ્યારે જમીન પરની પરિસ્થિતિમાં સ્થાયી સુધારો જોવા મળશે.આ સમગ્ર ઘટનાક્રમ એક મહત્વપૂર્ણ પાઠ પણ શીખવે છે. આધુનિક યુગમાં સૈન્ય શક્તિ અને આર્થિક દબાણ દ્વારા તાત્કાલિક પરિણામો મેળવી શકાય, પરંતુ કાયમી ઉકેલ માટે સંવાદ અને સમજણ અનિવાર્ય છે. યુદ્ધો વિનાશ લાવે છે, જ્યારે ચર્ચા અને સહમતિ વિકાસનો માર્ગ ખોલે છે. મધ્ય પૂર્વે છેલ્લા ઘણા દાયકાઓમાં સંઘર્ષના અનેક દૃશ્યો જોયા છે. હવે આ વિસ્તારને સ્થિરતા, વિકાસ અને શાંતિની વધુ જરૂર છે.

# રોટલો જ જેમનો ઈશ્વર છે તેમની પાસે કલ્યાણની વાત શી રીતે લઈ જવી?

**કરંટ ટૉપિક**

ખંભાતના અખાતના પૂર્વ ભાગે ખાડીના કાંઠાનો ભાગ ભાલ પંથક તરીકે જાણીતો છે. ભરૂચ જિલ્લાના ખારાપટમાં આવેલ ગામ ગાંધાર એક જમાનામાં ધીકતું બંદર હતું, પણ પછી કાળક્રમે વિશાળ ખારી જમીન, થોડા માછીમારો, અગરિયાઓ અને તેમને ભરડો લઈ બેઠેલી ગરીબી સિવાય કાંઈ બચ્યું ન હતું. કપરા કાળમાં કુદરતે સહાય કરી. ગાંધારના પેટાળમાંથી તેલના ભંડાર ઉલેચાયા. આજે અને હવેના દશ વર્ષ દરમ્યાન ક્રમશઃ ગાંધાર તેલક્ષેત્રથી વર્ષે ૨૫૦૦ કરોડનું પ્રાકૃતિક તેલ અને ગેસ ઉત્પન્ન થશે.

પરંતુ આ વિકાસનો લાભ ગાંધાર, ચાંચવેલ અને પહાજનાં ગામડાંઓમાં શોધ્યો જડતો નથી. રાઠોડિયા જાતિના આદિવાસી ગ્રામનિવાસીઓનાં ઝૂંપડાંમાં આજે તેલકૂવાઓના ભડકાઓના અજવાળે માટીનાં હાંડલાંમાં માંડ બે કોળિયા રંધાય છે. ઉપર આભ અને નીચે ધરતીના સહારે જીવતા રાઠોડિયાઓ, સવારે ઘર-બાર છોડી ચાર-છ કિલોમીટરની ખાડી ખૂંદી માછલાં વીણે છે. તેમનાં નાનાં ટાબરિયાંઓ પણ આ કાળી મજૂરીમાં તેમની સાથે રહે છે. માંદાં બાળકો ઘરે પડ્યાં રહે. આ કપરી સ્થિતિમાં છોકરાંઓને ભણવાનું શું કે રમવાનું શું ? જીવન ટકાવી રાખવાના સંઘર્ષમાં જ રાઠોડિયાનું આયખું પૂરું થાય છે. આમાં, તેમનાં બાળકોના શિક્ષણની વાત કેમ કરી શકાય?

આપણા પ્રાંતમાં આવા કંગાલિયતના પ્રતીક અનેક રાઠોડિયાઓ હશે. એક ગામથી બીજે ગામ ભટકતા અને છૂટક વ્યવસાય કરતા સરાણિયા, ટોપલિયા, વણજારા, બજાણિયા અને બીજા અનેક ગણાવી શકાય. આ લોકો ગામના પાદરે અડિંગા નાખે છે, ત્યારે તેમની દિનચર્યા જોતાં એ જાણવા મળે છે કે વહેલી સવારે અને મોડી સાંજે મોટેરાંઓ સાથે નાનાં બાળકો હરે-ફરે છે, પણ બાકીનો સમય તો બાળકો સાવ રેઢાં ને રેઢાં મોટાં થતાં હોય છે,બંધારણે અપનાવેલ સમાજવાદી સમાજરચનામાં કોઈ એક અધિક સંપત્તિનો માલિક બને, તે અનૈતિક બને છે ત્યારે મુઠ્ઠીભર સુખીસંપન્ન વર્ગ પોતાનાં બાળકો સાથે ગમતી રમતો રમે, જાત-જાતની વહાલસોયી વાર્તાઓ છેડે અને ગરીબોનાં બાળકો આ સંપત્તિથી સાવ વંચિત રહે તે કેટલું ન્યાયી કહેવાય. "એકને ગોળ અને બીજાને ખોળ પણ નહીં અને માત્ર ખારો" તે કેવું ?

યુનાઈટેડ ના મલ્ટી ડાયમેંશનલ ઈન્ડેક્સનો આધાર લઈએ તોપણ આજે દેશમાં ૨૩. ૪ કરોડ લોકો ગરીબીની રેખાથી પણ નીચું જીવનધોરણ ભોગવે છે અને દરેક ગરીબ કુટુંબમાં એક બાળ-મજૂર ઘર ચલાવવામાં હિસ્સેદાર બને છે. ગરીબ માબાપનાં બાળકો માટે મજૂરી એ જ ઉપાય બચે છે. તે પરિસ્થિતિમાં આજે દેશમાં ૭.૫ કરોડ બાળકો માટે બાળસુખ જેવી કોઈ પરિસ્થિતિ નથી. બાળ શ્રમિક સંગઠિત બની શકતો નથી. ગતિશીલ બની શકતો નથી, પોતાની સીમાન્ત ઉત્પાદકતા જેટલું વેતન મેળવી શકતો નથી. માહિતી અથવા તો કૌશલ્ય ઉત્પાદનની ચાવી બની શકે છે પરંતુ રેઢા ઉછરેલા બાળકના ભાગે પ્રાથમિક શિક્ષણ પણ ઉપલબ્ધ ન હોય, તેઓ આજીવન વેઠિયા રહી જાય છે. ગુજરાત રાજ્યમાં વંચિત બાળકો માટે દરિદ્રનારાયણ નામે ખાસ યોજના હોવા છતાં આજે રાજ્યમાં અભ્યાસ કરવા યોગ્ય બાળકોમાંથી ૬.૪ લાખ બાળકો પ્રાથમિક કક્ષાએ જ શાળા છોડી દે છે. જ્યારે બીજી તરફ રાજ્ય સરકાર માધ્યમિક કક્ષા સુધી પહોંચેલા બાળકો માટે વાર્ષિક રૂ. ૬૩. ૧૮૪ કરોડ ખર્ચ કરે છે અને તેઓ માટે એન.સી.સી., એન.એસ.એસ., સ્કાઉટિંગ, પર્યાવરણ મંડળ જેવી ઈતર શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે વધારાનો ખર્ચ કરે છે.બાળશિક્ષણના હિમાયતીઓ દઢપણે માને છે કે "બાળશિક્ષણ માનવ-જાતની પ્રગતિનું કેન્દ્રબિંદુ છે, અને માનવ સમુદાયે પોતાની સંસ્કૃતિ અને પ્રગતિનું જતન કરવું હશે તો બાળકોને શિક્ષણ આપવા સિવાય બીજો કોઈ માર્ગ નથી." બાળકોના મનોવૈજ્ઞાનિક ઉછેર માટે કાર્યરત સંસ્થાઓની દીવાલો ઉપર વાલીઓ માટે બોધ લખેલો હોય છે કે, "બાળકોને મારશો તો બાળક નફરત કરતું થશે. બાળકોને તરછોડશો તો બાળક સંકુચિત બનશે. બાળકોને પ્રેમ નહીં આપો તો બાળકો સ્વાર્થી બનશે." પરંતુ કમનસીબે બાળશિક્ષણકારોની ફરજનિષ્ઠા પણ શાળામાં જતાં બાળકો મટે એકતરફી છે.

આમ રાજ્યની વ્યવસ્થા સાથે સંકળાયેલા વહીવટી તંત્ર માટે, તેમ બાળ-શિક્ષણકારો માટે ભણતું બાળક મનોવૈજ્ઞાનિક ઘટના બને છે. જ્યારે રખડતું-રેઢું, મજૂરી કરતું બાળક જૈવિક રાસાયણિક પ્રક્રિયા બને છે, જે ખરેખર શોચનીય છે. ગાંધીજીએ આ ભાવના વ્યક્ત કરતાં કહ્યું છે કે, "કરોડો લોકોને પૂરતું ખાવાનું ન મળતું હોય અને રોજીના અભાવે સ્વમાનશૂન્ય રહેવું પડે તે કેવડી મોટી આપત્તિ કહેવાય ? જેમની આંખોમાં જરાયે તેજ નથી અને રોટલો એ જ જેમનો ઈશ્વર છે તેમની પાસે કલ્યાણની વાત શી રીતે લઈ જવી ?".

આ પરિસ્થિતિનો ઉકેલ સાધનસંપન્ન નાગરિકોએ સ્વ જવાબદારી ના ભાગરૂપે સ્વીકારવો રહ્યો. સમાજના સુખી સંપન્ન લોકોએ ઘર આસપાસ રેઢાં ઊછરતાં બાળકોની કાળજી લેતા પોતાનાં સંતાનોનાં જૂનાં કપડાં, રમકડાં, પુસ્તકો, ચિત્રો, ગરીબ બાળકો સુધી પહોંચાડે . અવકાશે શ્રમિક બાળકોને નિવાસે ટી.વી. જોવા બેસાડે , એકાદ વર્તા કહી જુઓ. તેમની પાસે સર્જનાત્મક મનોરંજક પ્રવૃત્તિઓ મૂકો અને જુઓ વંચિત બાળકોના જીવનમાં આનંદની લહેર અનુભવાશે.

આજનું બાળક આવતી કાલનું ભવિષ્ય છે તે વાત જેટલી આપણાં પોતાનાં 'બાળકો માટે લાગુ કરી શકાય તેટલી જ બીજાનાં બાળકોના સંદર્ભમાં પણ લાગુ પડતી હોય છે. એકાદબે માબાપોના સ્વસ્થ નાગરિકો વચ્ચે હજારા રેઢાં ઉછરેલાં નાગરિકોનાં ટોળાંઓથી દેશના સ્વસ્થ વિકાસનો વિચાર પાંગળો બની રહે છે.

સમાજનો એકાંગી વિકાસ હિતકારી નથી, તેમ સમાજના કોઈ એકાદ વર્ગનાં બાળકોનો સર્વાંગી વિકાસ પણ સામાજિક વિકાસ સંબંધે સાર્વત્રિક રહેતો નથી. તે વેળાએ બાળઉછેરની પ્રક્રિયાને આવશ્યક માનતાં કુટુંબો આસપાસનાં ગરીબ બાળકોના ઉછેરમાં કંઈક હિસ્સો આપે તો બાળઉછેરની પ્રક્રિયા એકાંગી બનતી અટકશે.

# યોગને વૈશ્વિક આપનાર યોગગુરૂ આર.જે.જાડેજા

**સંસ્કારભૂમિ ભાવનગરમાં એક એવી વ્યક્તિ વસે છે જેને યોગની જીવતી જાગતી યુનિવર્સિટિ કહી શકાય વિશ્વ લેવલે ભાવનગરના ડોક્ટર આર જે જાડેજાએ યોગને એક નવી ઓળખ આપી. અને ભારતીય સંસ્કૃતિનું નામ રોશન કર્યું. ૮૦ + વર્ષની ઉંમરે પણ આજે તે યોગાસન કરીને પ્રેરક કામ કરી રહ્યા છે**

**પ્રાંસગિક — સુરેશ ભટ્ટ**

ભારતની પ્રાચીન સંસ્કૃતિએ વિશ્વને અનેક અમૂલ્ય ભેટો આપી છે, જેમાં યોગનું સ્થાન સર્વોચ્ચ ગણાય છે.

યોગના સંસ્કાર વારસાને આપણે ભૂલી ચૂક્યા હતા. બીજી બાજુ વિશ્વની અંદર યોગને નામે જે કંઈ ચાલી રહ્યું હતું. તને ભારતી યોગ પરંપરા સાથે સ્નાનસુતકનો પણ સંબંધ નહોતો.

વિદેશી યોગ સૌંદર્ય અને શારીરિક એકત્રેક્શન વધારવા માટે નો પર્યાય બની ચૂક્યો હતો. યોગને નામે વિલાસીનતાને ઉત્તેજન મળવા લાગ્યું. આવા સંજોગોમાં ભારતીય યોગ પરંપરામાં સાચી દિશા કોઈ આપી હોય તો તેમાં સૌથી આગળ પડતું નામ બાબા રામદેવ અને ભાવનગરના યોગગુરૂ ડોક્ટર આર જે જાડેજા નુ પ્રદાન સૌથી અમૂલ્ય ગણી શકાય. તેમને હજારો યુવતીઓને યોગનું પ્રશિક્ષણ આપ્યું. પોતાની ઉંમર કરતાં વધુ મેડલો મેળવનાર દીકરીઓ તેમણે તૈયાર કરી તદુપરાંત વિશ્વ લેવલે યોગને રમતગમતના ક્ષેત્રમાં એક નવો આયામ આપ્યો. તેઓ કહે છે કે

યોગ માત્ર શરીરની કસરત નથી પરંતુ જીવનને સંતુલિત, સ્વસ્થ અને સકારાત્મક બનાવતી એક વૈજ્ઞાનિક જીવનપદ્ધતિ છે. મહર્ષિ પતંજલિએ વર્ણવેલા અષ્ટાંગ યોગમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ જેવા આઠ અંગોનો સમાવેશ થાય છે. આ આઠ પગથિયાં વ્યક્તિના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસનો માર્ગ દર્શાવે છે.

યોગની વિવિધ પદ્ધતિઓમાં સૂર્યનમસ્કારને વિશેષ સ્થાન પ્રાપ્ત થયું છે. બાર આસનોના સમન્વયથી બનેલો સૂર્યનમસ્કાર શરીરના લગભગ તમામ સ્નાયુઓને સક્રિય બનાવે છે. નિયમિત સૂર્યનમસ્કારથી શરીરમાં લવચીકતા વધે છે, રક્તપરિભ્રમણ સુધરે છે, પાચનતંત્ર મજબૂત બને છે અને મનમાં નવી ઊર્જાનો સંચાર થાય છે. આજના ઝડપી અને તણાવભર્યા જીવનમાં સૂર્યનમસ્કાર આરોગ્ય જાળવવાનો સરળ અને અસરકારક માર્ગ બની રહ્યો છે.

યોગનું મૂળ ભારતની ઋષિ પરંપરામાં રહેલું હોવા છતાં આજે તે સમગ્ર વિશ્વની જીવનશૈલીનો એક અગત્યનો ભાગ બની ગયો છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી એ ભારતના આ અમૂલ્ય વારસાના વૈશ્વિક સ્વીકારનું પ્રતીક છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ભારતથી વિશ્વ સુધીની યાત્રા અનોખી છે.એક સમય એવો હતો જ્યારે યોગને માત્ર ભારતીય પરંપરા સાથે જોડીને જોવામાં આવતો હતો. પરંતુ એકવીસમી સદીમાં યોગની ઉપયોગિતા અને વૈજ્ઞાનિકતા સમગ્ર વિશ્વ સમક્ષ સ્પષ્ટ થવા લાગી. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં યોગને વૈશ્વિક આરોગ્ય અને માનવ કલ્યાણ માટે મહત્વપૂર્ણ સાધન તરીકે રજૂ કર્યો હતો. તેમના આ પ્રયાસને અભૂતપૂર્વ સમર્થન મળ્યું અને વિશ્વના અનેક દેશોએ યોગને માનવજાત માટે ઉપયોગી વારસો ગણાવી તેનો સ્વીકાર કર્યો.પરિણામે સંયુક્ત રાષ્ટ્રસંઘે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો. ત્યારથી દર વર્ષે વિશ્વના અનેક દેશોમાં લાખો લોકો યોગ દિવસની ઉજવણીમાં જોડાય છે. અમેરિકા, કેનેડા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલિયા, જાપાન, રશિયા અને આફ્રિકાના અનેક દેશોમાં વિશાળ યોગ કાર્યક્રમો યોજાય છે. શહેરોના જાહેર મેદાનો, યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સૈનિક છાવણીઓ અને સરકારી કચેરીઓમાં યોગાભ્યાસ કરવામાં આવે છે.

યોગ દિવસની ઉજવણી માત્ર પ્રતીકાત્મક કાર્યક્રમ નથી. તેના માધ્યમથી સમગ્ર વિશ્વને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપવામાં આવે છે. આધુનિક જીવનમાં વધતા તણાવ, હૃદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને માનસિક અસ્વસ્થતા જેવી સમસ્યાઓ સામે યોગ એક સરળ અને અસરકારક ઉપાય તરીકે ઉભરી આવ્યો છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ભારતની સાંસ્કૃતિક ઓળખને નવી વૈશ્વિક પ્રતિષ્ઠા આપી છે. આજે વિશ્વના કરોડો લોકો યોગને માત્ર કસરત નહીં પરંતુ જીવન જીવવાની કળા તરીકે અપનાવી રહ્યા છે. આ ભારતના જ્ઞાન, સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરાની વૈશ્વિક સ્વીકૃતિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.આધુનિક ઉચ્ચ શિક્ષણમાં માત્ર માહિતી પ્રાપ્ત કરવી પૂરતી નથી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શારીરિક તંદુરસ્તી, માનસિક સંતુલન અને ભાવનાત્મક સ્થિરતા પણ એટલી જ જરૂરી બની ગઈ છે. કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પર અભ્યાસ, કારકિર્દી અને સ્પર્ધાનું સતત દબાણ રહે છે. આવી સ્થિતિમાં યોગ તેમને આંતરિક શક્તિ અને એકાગ્રતા પ્રદાન કરે છે.

વિશ્વની અનેક પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં યોગ અને વેલનેસ અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતમાં પણ અનેક યુનિવર્સિટીઓ યોગવિજ્ઞાનમાં ડિગ્રી, ડિપ્લોમા અને સંશોધન કાર્યક્રમો ચલાવી રહી છે. યોગ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, શિસ્ત, સંયમ અને નેતૃત્વ જેવા ગુણોનો વિકાસ થાય છે.

ધ્યાન અને પ્રાણાયામના નિયમિત અભ્યાસથી મગજની કાર્યક્ષમતા વધે છે અને એકાગ્રતા મજબૂત બને છે. પરીક્ષાની તૈયારી દરમિયાન વિદ્યાર્થીઓને થતો તણાવ પણ નોંધપાત્ર રીતે ઘટે છે. આ કારણે યોગ હવે માત્ર વૈકલ્પિક પ્રવૃત્તિ નહીં પરંતુ શિક્ષણનો મહત્વપૂર્ણ હિસ્સો બની રહ્યો છે.વિશ્વસ્તરે યોગને રમતગમત તરીકે ઓળખ અપાવવામાં યોગગુરૂ આર. જે. જાડેજાનું યોગદાન ગુજરાત અને ખાસ કરીને ભાવનગર માટે ગૌરવની વાત છે કે યોગને રમતગમતના ક્ષેત્રમાં પ્રતિષ્ઠા અપાવવામાં યોગગુરૂ આર. જે. જાડેજાનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ રહ્યું છે. દાયકાઓથી તેઓ યોગના પ્રચાર-પ્રસાર, તાલીમ અને સ્પર્ધાત્મક વિકાસ માટે કાર્યરત છે.

યોગને માત્ર આધ્યાત્મિક સાધના કે આરોગ્યપ્રદ પ્રવૃત્તિ તરીકે નહીં પરંતુ રમતગમતના એક સશક્ત માધ્યમ તરીકે સ્થાપિત કરવામાં તેમણે અગત્યની ભૂમિકા ભજવી છે. તેમના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓએ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની યોગ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે.ખાસ કરીને અનેક દીકરીઓને તેમણે યોગક્ષેત્રે તાલીમ આપીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચાડી છે. તેમના શિષ્યો દ્વારા મેળવાયેલા ગોલ્ડ મેડલો માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી પરંતુ ગુજરાત અને ભારત માટે ગૌરવની બાબત છે. મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં પણ તેમનું કાર્ય પ્રેરણાદાયી ગણાય છે.

આજે જ્યારે ઘણા લોકો નિવૃત્તિ બાદ આરામદાયક જીવન પસંદ કરે છે ત્યારે ૮૦ વર્ષની ઉંમર વટાવી ચૂક્યા હોવા છતાં આર. જે. જાડેજા યોગના પ્રચાર-પ્રસાર માટે સતત કાર્યરત છે. તેમની કાર્યશક્તિ, સમર્પણ અને યોગ પ્રત્યેની નિષ્ઠા યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે. તેઓ હજુ પણ તાલીમ, માર્ગદર્શન અને યોગ જાગૃતિના કાર્યક્રમોમાં સક્રિય ભાગ લે છે.

યોગાસનને રમતગમત તરીકે આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવવામાં અને હજારો વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં તેમનું યોગદાન અસાધારણ છે. આવા સમર્પિત યોગસાધકને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાંના એક પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે તો તે માત્ર વ્યક્તિગત સન્માન નહીં પરંતુ સમગ્ર યોગજગતનું ગૌરવ બનશે. યોગના વિકાસ, મહિલા ખેલાડીઓના ઘડતર અને રમતગમત ક્ષેત્રે આપેલા તેમના અમૂલ્ય યોગદાનને ધ્યાનમાં રાખતા ભારત સરકારે તેમને પદ્મશ્રી એવોર્ડ આપવાનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

આજના ડિજિટલ યુગમાં માનવજીવન અનેક નવી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. લાંબા સમય સુધી મોબાઈલ, કમ્પ્યુટર અને ઈન્ટરનેટના ઉપયોગને કારણે શારીરિક પ્રવૃત્તિઓમાં ઘટાડો થયો છે. તેના પરિણામે સ્થૂળતા, ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને માનસિક તણાવ જેવી સમસ્યાઓ ઝડપથી વધી રહી છે.યોગ આ તમામ પડકારો સામે એક સર્વગ્રાહી ઉપાય પ્રદાન કરે છે. નિયમિત યોગાભ્યાસ શરીરને તંદુરસ્ત બનાવે છે, મનને શાંત રાખે છે અને જીવનમાં સકારાત્મકતા લાવે છે. યોગ વ્યક્તિને પોતાની અંદરની શક્તિઓ ઓળખવામાં મદદ કરે છે અને જીવન પ્રત્યે નવી દૃષ્ટિ આપે છે.વિશ્વ આરોગ્ય ક્ષેત્રે પણ હવે યોગને મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવી રહ્યું છે. અનેક તબીબી સંસ્થાઓ અને સંશોધન કેન્દ્રો યોગના આરોગ્યલક્ષી લાભો પર સતત અભ્યાસ કરી રહ્યા છે. પરિણામે યોગની વૈજ્ઞાનિક સ્વીકાર્યતા સતત વધી રહી છે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માત્ર એક ઉજવણી નથી પરંતુ સમગ્ર માનવજાત માટે સ્વસ્થ અને સંતુલિત જીવન જીવવાનો સંદેશ છે. અષ્ટાંગ યોગ અને સૂર્યનમસ્કાર જેવી ભારતીય પરંપરાઓ આજે વૈશ્વિક જીવનશૈલીનો હિસ્સો બની રહી છે. ભારતના પ્રયાસોથી યોગને મળેલી આંતરરાષ્ટ્રીય માન્યતા દેશ માટે ગૌરવની બાબત છે.સાથે જ ભાવનગરના યોગગુરૂ આર. જે. જાડેજા જેવા સમર્પિત યોગસાધકોના યોગદાનને પણ રાષ્ટ્રે યોગ્ય સન્માન આપવું જોઈએ. તેમણે યોગને રમતગમતના ક્ષેત્રમાં નવી ઓળખ આપી છે, અનેક દીકરીઓને આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચાડી છે અને જીવનના આઠમા દાયકામાં પણ યોગસેવામાં અવિરત કાર્ય કરી રહ્યા છે. આવા યોગવિભૂતિને પદ્મશ્રી જેવા રાષ્ટ્રીય સન્માનથી નવાજવામાં આવે તો તે સમગ્ર યોગપરંપરાનું ગૌરવ વધારનાર નિર્ણય સાબિત થશે.

# શિવસેનાના ૬૦માં વર્ષની ઉજવણી પ્રસંગે સત્તાની સાઠમારી

**મહારાષ્ટ્રની રાજનીતિમાં શિવસેના હંમેશા એક વિશિષ્ટ અને જુસ્સાદાર તાકાત રહી છે. પાર્ટીની ૬૦મી સ્થાપના વર્ષગાંઠના અવસરે, શિવસેનાના બે મુખ્ય નેતાઓ એકનાથ શિંદે અને શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે-વચ્ચેનો સંઘર્ષ એક નવા અને નાટકીય સ્તરે પહોંચી ગયો છે. આ ઐતિહાસિક દિવસે, શિંદે જૂથ દ્વારા 'ઓપરેશન ટાઈગર' હેઠળ છ સાંસદોને તોડવાના પ્રયાસની વચ્ચે, ઉદ્ધવ ઠાકરેની ભાવનાત્મક અપીલ અને શિંદેના આક્રમક નિવેદનોએ મહારાષ્ટ્રના રાજકીય પરિદૃશ્યને ફરીથી ઉશ્કેરી નાખ્યું છે**

**આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ**

શિવસેનાની ૬૦ મા વર્ષની ઉજવણીના શુભ પ્રસંગે એકનાથ શિંદેનો આક્રમક સૂર કહ્યું કે

'આ તો માત્ર ટ્રેલર છે'પિક્ચર તો હજી બાકી છે!!!.

આ વાક્યની સાથે મહારાષ્ટ્રના રાજકારણમાં એક એવા સંઘર્ષનો પ્રારંભ થયો જેનો અંત ક્યારે આવશે તે કોઈ જાણતું નથી.

મુંબઈમાં પોતાના સમર્થકોને સંબોધતા, મુખ્યમંત્રી એકનાથ શિંદે પોતાના વિરોધીઓ પર જોરદાર પ્રહાર કર્યા. તેમણે પોતાની જાતને સિંહ અને વાઘ તરીકે વર્ણવતા કહ્યું, "આ તો માત્ર ટ્રેલર છે; આખી ફિલ્મ આવવાની બાકી છે." શિંદેએ ફિલ્મ 'શોલે'ના અસરાનીના સુપ્રસિદ્ધ સંવાદનો ઉલ્લેખ કરતા કહ્યું કે જેમ અસરાની પાછળ કોઈ ન હતું, તેમ ઉદ્ધવ જૂથની પાછળ હવે કોઈ નથી, ફક્ત ચાપલૂસ વર્તુળ જ બાકી છે.

સૌથી ચર્ચાસ્પદ નિવેદનમાં, શિંદેએ કહ્યું, "કેટલાક કૂતરા ભસતા રહે છે; તેઓ કાલે અને પરમ દિવસે ભસતા રહેશે. કૂતરાઓ ટોળામાં ભસે છે, પણ સિંહ એકલો આવે છે. કૂતરાઓ ભસતા રહે છે, જ્યારે વાઘ શિકાર કરે છે." આ રૂપકાત્મક નિવેદન સાથે શિંદેએ પોતાને એકલા સિંહ તરીકે રજૂ કરતા ઉદ્ધવ જૂથના નેતાઓની તુલના કૂતરા સાથે કરી, જેઓ માત્ર ભસી શકે છે પણ કંઈ કરી શકતા નથી.આનો સીધો સાદો અર્થ એવો થાય કે ઉત્તરાધિકાર વિચારધારાનો છે, લોહીનો નહીં.શિંદેએ બાળાસાહેબ ઠાકરેના સાચા વારસદાર હોવાનો દાવો કરતા વિચારધારાને પ્રાધાન્ય આપ્યું. તેમણે સ્પષ્ટતા કરી કે ઉત્તરાધિકાર લોહીના સંબંધો દ્વારા નહીં, પરંતુ વિચારધારા દ્વારા નક્કી થાય છે. શિવસેના જમીનનો ટુકડો નથી; તે લાખો લોકોની વિચારધારા છે, અને આ વિચારધારાના સાચા વારસદાર તેમના શિવસૈનિકો છે. ઉદ્ધવ ઠાકરેનું નામ લીધા વિના, શિંદેએ પ્રશ્ન ઉઠાવ્યો કે જો તેમના નેતૃત્વમાં લોકો વિશ્વાસ ધરાવતા હોય તો શા માટે કાર્યકરો અને સાંસદો તેમને છોડી રહ્યા છે? "થોડું આત્મનિરીક્ષણ કરો," તેમણે કહ્યું. ઉદ્ધવ ઠાકરેની ભાવનાત્મક અપીલઃ 'હું રાજીનામું આપવા તૈયાર છું'

બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેએ પોતાના સમર્થકો સમક્ષ સંપૂર્ણપણે અલગ અને ભાવનાત્મક શૈલી અપનાવી. તેમણે પહેલીવાર ખુલ્લેઆમ પ્રતિક્રિયા આપતા કહ્યું, "આજે મારો આત્મા ખરેખર દુઃખી છે. જો તમારામાંથી કોઈને લાગે છે કે હું આ પદ માટે અયોગ્ય છું, તો મને સીધું કહો. હું હમણાં જ રાજીનામું આપવા તૈયાર છું".

ઠાકરેએ ભારપૂર્વક કહ્યું કે તેમને સત્તા કે પદનો કોઈ લોભ નથી. તેમણે એક શરત રજૂ કરીઃ "મારો એક જ દૃઢ નિશ્ચય છે... સોના કરતાં પણ વધુ કિંમતી આ શિવસેનાને ક્યારેય પાછળના દરવાજેથી ચોરો અને દેશદ્રોહીઓના હાથમાં જવા દેવી જોઈએ નહીં." તેમણે કહ્યું કે જો પાર્ટી રેન્કમાંથી કોઈ નેતૃત્વ માટે સક્ષમ હોય, તો તેઓ તેમનું હૃદયપૂર્વક સ્વાગત કરશે.

શિવસેના (ૠ)ના નવ લોકસભા સાંસદોમાંથી છ— સંજય દિના પાટિલ, સંજય દેશમુખ, સંજય જાધવ, ભાઉસાહેબ વાકચૌરે, નાગેશ પાટિલ-અષ્ટિકર અને ઓમપ્રકાશ રાજે નિમ્બાલકર—પક્ષપલટો કરી શકે છે. આ સાંસદોએ તાજેતરની સંસદીય પક્ષની બેઠકમાં હાજરી ન આપી, જેણે અટકળોને વધુ તીવ્ર બનાવી.

આ ઘટનાક્રમ ૨૦૨૨ના ઐતિહાસિક બળવાની યાદ અપાવે છે જ્યારે એકનાથ શિંદેના નેતૃત્વમાં બળવાએ મહારાષ્ટ્રની સરકારને ઉથલાવી દીધી હતી. ત્યારબાદ ચૂંટણી પંચે શિંદે જૂથને સાચી શિવસેના તરીકે માન્યતા આપી અને "ધનુષ્ય અને તીર" ચિહ્ન આપ્યું હતું.

બળવાખોર સાંસદોના એ દાવાનો ઠાકરેએ સખત વિરોધ કર્યો કે શિવસેના (ૠ) કોંગ્રેસ સાથે વિલીન થઈ શકે છે. તેમણે કહ્યું, "જો અમે ૩૦ વર્ષ સુધી ભાજપ સાથે સાથે રહ્યા અને વિલીન ન થયા, તો અમે કોંગ્રેસ સાથે કેવી રીતે વિલીન થઈ શકીએ?" તેમણે વ્યંગ કરતા કહ્યું કે તેમને ડર છે કે મહારાષ્ટ્ર ભાજપ શિંદેની શિવસેના સાથે વિલીન થઈ શકે છે.

ઠાકરેએ દેશની લોકશાહી દિશા અંગે ગંભીર ચેતવણી આપી. તેમણે આક્ષેપ કર્યો કે ભાજપ દેશને 'એક પાર્ટી, કોઈ ચૂંટણી નહીં' તરફ લઈ જઈ રહ્યો છે, જે લોકશાહી માટે જોખમ છે. તેમણે કહ્યું કે વિપક્ષી સાંસદોને તોડવાની 'ઓપરેશન' રાજનીતિ લોકશાહી પ્રક્રિયામાં લોકોના વિશ્વાસને નષ્ટ કરી રહી છે.

ઠાકરેએ તેમના કાર્યકરોને અપીલ કરી કે તેઓએ બળવાખોર સાંસદોને જવાબદાર ઠરાવવા જોઈએ. તેમણે કહ્યું, "આજે હું મતદારો સમક્ષ માફી માંગું છું કારણ કે તેમણે અમને મત આપ્યા પણ અમારા સાંસદો છોડી ગયા." તેમણે ખેડૂતોના દાન અને સમર્થનનો ઉલ્લેખ કરતા કહ્યું કે જેઓ તેમના ઉમેદવારોને જીતાડી ગયા, તેઓએ હવે 'દગો' કરનારાઓ સામે અવાજ ઉઠાવવો જોઈએ.સંઘર્ષના મૂળમાં રહેલી વિચારધારા અહીં મહત્વની છે.આ સમગ્ર રાજકીય સંઘર્ષના મૂળમાં 'સાચી શિવસેના' કોણ અને 'બાળાસાહેબનો વારસો' કોને મળે તે પ્રશ્ન છે. શિંદે વિચારધારા અને કાર્યકરોના સમર્થનને આધારે પોતાને સાચો વારસદાર ગણાવે છે, જ્યારે ઠાકરે પિતાના પુત્ર તરીકે ઐતિહાસિક અને પારિવારિક વારસાનો દાવો કરે છે. આ બંને દાવાઓ વચ્ચેનો તણાવ શિવસેનાના ભાવિ અને મહારાષ્ટ્રની રાજનીતિને આકાર આપવાનું ચાલુ રાખશે.

મહારાષ્ટ્રના રાજકીય ડ્રામા લાંબા સમય થી ચાલે છે. અને તેનો અંત ક્યારે આવશે તે કોઈ કહી શકે તેમ નથી. બીજી બાજુ ભાજપ સામેના વિરોધ પક્ષો વેરવિખેર થયા છે. બંગાળમાં મમતા દીદી નો પક્ષ પણ વેરવિખેર થઈ ગયો છે. તેમને માટે અસ્તિત્વનો સવાલ છે. બીજું ટી એમ સી ના રાજકીય ગુંડાઓ ને વીણી વીણીને સાફ કરવામાં આવી રહ્યા છે. હવે કોઈ વિરોધ કરે તેમ નથી સમગ્ર પશ્ચિમ બંગાળ હવે એક ચકરી ભાજપના શાસનમાં આવી ચૂક્યું છે. જ્યારે બીજી બાજુ મહારાષ્ટ્રની અંદર પોલિટિકલ ડ્રામા અટકવાનું નામ નથી લેતો. અહીં પણ ધીમે ધીમે પશ્ચિમ બંગાળનો ખેલ થઈ જશે તેમ રાજકીય નિરીક્ષકો માને છે.

# ઈંગ્લેન્ડ સામેની વન ડે સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની કરવામાં આવી જાહેરાત

## વિરાટ કોહલી ટીમમાં સામેલ પરંતુ ફિટનેસ ટેસ્ટ આપવો પડશે



નવી દિલ્હી,

ઈંગ્લેન્ડ પ્રવાસમાં વનડે સિરીઝ માટે બીસીસીઆઈ તરફથી ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી દેવામાં આવી છે. વિરાટ કોહલી અને જસપ્રિત બુમરાહની વાપસી થઈ છે. પરંતુ, ૨૦ જૂનના રોજ અફઘાનિસ્તાન સામેની વનડે મેચમાં સદી ફટકારનાર યશસ્વી જયસ્વાલને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે. ૧૪ જુલાઈથી ઈંગ્લેન્ડ સામે વનડે સિરીઝની શરૂઆત થવાની છે.

કોહલી ઈંગ્લેન્ડ સામેની વનડે સિરીઝમાં રમશે કે નહીં તે હવે નક્કી થશે, બીસીસીઆઈએ તેમને ટીમમાં સ્થાન તો આપી દીધું છે, પરંતુ તેમનું રમવું ફિટનેસ પર નિર્ભર રહેશે. રિપોર્ટ અનુસાર, વિરાટે ૨૨ જૂને 'સેન્ટર ઓફ એક્સેલન્સ'માં જઈને ફિટનેસ ટેસ્ટ આપવો પડશે. આઈપીએલની ફાઈનલમાં તેમને હેમસ્ટ્રિંગ (સ્નાયુ ખેંચાવાની) તકલીફ થઈ હતી, જેના કારણે તેમને અફઘાનિસ્તાન સામેની વનડે સિરીઝમાંથી બહાર રહેવું પડ્યું હતું.

ટીમ સિલેક્શનની સૌથી મોટી વાત એ છે કે ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ પણ હવે વનડે ટીમમાં પાછા ફર્યા છે. બુમરાહ છેલ્લી વાર ૨૦૨૩ના ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતીય ટીમ માટે ૫૦ ઓવરની ક્રિકેટ રમ્યા હતા. ઓલરાઉન્ડર અક્ષર પટેલ પણ વનડે ટીમમાં પાછા ફર્યા છે. અક્ષર અફઘાનિસ્તાન સામેની વનડે સિરીઝમાં ટીમનો ભાગ નહોતા.

યશસ્વી જયસ્વાલ, પ્રિન્સ યાદવ અને હર્ષ દુબે પણ વનડે ટીમનો ભાગ નથી. ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલે શનિવારે ચેન્નાઈમાં અફઘાનિસ્તાન સામે શાનદાર ૧૧૦ રન બનાવ્યા હતા. હવે વિરાટ કોહલી પાછા ફરતા જ તેમની ટીમમાંથી વિદાય થઈ ગઈ છે. યશસ્વીને કોહલી ઈજાગ્રસ્ત થવાના કારણે જ અફઘાનિસ્તાન સામેની વનડે સિરીઝ માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યા હતા.

ઈંગ્લેન્ડ સામેની વનડે સિરીઝ માટે ભારતીય ટીમમાં શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ-કેપ્ટન), કે.એલ. રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને ગુરનૂર બ્રારનો સમાવેશ થાય છે,

બીજી તરફ વરૂણ ચક્રવર્તી આયર્લેન્ડ સામેની ટીર૦ સિરીઝમાંથી બહાર થઈ ગયા છે. વરૂણ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સેન્ટર ઓફ એક્સેલન્સમાં પોતાનું રિહેબ પૂરું કરી શક્યા નથી. ભારતીય ટીમ ૨૬ અને ૨૮ જૂનના રોજ આયર્લેન્ડ સામે ટી૨૦ મેચ રમવાની છે.

# એફઆઈએચ વિમેન્સ નેશન્સ કપમાં ભારતીય મહિલા હોકી ટીમે બીજી વખત ટાઈટલ જીત્યું



ઑકલૅન્ડ,

ભારતની મહિલા હૉકી ખેલાડીઓએ શાનદાર પર્ફોર્મન્સ જાળવી રાખીને યજમાન ન્યૂ ઝીલૅન્ડને એફઆઈએચ વિમેન્સ નૅશન્સ કપની ફાઈનલમાં ૨-૦થી હરાવીને ટાઈટલ જીતી લેવાની સાથે વિમેન્સ પ્રો લીગમાં એન્ટ્રી કરી હતી. ૨૦૨૨ પછી ભારતીય ટીમ બીજી વખત નૅશન્સ કપ ટાઈટલ જીતી છે.

નવનીત કૌરે ચોથી મિનિટમાં ગોલ કરીને ભારતને ૧-૦થી સરસાઈ અપાવી હતી. ૧૫મી મિનિટમાં સુનેલિતા ટૉપ્પોએ ગોલ કરીને સરસાઈ વધારીને ૨-૦ કરી હતી.બન્ને ગોલ કરીને ભારતે પોતાની આક્રમક રણનીતિનો પુરાવો આપ્યો હતો અને આ સાથે ભારતીય ડિફેન્ડરોએ ન્યૂ ઝીલૅન્ડની મજબૂત ટીમને અંકુશમાં રાખી હતી.લાલરેમસિયામી 'પ્લેયર ઑફ ધ ફાઈનલ'નો અવૉર્ડ જીતી હતી, જ્યારે દીપિકાએ કુલ ૭ ગોલ સાથે ટૂર્નામેન્ટમાં અમેરિકાની ઍશ્લી સેસા સાથે મોખરાનું સ્થાન મેળવ્યું હતું. આખી ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમ અપરાજિત રહી હતી. ભારતે અમેરિકાને ૩-૨થી, જાપાનને ૨-૧થી અને ઉરુગ્વેને ૩-૨થી હરાવ્યું હતું. સેમિ ફાઈનલમાં ભારતનો ચિલી સામે ૬-૦થી વિજય થયો હતો.

# સાયકોલોજિકલ મર્ડર મિસ્ટ્રી અને સસ્પેન્સથી ભરપૂર તેલુગુ ફિલ્મ મારિચિકાએ ઓટીટી પ્લેટફોર્મ ઉપર મચાવી ધમાલ




મુંબઈ,

જો તમે ક્રાઈમ, સસ્પેન્સ, ટ્વિસ્ટ, રીસર્ચ અને માઈન્ડ-બ્લોઈંગ ટ્વિસ્ટ ધરાવતી ફિલ્મો જોવાના શોખીન છો, તો એમેઝોન પ્રાઈમ વિડિયો પર અત્યારે એક તેલુગુ ફિલ્મ ભારે ટ્રેન્ડ કરી રહી છે. આ ફિલ્મનું નામ છે 'મારીચિકા'છે. આ એક એવી સાયકોલોજિકલ મર્ડર મિસ્ટ્રી છે જેનો ક્લાઈમેક્સ અંદરથી હલાવી દેશે.ખાસ કરીને ફિલ્મમાં જે રીતે દરેક ફ્રેમ પર કામ કરવામાં આવ્યું છે એ જોઈને દર્શકો ચોંકી જશે. ફિલ્મની વાર્તા સામાન્ય રીતે શરૂ થાય છે અને કલ્પનાના ઘોડા આગળ દોડે એ પહેલા જ ઝટકો લાગે છે. વાત વેંકટ લક્ષ્મી નામની એક યુવતીની થાય છે. ફિલ્મમાં જે રીતે ફ્રેમ ટુ ફ્રેમ કામ કરવામાં આવ્યું છે એ ક્નેક્ટિવિટી જોઈને માની ન શકાય એવો ટ્વિસ્ટ આગળ આવે છે.

લક્ષ્મી હાંફતી-ભાગતી પોતાના પ્રેમી સંજુ પાસે પહોંચે છે, પરંતુ ત્યાં જઈને જુએ છે તો સંજુનું મોત થઈ ચૂક્યું હોય છે. વેંકટ લક્ષ્મી ત્યાંથી 'મારીચિકા' નામની રહસ્યમય છોકરીને ભાગતી જુએ છે. તે સીધી પોલીસ સ્ટેશન પહોંચે છે અને પોલીસને જણાવે છે કે સંજુને ખતમ કરનાર કોઈ પુરૂષ નહીં પણ મારીચિકા નામની યુવતી છે. ફિલ્મ અહીંયાથી શરૂ થાય છે. ભૂતકાળમાં આખો કેસ જાય છે. વેંકટ લક્ષ્મી ગરીબ પરિવારમાંથી આવીને કોલેજમાં ભણતી હોય છે. તેને કોલેજ પાસે કેફે ચલાવતા સંજુ સાથે પ્રેમ થઈ જાય છે. આ દરમિયાન વિદેશથી 'મારીચિકા' નામની એક અમીર છોકરીની એન્ટ્રી થાય છે. વેંકટ લક્ષ્મી અને મારીચિકા પાક્કા મિત્રો બની જાય છે. સંજુની મુલાકાત કરતા જ્યારે મારીચિકા સાથે સંબંધ ઘણા નિકટ થાય છે ત્યારે ડખો થાય છે. સંજુ મારીચિકાને ઈમ્પ્રેસ કરવા માટે ક્યારેક તેના ઘરે કેક લઈને જાય છે તો ક્યારેક તેના પૈસા બચાવવામાં મદદ કરે છે.

મારીચિકા આ બધી વાતો વેંકટ લક્ષ્મીને જણાવે છે, જેનાથી વેંકટ લક્ષ્મીને અંદર જ અંદર અદેખાઈ થવા લાગે છે.

# વૈભવ સૂર્યવંશીનો માત્ર ૧૧ બોલમાં અર્ધી સદી ફટકારી વિશ્વ વિક્રમ : ૭ રન માટે સદી ચૂક્યો

## માત્ર આઈપીએલ જ નહીં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ વૈભવની ધમાકેદાર બેટિંગ



દમ્બુલા,

માત્ર ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશી (૯૪ રન, ૨૯ બૉલ, આઠ છગ્ગા, દસ ચોગ્ગા)એ અહીં ટ્રાયેગ્યુલર વન-ડે ટૂર્નામેન્ટની ફાઈનલમાં ઈન્ડિયા-એ વતી ધમાકેદાર બૅટિંગ કરી છે. તેણે ફક્ત ૧૧ બૉલમાં હાફ સેન્ચુરી ફટકારીને લિસ્ટ-એ પ્રકારની ક્રિકેટમાં નવો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે. તેણે શ્રીલંકાના જ ખેલાડીનો ફાસ્ટેસ્ટ ફિફ્ટીનો વિશ્વ વિક્રમ તોડ્યો છે. ભૂતપૂર્વ શ્રીલંકન બૅટ્સમૅન વીરરત્નેએ ૧૨ બૉલમાં હાફ સેન્ચુરી ફટકારી હતી.

વૈભવએ આ સાથે શ્રીલંકા-એ ટીમને થોડા દિવસ પહેલાંના એના અપશબ્દોવાળા ગંભીર ગેરવર્તનનો જડબાતોડ જવાબ આપી દીધો છે. વૈભવે ક્રિકેટ જગતને બતાવી દીધું છે કે પોતે માત્ર આઈપીએલમાં જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ ધમાકા પર ધમાકા કરવાની તાકાત ધરાવે છે.

વૈભવ ૯૪ રન બનાવીને કેચઆઉટ થઈ ગયો હતો અને માત્ર ૬ રન માટે સદી ચૂકી ગયો હતો, પણ ભારતની સંભવિત જીત માટે તેણે મજબૂત પાયો નાખી આપ્યો હતો. શ્રીલંકા-એના ચારથી પાંચ બોલર વૈભવને કોઈપણ રીતે કાબૂમાં નહોતા રાખી શક્યા.

વૈભવે સાથી ઓપનર પ્રિયાંશ આર્ય (૩૯ રન, ૨૯ બૉલ, એક છગ્ગો, છ ચોગ્ગા) સાથે માત્ર ૮.૫ ઓવરમાં ૧૩૨ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી.

# સ્ક્વૉશમાં પાકિસ્તાનને હરાવીને ભારત ફરી એશિયન ચૅમ્પિયન: અભય-વેલાવનનો સપાટો

## એશિયન ડબલ્સ સ્ક્વૉશ ચૅમ્પિયનશિપ્સનું સતત ત્રીજી વખત ટાઈટલ જીતીને ભારતે પ્રભુત્વ જાળવી રાખ્યું



સારાવાક,

સ્ક્વૉશમાં એક સમયે જહાંગીર ખાન અને જાનશેર ખાનના પર્ફોર્મન્સને લીધે પાકિસ્તાનનો ઈજારો હતો, પણ થોડા વર્ષોથી પાકિસ્તાનનો પર્ફોર્મન્સ કથળી ગયુ છે. મલયેશિયામાં રવિવારે અભય સિંહ અને વેલાવન સેન્થિલકુમારની સ્ક્વૉશ જોડીએ પાકિસ્તાન સામેની ફાઈનલમાં ભારતને શાનદાર વિજય અપાવવાની સાથે એશિયન ટાઈટલ પણ અપાવ્યું છે.એશિયન ડબલ્સ સ્ક્વૉશ ચૅમ્પિયનશિપ્સનું ભારતે સતત ત્રીજી વખત ટાઈટલ જીતીને પ્રભુત્વ જાળવી રાખ્યું છે. ફાઈનલમાં અભય-વેલાવનની જોડીએ પાકિસ્તાનના નાસિર ઈકબાલ અને નૂર ઝમાનની જોડી સામેની પ્રથમ ગેમ ૭-૧૧થી ગુમાવ્યા બાદ બન્ને ગેમ ૧૧-૭, ૧૧-૨થી જીતીને ટ્રોફી પર કબજો કરી લીધો હતો.

ભારતને ત્રણેય ટાઈટલ અભય-વેલાવનની જોડીએ અપાવ્યા છે. એ રીતે, અભય-વેલાવને ટ્રોફીની હૅટ-ટ્રિક કરી છે.

ભારતે બીજી બે કૅટેગરીમાં પણ ટાઈટલ મેળવ્યા છે. પીઢ ભારતીય ખેલાડી જોશ્ના ચિનપ્પા બે મેડલ જીતી છે. જોશ્ના ચિનપ્પા અને રાધિકા સીલૅનની જોડી આ એશિયન સ્પર્ધામાં મહિલાઓની ડબલ્સમાં બ્રૉન્ઝ જીતી હતી. જોશ્ના ચિનપ્પા અને વેલાવનની જોડીએ મિક્સ્ડ-ડબલ્સમાં બ્રૉન્ઝ જીતી લીધો હતો.

# રાજામૌલીની બિગ બજેટ ફિલ્મ વારાણસીનું શૂટિંગ શરૂ થયું : પ્રિયંકા ચોપરા ફિલ્મમાં કરશે કમબેક



મુંબઈ,

'બાહુબલી'ફિલ્મના બન્ને ભાગે દમદાર સફળતા મેળવી છે. માત્ર ભારત જ નહીં વર્લ્ડવાઈડ જોરદાર ક્લેક્શન કરતા ફિલ્મની સફળતા પુરવાર થઈ હતી. હવે ફિલ્મ ડાયરેક્ટર રાજામૌલી વધુ એક મોટાબજેટની ફિલ્મ લઈને આવી રહ્યા છે.આ ફિલ્મથી પ્રિયંકા ચોપરાનું ફિલ્મમાં કમબેક થવાનું છે, એક લાંબા બ્રેકબાદ તે મોટી સ્ક્રિન પર દેખાવવાની છે. ફિલ્મ 'વારાણસી'નું શુટિંગ શરૂ થઈ ગયું છે. આ ફિલ્મના શેડ્યુલ પણ નક્કી થઈ ગયા છે. આ ફિલ્મ પણ ગ્લોબલ બ્લોકબ્લસ્ટર થશે એવું એટલા માટે કહી શકાય કારણે રાજામૌલીની વાર્તા બાકીની ફિલ્મો કરતા ઘણી અલગ હોય છે.

વારાણસી' ફિલ્મનો પહેલે શેડ્યુલ શુટ થવાનો છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થવાની છે. દમદાર સેટ અને એકથી એક ચડિયાતા ડાયલોગથી ફિલ્મે ફેન્સનો ઉત્સાહ અત્યારથી વધારી દીધો છે. પ્રિયંકા ચોપરા આ ફિલ્મમાં મંદાકિનીનું પાત્ર પ્લે કરી રહી છે.આ ફિલ્મને લઈને તેનો લૂક પણ થોડા સમય પહેલા વાયરલ થયો હતો.

રૂદ્રના રૂપમાં મહેશબાબુ, કુંભાના રૂપમાં પૃથ્વીરાજ સુકુમારનની નાનકડી ઝલક પણ સામે આવી છે. આ ફિલ્મ માટેના પ્લોટ પણ તૈયાર થઈ ગયા છે. સૂત્રોમાંથી વિગત એવી મળી રહી છે કે, ફિલ્મ વારાણસીના કેટલાક ઓરિજિનલ લોકેશન ઉપર પણ શુટ થવાની છે. આ ફિલ્મના ક્લેપબોર્ડની તસવીર પણ મેકર્સે શેર કરી દીધી છે.

ફિલ્મની ભવ્યતા એના સેટ પરથી જોવા મળશે. આ ફિલ્મની વાર્તા કેવી હશે અને ફિલ્મની થીમ શું હશે એના પર હવે સૌની નજર છે. ફેન્સ આ ફિલ્મનું ટિઝર સામે આવે એની રાહ જોઈ રહ્યા છે. હકીકત એવી છે કે, આ ફિલ્મની સંભવતઃ રિલીઝ ડેટ આવતા વર્ષે એપ્રિલ મહિનામાં છે. ત્યાં સુધીમાં તમામ શુટિંગ શેડ્યુલ પૂરા થઈ જશે અને ફિલ્મ એટિડ થવાની પણ શરૂ થઈ જશે. ફિલ્મમાં પ્રભુ શ્રી રામનું પાત્ર કોણે પ્લે કર્યું એના પર સસ્પેન્સ છે. મહેશ બાબુએ આ ફિલ્મ માટે છેલ્લા સાતેક મહિનાથી પોતાના પર કામ કરવાનું શરૂ કરી દીધું હતું. આ ફિલ્મમાં તે રૂદ્રનું પાત્ર પ્લે કરી રહ્યો છે.આ ફિલ્મમાં પ્રકાશ રાજનું પાત્ર પણ ઘણું મહત્ત્વનું હોવાનું માનવામાં આવે છે. ફિલ્મના વિષયને લઈને ખાસ કોઈ વિગત તો સામે આવી નથી પણ ફેન્સ એવું માની રહ્યા છે કે, બાહુબલી જેવી જ કોઈ મોટી વાર્તા હશે, અથવા એક નવી સ્ટોરીને રાજામૌલી સિનેસ્ક્રિન પર ઊતારશે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | વિ | ળ | આ | દ | બા | ગં | ચી | ર | ણ | લ | શિ |
| ણ | ચા | બં | ર | સ | ગ | ર | આ | ગં | હિ | ડો | વિ |
| કા | ર | વિ | ર | લી | દ | વા | સા | લા | ધ | જ્ઞા | ઔ |
| ર | ણા | વા | મ | ણ | બિ | ર | ક | ખ | ન | તી | લ |
| જ | ળો | અ | અ | ખ | બ | દ | દ | ર | ધ | બિ | એ |
| સ | બા | આ | ર | ઇ | ણે | મ | ઈ | શિ | કા | કુ | હા |
| ણ | ક્રો | ઇ | ર | કા | પ્રા | લ | કા | ક્ષ | કુ | ર | ગ |
| વ | રી | બા | લા | સ | બા | શિ | ણ | ક | બં | ન | સા |
| બં | ણિ | ભ | ક | ભો | વિ | ળો | દ | ધ | સા | ગ | લ |
| બ | મા | જ્ઞા | બ | ઓ | ક | ર | મો | શિ | ડો | ક | સ |
| બ | હિ | સા | મા | લ | ભ | સ | ક્ષ | ભો | રો | કા | ધ |
| ર | ગં | એ | વિ | તી | સ | ણ | ગ | બૂ | આ | ગ | ચા |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# ફિલ્મ ધુરંધરના જમીલ જમાલીએ 'યા બાબા' ગીતમાં નોરા ફતેહી સાથે ઠુમકા લગાવ્યા

## વર્લ્ડ મ્યુઝિક ડેના દિવસે 'યા બાબા' મ્યુઝિક વિડિયો સોંગ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ



મુંબઈ,

જ્યારથી ફિલ્મ 'ધુરંધર' સુપરહિટ થઈ છે ત્યારથી સિનિયર કલાકાર રાકેશ બેદીના સ્ટાર્સ ચમકી રહ્યા છે, જોકે અત્યાર સુધીની એની ફિલ્મી જર્ની પણ દમદાર રહી છે. દરેક નાના પાત્રથી તેઓ અત્યારે મોટા પાત્ર સુધી પહોંચ્યા છે. જમીલ જમાલી તરીકે એક નવો જ અવાતર એમનો જોવા મળ્યો છે. ખાસ કરીને એમની ડાયલોગ ડિલેવરી કરવાની અદાએ લાખો-કરોડો લોકોના દિલ જીતી લીધા હતા.એક્શન ફિલ્મમાં પણ પોતાનો દમદાર રોલ પ્લે કર્યા બાદ હવે તે કોમેડી કરીને હસાવતા અને ડાન્સની દુનિયામાં થિરકતા જોવા મળશે.એ પણ નોરા ફતેરી સાથે તે સ્ટેપ કરવા જઈ રહ્યા છે. વર્લ્ડ મ્યુઝિક ડેના દિવસે 'યા બાબા' મ્યુઝિક વિડિયો સોંગ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યું છે.

આ ગીતને એક મ્યુઝિક વિડિયો તરીકે રિલીઝ કરવામાં આવ્યું છે. ગીતનું સૌથી મોટું અને સરપ્રાઈઝ ફેક્ટર રાકેશ બેદી છે. કોમિક ટાઈમિંગ, કોમેડી અને મસ્ત સ્ક્રિન પ્રેઝન્સથી રાકેશ બેદી બધા કલાકાર કરતા અલગ પડે છે. આ ગીતમાં તે કોઈ ફેસ્ટિવ સીઝનના રંગે રંગાઈ ગયા છે. એની એન્ટ્રીથી વિડિયોમાં અને મ્યુઝિકમાં એક અલગ એનર્જી આવી ગઈ છે. આમ પણ આ ગીત અને રીધમ દરેક ઉંમરના લોકોને પસંદ પડી રહી છે પણ યુથમાં આ ગીત લોકપ્રિય થઈ રહ્યું છે. નોરા સાથે ગ્લેમરસ પર્ફોમન્સથી રાકેશજીનો અલગ અદાજ જોવા મળી રહ્યો છે. યા બાબા ગીતની સૌથી મોટી અને ખાસ વાત એ છે કે, એમાં એક અરેબિક ફીલ આવે છે.

અરેબિક ઈન્ફ્લુએંસ તથા હાઈ એનર્જી બીટ મૂકવામાં આવી છે. સંજોયે આ ગીતને કંપોઝ કર્યું છે. ગીતના શબ્દો ખુદ નોરાએ સંજોય અને વાયુએ મળીને લખ્યા છે.

# ટી ૨૦ મહિલા વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકા સામે ભારતીય ટીમ પરાસ્ત



મૅન્ચેસ્ટર,

ટી-૨૦ મહિલા વર્લ્ડ કપમાં ભારતની ટીમને ૭/૧૫૮ રનનો સાધારણ સ્કોર છેવટે નડ્યો, કારણકે સાઉથ આફ્રિકાએ અંતિમ ઓવરમાં પાંચ બૉલ બાકી રાખીને લક્ષ્યાંક મેળવી લીધો હતો. ભારતને પણ જીતવાની તક હતી, પણ લૉરા વૉલ્વાર્ટની ટીમે ૧૯.૧ ઓવરમાં ૪/૧૬૧ના સ્કોર સાથે વિજય હાંસલ કરી લીધો હતો.સ્પિનર શ્રી ચરનીનો ત્રણ વિકેટનો શાનદાર પર્ફોર્મન્સ પાણીમાં ગયો હતો. શેફાલી વર્માને એક વિકેટ મળી હતી, પણ બીજી ચાર બોલર વિકેટ વિનાની રહી હતી.મૅરિઝેન કૅપ (૮૧ અણનમ) અને તેઝમિન બ્રિટ્સ (૪૦ રન)ની ઈનિંગ્સને લીધે ભારતીય ટીમે છેવટે હાર સ્વીકારવી પડી હતી.

# ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ રાજકોટ જિલ્લાનો પ્રવાસ કર્યો

## રાજકોટ જીલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગવંતો બનાવવા અને સ્થાનિક લોકો તથા ઉદ્યોગકારોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે ચર્ચા વિમર્શ



રાજકોટ,

રાજકોટ જીલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગવંતો બનાવવા અને સ્થાનિક લોકો તથા ઉદ્યોગકારોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજી, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી અનિરુધ્ધભાઈ દવે, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, પ્રદેશ ઉપાધ્યક્ષ રમેશભાઈ ધડુક, કેબીનેટ કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, પ્રદેશ કિસાન મોરચા પ્રમુખ હિરેનભાઈ હીરપરા, જીલ્લા પ્રભારી ભરતભાઈ આર્ય, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા, જીલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ધારાસભ્યઓ જયેશભાઈ રાદડિયા, ગીતાબા જે.જાડેજા, ભાનુબેન બાબરિયા, મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા, રમેશભાઈ ટીલાળા, અમુલના વાઈસ-ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા દ્વારા રાજકોટ જીલ્લાનો પ્રવાસ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

જગદિશભાઈ વિશ્વકર્માએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં અવિરત ૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જીલ્લાના પ્રવાસ કાર્યક્રમમાં સૌ પ્રથમ સવારે ૮.૦૦ કલાકે રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ'ની શુભેચ્છા મુલાકાત લીધી હતી, જેમાં માતાજીની આરતી કરી, આશીર્વાદ લઈ રાજકોટ જીલ્લાના પ્રવાસનો શુભારંભ કર્યો હતો. આ દરમ્યાન જીલ્લા ભાજપ કાર્યાલય સ્ટાફ સાથે પ્રોત્સાહક પરિચય મુલાકાત સાથે જરૂરી માર્ગદર્શન અને માહિતી પૂરી પાડી હતી, ત્યારબાદ સવારે ૯.૦૦ કલાકે ગોંડલના જામવાડી ખાતે ૨૫૦૦થી વધુ લોકોની હાજરીમાં એક પેડ માં કે નામ અંતર્ગત અંદાજીત ૨૫૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. બાદમાં સવારે ૧૦.૦૦ કલાકે અક્ષર મંદિર, ગોંડલ ખાતે પ્રાકૃતિક ખેડૂત સંમેલનમાં પ્રાકૃતિક ખેતી અંતર્ગત પ્રાકૃતિક ખેતી ઉપજની પ્રદર્શનીની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતીથી થતા ફાયદાઓ અને પ્રાકૃતિક ખેતી માટેની સરકારની અનેક યોજનાઓથી માહિતગાર કર્યા હતા.

બપોરે ૨.૩૦ કલાકે રાજમહેલ વિઝીટ, નવલખા પેલેસ, મોટી બજાર ઓર્ચીન પેલેસ અને મહાત્મા ગાંધી, વિનોબાભાવે જે જગ્યાએ રોકાયા હતા તે સ્થળ વિઝીટ કરી હતી. આ દરમ્યાન ટાઉનહોલ ખાતે આધુનીક સુવિધાઓથી સજ્જ અને વિવિધ પુસ્તકોથી સભર લાઈબ્રેરીનું ઉદઘાટન કર્યું હતું. બાદમાં બપોરે ૩.૦૦ કલાકે ટાઉનહોલ,ગોંડલ ખાતે રાજકોટ જીલ્લા ભાજપના સંગઠનના હોદેદારો સાથે સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંગઠનના પદાધિકારીઓ સાથે ગેટ ટુ ગેધર ચર્ચા કરવામાં આવી હતી.

સાંજે ૦૬.૦૦ કલાકે કેન્દ્રીય ડો.મનસુખભાઈ માંડવીયાના ગોરસ કાર્યાલય, ઉપલેટા ખાતે રાજકોટ જીલ્લાના ચુટાયેલા સભ્યઓનો અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ચુટાયેલા સભ્યઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રવાસ દરમિયાન તેમણે વિવિધ પ્રગતિ હેઠળના વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી અને વહીવટી અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. જેમાં વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી.

# રાજકોટમાં જ્ઞાન સહાયકના દસ્તાવેજોની ચકાસણી માટે ઉમેદવારોની રઝળપાટ

## જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીમાં લાઈનો લાગી, વ્યવસ્થાના અભાવે ભારે અંધાધૂંધી સર્જાઈ



રાજકોટ,

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ખાતે આજે જ્ઞાન સહાયકની ભરતી અને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવેલા ઉમેદવારો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. સવારના ૯ વાગ્યાથી ઉમેદવારો કચેરીએ પહોંચી ગયા હતા, પરંતુ લાંબા સમય સુધી કોઈ પણ જવાબદાર અધિકારી હાજર ન થતા અને પાયાની સુવિધાઓના અભાવે ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

કચેરીમાં નવી ભરતી માટે આવેલા ઉમેદવારો તેમજ કરાર રિન્યુ કરાવવા આવેલા ઉમેદવારોને એકસાથે બોલાવી લેવામાં આવતા કચેરીમાં ભારે અફરાતફરી સર્જાઈ હતી. ઉમેદવારોએ આક્ષેપ કર્યો હતો કે કચેરીમાં પંખા કે પીવાના પાણી જેવી સામાન્ય સુવિધાઓનો પણ અભાવ છે. બેસવાની વ્યવસ્થા ન હોવાથી ઉમેદવારોએ જાતે જ બેન્ચો ગોઠવવી પડી હતી. એક ઉમેદવારે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'અમને સવારે ૯:૦૦ વાગ્યે બોલાવ્યા હતા પરંતુ હજુ સુધી દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી. '' ઉમેદવારોએ વહીવટી તંત્રની આ પ્રકારની બેદરકારી સામે સખત નારાજગી વ્યક્ત કરી હતી.

# રાજકોટમાં ગેસ્ફોર્ડ ચેસ ક્લબ દ્વારા ચેસ ટુર્નામેન્ટ સફળતાપૂર્વક સંપન્ન



રાજકોટ,ગેસ્ફોર્ડ ચેસ ક્લબ, રાજકોટ દ્વારા આયોજીત અને વડતાલ મંદિર સંચાલિત શ્રી બાલાજી હનુમાનજી મંદિર ઉપર આવેલ એ.સી. હૉલ ખાતે ચેસ ટુર્નામેન્ટ રંગેચંગે તા. ૧૩/૦૬ થી ૧૪/૦૬ના રોજ સંપન્ન થયેલ છે.

સૌપ્રથમ વિવેકસાગર સ્વામીજી (બાલાજી મંદિર), વિશાલ સોલંકી, કિશોરસિંહ જેઠવા, વલ્લભભાઈ પીપળીયા, જહાન્વીબેન લાખાણી, હર્ષદભાઈ ડોડીયા, પ્રભાતભાઈ ડાંગર, વિરેન્દ્રસિંહ ઝાલા દ્વારા દિપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટ ખુલ્લી મુકવામાં આવેલ હતી. મુખ્ય મહેમાનોમાં પુરૂષોતમભાઈ રૂપાલા (સાંસદ), દર્શિતાબેન શાહ (ધારાસભ્ય), માધવભાઈ દવે (પ્રમુખ, રાજકોટ શહેર ભાજપ) હાજર રહ્યા હતા.

# જસદણ ખાતે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની અધ્યક્ષતામાં સિંચાઈ વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ

## પીવાના પાણીનો પૂરતો જથ્થો જળવાઈ રહે તે બાબત સુનિશ્ચિત કરવા સરકારનું આગોતરું આયોજન



રાજકોટ,

રાજ્યમાં પીવાના પાણીનો પૂરતો જથ્થો જળવાઈ રહે અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે તે માટે ગુજરાત સરકારે આગોતરું આયોજન હાથ ધર્યું છે. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ સહિત રાજ્યભરના વિવિધ જળાશયોમાં પાણીના સંગ્રહની સ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરી હતી. આ દરમિયાન જળ સંપત્તિ અને જળ પુરવઠા વિભાગોને નર્મદા નેટવર્કના સુમેળભર્યા સંકલન સાથે આગોતરી તૈયારીઓ કરવા સૂચના આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન અનુસાર સૌરાષ્ટ્રમાં સૌની યોજના હેઠળ આવેલા પીવાના પાણીના જળાશયોને અગ્રતાના ધોરણે ભરવાની કામગીરી હાથ ધરવામાં આવશે, જેથી આગામી દિવસોમાં પીવાના પાણીની કોઈ અછત સર્જાય નહીં.

આ સંદર્ભે રાજકોટ જિલ્લામાં પીવાના પાણીની સુવિધાઓને વધુ મજબૂત બનાવવા તેમજ ચોમાસાની સ્થિતિને ધ્યાનમાં રાખીને કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને સિંચાઈ વિભાગના અધિકારીઓની મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન મંત્રીશ્રીએ ચોમાસા પૂર્વે સિંચાઈ વિભાગના તમામ ચાલી રહેલા વિકાસકાર્યો ગુણવત્તાયુક્ત રીતે અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપી હતી. સાથે જ સૌની યોજના અંતર્ગત છોડવામાં આવતા પાણીનું યોગ્ય અને સમાન વિતરણ થાય અને નાગરિકોને પીવાના પાણીની પૂરતી સુવિધા ઉપલબ્ધ રહે તે માટે જરૂરી આયોજન સુનિશ્ચિત કરવા તાકીદ કરી હતી.

સમીક્ષા બેઠકમાં ખાસ કરીને સાણથલી, પ્રતાપપુર, ડોડીયાળા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોને સૌની યોજનાના નેટવર્ક સાથે જોડવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ગામોના નાગરીકોને સિંચાઈનો લાભ ઝડપથી મળી રહે તે માટે વહીવટી અને ટેકનિકલ સ્તરે જરૂરી તમામ પ્રયાસો હાથ ધરવા મંત્રીશ્રીએ અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

હાલ રાજકોટ જિલ્લાના મુખ્ય જળાશય એવા આજી ડેમ-૧માં સતત આશરે ૬૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. આ પાણીના આધારે જિલ્લાના અન્ય જળાશયોને પણ તબક્કાવાર ભરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. વધુમાં, ગોંડલ તાલુકાના આશાપુરા ડેમને પણ નજીકના ભવિષ્યમાં સૌની યોજનાના પાણીથી ભરવામાં આવશે.

બેઠકમાં સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, ટેકનિકલ નિષ્ણાતો, કર્મચારીઓ તથા ગ્રામ્ય વિસ્તારોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન જિલ્લાના જળસંચય, સિંચાઈ વ્યવસ્થા અને પાણીના અસરકારક વિતરણને લઈને વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# રાજકોટમાં બાલાજી હનુમાનજી મહારાજને રંગબેરંગી ફૂલોનો દિવ્ય શણગાર



રાજકોટ,

લાખો ભક્તોની શ્રદ્ધાના પ્રતીક અને રાજકોટવાસીઓના દુ:ખહર્તા એવા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના મંગલમય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) આજે શનિવારના પવિત્ર દિવસે ભક્તિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. શનિદેવ અને હનુમાનજી દાદાની આરાધનાના આ વિશેષ દિવસે બાલાજી દાદાની મૂર્તિને તાજા અને સુગંધિત ફૂલોના દિવ્ય તેમજ મનોહર વાઘા ધારણ કરાવીને અદ્ભુત શણગાર કરવામાં આવ્યો છે.

સોનેરી સિંહાસનના ઝળહળાટ વચ્ચે વિવિધરંગી પુષ્પોની કલાત્મક ગોઠવણથી દાદાનું તેજસ્વી સ્વરૂપ અત્યંત અલૌકિક, મનમોહક અને જીવંત ભાસી રહ્યું છે. આ દિવ્ય અને મનોરમ્ય દર્શનનો લાભ લેવા વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. સમગ્ર મંદિર પરિસર 'જય બાલાજી' અને 'જય બજરંગ બલી' ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું હતું અને ભક્તોએ દાદાના ચરણોમાં શીશ ઝુકાવી પરમ ધન્યતા અનુભવી હતી.આ મંગલમય વિશેષ શણગાર દર્શનનું આયોજન મંદિરના આયોજક મહંતશ્રી વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી શ્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી શ્રી મુનિવત્સલદાસજી સ્વામીની પાવન નિશ્રા અને માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું

# વેરાવળ ચોપાટી ખાતે મહિલાઓએ યોગાભ્યાસ કર્યો



મિતેશ પરમાર, વેરાવળ,

વેરાવળ ચોપાટી ખાતે યોગ દિવસની ઉજવણી પૂર્વે યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. ગુજરાત રાજયોગ બોર્ડ દ્વારા ૨૫૦ થી વધુ બહેનો દ્વારા યોગ પ્રોટોકોલનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અને જિલ્લા યોગ કોર્ડિનેટર શારદાબહેન બાંભણિયાએ આઈકોનિક પ્લેસ સોમનાથ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી થવાની છે. ત્યારે, મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહીને આ દિવસની ઉજવણીમાં સહભાગી થઈ યોગને ઘર ઘર સુધી પહોંચાડવામાં સહભાગી થાય એવી અપીલ કરી હતી.

# રાજકોટમાં ચોમાસુ ઋતુ માટે મનપાની વોર્ડવાઈઝ સંપર્ક નંબરની નવી સુવિધા


## ડ્રેનેજ ચોકઅપની સમસ્યા હોય સ્થાનિક કક્ષાએ જ ઝડપથી નિવારણ આવે તેવી વ્યવસ્થા ગોઠવાઈ

રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકા હવે શહેરના નાગરિકો અગાઉના કોલ સેન્ટરના નંબરો ૦૨૮૧-૨૪૫૦૦૭ અને ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ના સ્થાને માત્ર એક જ શોર્ટ કોડ નંબર ૧૫૫૩૦૪ ડાયલ કરીને રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ અંગે પોતાની ફરિયાદ સરળતાથી નોંધાવી શકશે.

આ ઉપરાંત રાજકોટના શહેરીજનો રાજકોટ મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઈટ આ તેમજ મારફતે પણ ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકે છે. આ વ્યવસ્થા હેઠળ રાજકોટ મહાનગરપાલિકાના કુલ ૪૩ વિભાગો સંબંધિત ફરિયાદો ઓનલાઈન નોંધાવવાની સુવિધા ઉપલબ્ધ છે.અરજદાર દ્વારા ફરિયાદ નોંધાવ્યા બાદ તે ફરિયાદની માહિતી સોફ્ટવેરના માધ્યમથી સંબંધિત વિભાગને તાત્કાલિક પહોંચાડવામાં આવે છે, જેના આધારે સંબંધિત વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ ડિજિટલ વ્યવસ્થાના કારણે ફરિયાદોના નિરાકરણમાં સરળતા અને કાર્યક્ષમતા વધે છે.

ચોમાસાની ઋતુ દરમિયાન ક્યારેક અતિભારે વરસાદને કારણે ડ્રેનેજ ઉભરાવવાની ફરિયાદોમાં વધારો થતો હોય છે. આવા સંજોગોમાં નાગરિકોને વધુ સુવિધા મળી રહે તે માટે કોલ સેન્ટર ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગનો સીધો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી શકાય તેવી વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. લોકહિતાર્થે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજ વિભાગના વોર્ડવાઈઝ સંપર્ક નંબરો, તેમજ આપત્તિજનક પરિસ્થિતિઓમાં મદદરૂપ બને તે માટે ફલડ કંટ્રોલ રૂમ અને ફાયર બ્રિગેડના સંપર્ક નંબરો જાહેર કરવામાં આવ્યા છે.

# રાજકોટ પોસ્ટલ ડિવિઝનમાં ચાર ફ્રેન્ચાઈઝી આઉટલેટ શરૂ કરાશે : અરજીઓ મંગાવાઈ




રાજકોટ,ભારતીય ટપાલ વિભાગ દ્વારા રાજકોટ પોસ્ટલ ડિવિઝનના વિવિધ વિકસિત વિસ્તારોમાં કુલ ૪ ફ્રેન્ચાઈઝી આઉટલેટ શરૂ કરવાની યોજના હાથ ધરવામાં આવી છે. આ માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

ફ્રેન્ચાઈઝી માટે અરજી કરનાર ઉમેદવારની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષ હોવી જરૂરી છે તથા માન્ય શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૨ પાસ હોવું આવશ્યક છે. ઉમેદવારને કોમ્પ્યુટરની જાણકારી સાથે વિભાગીય મોબાઈલ એપ્લિકેશન ચલાવવાની ક્ષમતા હોવી જોઈએ.

ઉપરાંત ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લેખિત તથા મૌખિક સંવાદ કૌશલ્ય, ઋજજઝ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ, આધાર કાર્ડ અને માન્ય પાનકાર્ડ ફરજિયાત રહેશે. ઈચ્છુક ઉમેદવારો સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, રાજકોટ ડિવિઝન, હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડિંગ, બીજો માળ, રાજકોટ કચેરીનો સંપર્ક કરી જરૂરી માહિતી અને અરજીપત્રક મેળવી શકે છે. સંપૂર્ણ વિગતો સાથે ભરેલું અરજીપત્રક તા. ૩૦ જૂન, ૨૦૨૬ સુધીમાં કચેરીએ જમા કરાવવાનું રહેશે.

# જુનાગઢ આઈ.ટી.આઈ. પ્રવેશ માટે દિવ્યાંગ ઉમેદવારોની મેડિકલ ચકાસણી ૨૪ જૂને યોજાશે

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા જૂનાગઢ દ્વારા જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે આઈટીઆઈ પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરનાર જૂનાગઢ અને ગિર સોમનાથ જિલ્લાના દિવ્યાંગ ઉમેદવારોની મેડિકલ ચકાસણી તા. ૨૪ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ ખાતે યોજાશે.

સંબંધિત તમામ ઉમેદવારોએ મેડિકલ ચકાસણી માટે લાયકાત સંબંધિત પ્રમાણપત્રો,દિવ્યાંગતા પ્રમાણપત્ર, જન્મ તારીખનું પ્રમાણપત્ર અથવા લિવિંગ સર્ટિફિકેટ, આધાર કાર્ડ મુજબના મૂળ દસ્તાવેજો તથા તેની એક-એક ઝેરોક્ષ નકલ સાથે નિયત તારીખ અને સમયે રૂબરૂ હાજર રહી મેડિકલ ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. ગેરહાજર રહેનાર ઉમેદવારોની જવાબદારી તેમની પોતાની રહેશે.વધુ માહિતી માટે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

# લેબનોન પર ઈઝરાયલના હુમલાને પગલે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી બંધ કરી દીધું

## ઈઝરાયલી વાયુસેનાએ ડઝનબંધ "આતંકવાદી માળખાં" અને આતંકવાદીઓને ઠાર કરીને બદલો લીધો

તેહરાન,

ઈરાનના સંયુક્ત લશ્કરી કમાન્ડે પુષ્ટિ આપી હતી કે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી બંધ કરવામાં આવ્યો છે, જેમાં લેબનોનમાં ઈઝરાયલી હુમલાઓ અને અમેરિકા "દુષ્ટ વિશ્વાસ" અને યુદ્ધ સમાપ્ત કરવામાં નિષ્ફળ રહીને "તેની પ્રતિબદ્ધતાઓનો સ્પષ્ટ ભંગ" હોવાનું જણાવાયું છે. રાજ્ય ટેલિવિઝન પરના નિવેદનમાં ચેતવણી પણ આપવામાં આવી હતી કે "જો આક્રમણ ચાલુ રહે છે, તો પછીના પગલાંનું આયોજન કરવામાં આવ્યું છે." અઠવાડિયાની શરૂઆતમાં યુએસ-ઈરાન વચ્ચેના વચગાળાના કરાર પર હસ્તાક્ષર થયા પછી જહાજોએ સ્ટ્રેટમાંથી પસાર થવાનું શરૂ કર્યું હતું. દક્ષિણ લેબનોન પર ઈઝરાયલી હુમલામાં ૧૬ લોકોના મોત

શનિવારે દક્ષિણ લેબનોન પર ઈઝરાયલી હુમલામાં બે બાળકો સહિત ઓછામાં ઓછા ૧૬ લોકો માર્યા ગયા, યુદ્ધવિરામ કરારના અહેવાલો બહાર આવ્યાના કલાકો પછી. સતત લડાઈથી મધ્ય પૂર્વમાં યુદ્ધ સમાપ્ત કરવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચેના વચગાળાના કરારને ધમકી મળી.

મીડિયા સુત્રો અનુસાર, ઈરાનના ખાતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટરે ડિજિટલી હસ્તાક્ષરિત સમજૂતી પત્રના પ્રથમ કલમના અમલીકરણના અભાવને ટાંકીને આ પગલું ભર્યું હતું. ઈરાને લેબનોનમાં ઈઝરાયલની કાર્યવાહીની ટીકા કરી હતી, અને તેમને "યુદ્ધવિરામનું અવિરત અને સતત ઉલ્લંઘન" તરીકે માન્યતા આપી હતી, ફાર્સે અહેવાલ આપ્યો હતો.

"યુદ્ધના અંતના કરારના પ્રથમ કલમને અમલમાં મૂકવામાં નિષ્ફળતા અંગે અમેરિકા દ્વારા કરવામાં આવેલા સ્પષ્ટ દુષ્ટ વિશ્વાસ અને કરારના ભંગને ધ્યાનમાં રાખીને, અને દક્ષિણ લેબનોનમાં ઝાયોનિસ્ટ શાસન દ્વારા




યુદ્ધવિરામના અવિરત અને સતત ઉલ્લંઘન અને આ ભૂમિના હજારો પીડિત લોકોના ક્રૂર હત્યાકાંડ અને વિસ્થાપનના પ્રતિભાવમાં, અને દક્ષિણ લેબનોનની ભૂમિ પરથી પાછા ફરવાનો કબજો જમાવનાર ઝાયોનિસ્ટ દળોના ઈનકારને ધ્યાનમાં રાખીને, તે જાહેર કરે છે કે હોર્મુઝની સામુદ્રધુની જહાજોના પસાર થવા માટે બંધ કરવામાં આવશે," એજન્સીએ ઠ પર એક પોસ્ટમાં લખ્યું.

# કેનેડાનો આશ્રય પ્રક્રિયાને આધુનિક અને સમયસર નિર્ણયોને સમર્થન આપવા માટે નવા નિયમોનો પ્રસ્તાવ

## આશ્રય અરજી પ્રક્રિયાને સ્પષ્ટ કરશે મુખ્ય સરકારી સમીક્ષા માટે સમયરેખા સ્થાપિત કરશે

ટોરોન્ટો,

કેનેડાની ઈમિગ્રેશન અને આશ્રય પ્રણાલીઓને મજબૂત બનાવવા માટેના તાજેતરના પગલાં અને તાજેતરમાં આશ્રય દાવાની સંખ્યામાં ઘટાડો થવાને કારણે, કેનેડા સરકાર ન્યાયી, વ્યવસ્થિત અને સુવ્યવસ્થિત આશ્રય પ્રણાલી જાળવવા માટે વધુ પગલાં લઈ રહી છે.

કેનેડા સરકારે સ્ટ્રેન્થનિંગ કેનેડાના ઈમિગ્રેશન સિસ્ટમ અને બોર્ડર્સ એક્ટ દ્વારા રજૂ કરાયેલા તાજેતરના આશ્રય સુધારાઓને અમલમાં મૂકવા માટે પ્રસ્તાવિત નિયમો પ્રકાશિત કર્યા છે. કેનેડિયનો, હિસ્સેદારો અને રસ ધરાવતા સંગઠનોને ૩૦-દિવસના પરામર્શ સમયગાળા દરમિયાન પ્રસ્તાવિત નિયમોની સમીક્ષા કરવા અને પ્રતિસાદ આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે, જેનો અમલ ૨૦૨૬ ના અંતમાં અપેક્ષિત છે.

આ ફેરફારો આશ્રય દાવાઓ કેવી રીતે પ્રાપ્ત થાય છે, પ્રક્રિયા કરવામાં આવે છે અને નિર્ણય લેવામાં આવે છે તે સુધારવા માટે સ્પષ્ટ આવશ્યકતાઓ અને સમયરેખા સ્થાપિત કરશે. આ પગલાં આશ્રય પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે પણ રચાયેલ છે જેથી દાવાઓ વધુ અસરકારક રીતે પ્રક્રિયા કરવામાં આવે જ્યારે જરૂરિયાતમંદોને સુરક્ષિત રાખવા માટેની કેનેડાની પ્રતિબદ્ધતા જાળવી રાખવામાં આવે.

પ્રસ્તાવિત નિયમો દાવાની પ્રક્રિયાને સરળ અને સુવ્યવસ્થિત કરશે અને આશ્રય અરજી પ્રક્રિયાને સ્પષ્ટ કરશે મુખ્ય સરકારી સમીક્ષા માટે સમયરેખા સ્થાપિત કરશે. પાછો ખેંચાયેલા દાવાઓ અને ત્યજી ન હોય તેવા દાવાઓને પુનઃસ્થાપિત કરવા માટેના નિયમોનો ઉલ્લેખ કરશે. નબળા દાવેદારો માટે સમર્થન મજબૂત કરશે.પાત્ર દાવેદારોને વર્ક પરમિટની વહેલી તકે ઍક્સેસ મેળવવામાં મદદ કરશે. નવા અયોગ્યતા નિયમોમાં અપવાદો બનાવશે. આ ફેરફારો આશ્રય પ્રણાલી પર દબાણ ઘટાડવા, કાર્યક્ષમતા સુધારવા અને સિસ્ટમ અખંડિતતાને મજબૂત બનાવવા માટેના તાજેતરના પગલાં પર આધારિત છે, જ્યારે જે લોકોને તેની સૌથી વધુ જરૂર હોય તેમને સમયસર સુરક્ષા પૂરી પાડવાનું ચાલુ રાખશે.

# ભારતના રાષ્ટ્રપતિએ મધ્ય પ્રદેશ ખાતે સામૂહિક યોગ પ્રદર્શનમાં ભાગ લીધો

જબલપુર,

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર, ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ રવિવારે જબલપુર, મધ્ય પ્રદેશ ખાતે એક સામૂહિક યોગ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે બોલતા, રાષ્ટ્રપતિએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસર પર વિશ્વભરના યોગ સાધકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે આજે આપણે ભારતની એ મહાન પરંપરાની ઉજવણી કરી રહ્યા છીએ, જેણે માનવતાને સ્વસ્થ, સંતુલિત અને સાર્થક જીવનનો માર્ગ બતાવ્યો છે. યોગ એ વૈશ્વિક સમુદાયને આપણી સાંસ્કૃતિક વિરાસતની એક અમૂલ્ય ભેટ છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે યોગ એ વ્યક્તિને પોતાના આત્મા સાથે, સમાજને પ્રકૃતિ સાથે અને માનવતાને વિશાળ વૈશ્વિક ચેતના સાથે જોડવાનું એક શક્તિશાળી માધ્યમ છે. એવા સમયે જ્યારે વિશ્વ અસંખ્ય પડકારોનો સામનો કરી રહ્યું છે, ત્યારે યોગ માનવતાને શાંતિ, સંતુલન, સંવાદિતા અને સામૂહિક કલ્યાણ તરફ માર્ગદર્શન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ભારતની પહેલના કારણે ૨૦૧૪માં ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો હતો. એ જાહેરાતે વૈશ્વિક કલ્યાણ માટેના એક શક્તિશાળી માધ્યમ તરીકે યોગની માન્યતાને વધુ મજબૂત બનાવી છે. આજે, ઘણા દેશોમાં લાખો લોકો યોગને તેમના રોજિંદા જીવનનો એક ભાગ બનાવી રહ્યા છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ ની થીમ, 'યોગા ફોર હેલ્ધી એજિંગ' (સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ), સમાજના વરિષ્ઠ સભ્યો માટે સ્વસ્થ, સક્રિય, આત્મનિર્ભર અને ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવામાં યોગની ભૂમિકા પર પ્રકાશ પાડે છે. આજે આપણે જે જીવનશૈલી અપનાવીએ છીએ તે આપણા ભવિષ્યના સ્વાસ્થ્ય અને કલ્યાણનો પાયો બનાવે છે. યોગ વ્યક્તિઓને ઉંમર વધવાની સાથે પણ સક્રિય અને આત્મનિર્ભર રહેવામાં મદદ કરે છે.

# અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ વાન્સ ઈરાન સાથે શાંતિ વાટાઘાટો માટે સ્વિટ્ઝર્લૅન્ડ પહોંચ્યા

## યુએસ તાત્કાલિક પરમાણુ મુદ્દામાં જવા માંગે છે. ઈરાનીઓ લેબનોનમાં લડાઈનો અંત ઈચ્છે છે

યુએસ

યુએસ વાઇસ પ્રેસિડેન્ટ જેડી વાન્સ ઈરાન સાથે શાંતિ વાટાઘાટો માટે સ્વિટ્ઝર્લૅન્ડ પહોંચ્યા કારણ કે બંને રાષ્ટ્રો તેમના યુદ્ધનો કાયમી અંત લાવવા માંગે છે, જ્યારે ઈરાનના દાવાઓ પર અસંમત છે કે તેણે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધો છે. વાટાઘાટોમાં હાજરી આપવા માટે પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફ પણ ઝુરિચ પહોંચ્યા હતા, જ્યાં તેઓ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે જોડાશે.

સ્વિટ્ઝર્લૅન્ડના ફેડરલ ડિપાર્ટમેન્ટ ઑફ ફોરેન અફેર્સે રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મધ્યસ્થીઓની હાજરી સાથેની વાટાઘાટો "સવાર દરમિયાન" સ્વિસ પર્વતીય રિસોર્ટ બુર્ગેનસ્ટોકમાં શરૂ થવાની અપેક્ષા હતી.

પ્રતિનિધિમંડળોનું નેતૃત્વ વાન્સ અને ઈરાની મુખ્ય વાટાઘાટકાર મોહમ્મદ બાઘર ગાલિબાફ કરી રહ્યા છે.

સ્વિટ્ઝર્લૅન્ડ જવા રવાના થતા પહેલા મેરીલેન્ડના જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ ખાતે વાન્સે પત્રકારોને જણાવ્યું હતું કે, "મને લાગે છે કે અમે પરમાણુ મુદ્દા પર પ્રગતિ કરીશું, લેબનોન યુદ્ધવિરામ મુદ્દા પર પ્રગતિ કરીશું," અને "બે દિવસની વાટાઘાટો" થવાની સંભાવના છે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘેઈએ જણાવ્યું હતું કે, કતાર અને પાકિસ્તાન મધ્યસ્થી સાથેની મુલાકાતો બાદ બપોરે રિસોર્ટ ખાતે ઈરાન, અમેરિકા, કતાર અને પાકિસ્તાન વચ્ચે ચતુર્ભુજ બેઠક યોજાશે.

તેમણે ઈંદ્રછ રાજ્ય સમાચાર એજન્સી દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં એમ પણ કહ્યું હતું કે લેબનોનમાં ચાલી રહેલ સંઘર્ષ વાટાઘાટોમાં મુખ્ય એજન્ડા રહેશે, તેમજ ઈરાની ભંડોળ સ્થિર કરવા અને દેશના તેલના વેચાણ જેવા મુદ્દાઓ પણ રહેશે.

સ્વિટ્ઝર્લૅન્ડના બુર્ગેનસ્ટોકથી રિપોર્ટિંગ કરતા મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે વાટાઘાટો દરમિયાન પક્ષો તેમના સ્થાનો વચ્ચેના અંતરને દૂર કરવાનો પ્રયાસ કરશે. "અને તેથી જ તમે ઉચ્ચતમ સ્તરની ભાગીદારી જોઈ રહ્યા છો," તેમણે કહ્યું.

"યુએસ તાત્કાલિક પરમાણુ મુદ્દામાં જવા માંગે છે. ઈરાનીઓ લેબનોનમાં લડાઈનો અંત ઈચ્છે છે". લેબનોનમાં લડાઈ બંધ કરવી એ આ અઠવાડિયે અમેરિકા-ઈરાન યુદ્ધવિરામને ૬૦ દિવસ માટે લંબાવવા અને તેહરાનના પરમાણુ કાર્યક્રમ અને અન્ય મુદ્દાઓ પર વાટાઘાટો શરૂ કરવા માટે વચગાળાના કરારમાં સંમત થયેલી શરતોમાંની એક હતી.

# તમિલનાડુના તિરુવલ્લુરમાં શંકાસ્પદ એમોનિયા ગેસ લીકેજ બાદ ૭ લોકોના મોત

તિરુવલ્લુર,

તમિલનાડુના તિરુવલ્લુર જિલ્લામાં પેરિયાપલયમ નજીક ઝીંગા પ્રોસેસિંગ સુવિધા કન્નિગૈપૈરમાં કથિત એમોનિયા ગેસ લીકેજને કારણે સાત લોકોના મોત થયા છે, જ્યારે ઘણી મહિલાઓ હોસ્પિટલમાં દાખલ છે.

તમિલનાડુના તિરુવલ્લુર જિલ્લામાં પેરિયાપલયમ નજીક કન્નિગૈપૈરમાં સેન્ટ પીટર્સ પોલ સીફૂડ્સ એક્સપોર્ટ્સ સુવિધામાં રવિવારે બપોરે સૌપ્રથમ એમોનિયા ગેસ લીકેજ થયો હતો, જેમાં પ્રાથમિક અહેવાલો દર્શાવે છે કે આ ઘટનામાં ૨૦ થી વધુ લોકો પ્રભાવિત થયા હતા, પીટીઆઈના અહેવાલ મુજબ.

તિરુવલ્લુર જિલ્લા કલેક્ટર એસ કવિતાએ જણાવ્યું હતું કે ગેસ લીકેજથી પ્રભાવિત કુલ ૬૭ કામદારોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા.

તેમાંથી ૪૬ લોકોને વેલ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે ૨૧ લોકોને વેંકટેશ્વર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. ગંભીર હાલતમાં રહેલા નવ દર્દીઓને બાદમાં એમ્બ્યુલન્સ દ્વારા ચેન્નાઈની સરકારી સ્ટેનલી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં અદ્યતન તબીબી સંભાળ માટે ખસેડવામાં આવ્યા હતા, એમ તેમણે ઉમેર્યું. તિરુવલ્લુર જિલ્લા કલેક્ટર કાર્યાલય તરફથી મળેલી ચેતવણી બાદ, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF) ના ૪ થી બટાલિયનના મુખ્ય મથક, અરક્કોનમને કટોકટીનો સામનો કરવા માટે મોકલવામાં આવ્યું હતું.

# જૂનમાં ભારતની રશિયન તેલ આયાતમાં ૩૯%નો વધારો; યુએસ શિપમેન્ટમાં ઘટાડો

## ભારત, ક્રૂડ ઓઈલ, લિક્વિફાઈડ નેચરલ ગેસ અને લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ માટે વિદેશી પુરવઠા પર નિર્ભર

નવી દિલ્હી,

જૂન મહિનામાં ભારતે રશિયાથી ક્રૂડ ઓઈલની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો હતો, જ્યારે સંયુક્ત આરબ અમીરાત (છઈ) માંથી ખરીદી રેકોર્ડ સ્તરની નજીક રહી હતી કારણ કે રિફાઈનર્સ હોર્મુઝ સ્ટ્રેટની આસપાસની અનિશ્ચિતતા દરમિયાન પુરવઠો સુરક્ષિત કરવા માટે આગળ વધ્યા હતા. મેરીટાઈમ અને કોમોડિટી ઈન્ટેલિજન્સ ફર્મ કેપ્લરના ડેટા અનુસાર, ભારતે ૧ જૂનથી ૧૯ જૂન દરમિયાન રશિયાથી સરેરાશ ૨.૬૬ મિલિયન બેરલ પ્રતિ દિવસ (હ્વૅદ્ઘં) ક્રૂડ ઓઈલની આયાત કરી હતી. આ મે મહિનામાં નોંધાયેલા ૧.૯૧ મિલિયન બેરલ પ્રતિ દિવસથી તીવ્ર વધારો હતો, જે ભારતના સૌથી મોટા ક્રૂડ ઓઈલ સપ્લાયર તરીકે રશિયાની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

આ જ સમયગાળા દરમિયાન ે છઈ માંથી આયાત લગભગ ૬૩૬,૦૦૦ બેરલ પ્રતિ દિવસ રહી, જે મે મહિનામાં આયાત કરાયેલા રેકોર્ડ ૬૪૪,૦૦૦ બેરલ પ્રતિ દિવસ કરતા થોડી ઓછી છે. વેનેઝુએલા ભારતના ચોથા સૌથી મોટા સપ્લાયર તરીકે ઉભરી આવ્યું, જેમાં સરેરાશ ૨૦૯,૦૦૦ બેરલ પ્રતિ દિવસ શિપમેન્ટ હતું, જ્યારે સાઉદી અરેબિયા લગભગ ૩૮૪,૦૦૦ બેરલ પ્રતિ દિવસ સપ્લાય કરતું હતું. અમેરિકાથી આયાત ઘટી તેનાથી વિપરીત, કેપ્લરના ડેટા અનુસાર, જૂનમાં યુનાઈટેડ સ્ટેટ્સમાંથી ક્રૂડ ઓઈલની આયાત નોંધપાત્ર રીતે ઘટીને ૯૧,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ, જે એક મહિના અગાઉ ૨૫૨,૦૦૦ બેરલ પ્રતિ દિવસ હતી. તાજેતરના આયાત આંકડા ભારતના ઉર્જા સ્ત્રોતોને વૈવિધ્યીકરણ કરવાના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસઃ ભારતીય નૌકાદળના ૪૦ સબમરીનર્સે પાણીની અંદર યોગ કર્યા

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ પહેલા, INS સતવાહન દ્વારા પાણીની અંદર યોગનું એક અનોખું સત્ર યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિટના ૪૦ સહભાગીઓએ શ્વાસ નિયંત્રણ, એકાગ્રતા, સહનશક્તિ અને સંયમનું અદ્ભુત પ્રદર્શન કર્યું હતું, જ્યારે પાણીની સપાટી નીચે સુમેળભર્યા યોગ મુદ્રાઓની શ્રેણી રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં યોગના પ્રાચીન શાણપણ અને ધીરજને પાણીની અંદરના વાતાવરણ સાથે એકીકૃત રીતે મિશ્રિત કરવામાં આવ્યા હતા, જેમાં શારીરિક તંદુરસ્તી, માનસિક સ્થિતિસ્થાપકતા, ભાવનાત્મક સંતુલન અને કાર્યકારી તૈયારીના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

સહભાગીઓએ નિયંત્રિત શ્વાસ, માઈન્ડફુલનેસ અને શિસ્તનો અનુભવ કર્યો

આ નવીન પહેલ દ્વારા, સહભાગીઓએ પ્રત્યક્ષ અનુભવ કર્યો કે કેવી રીતે નિયંત્રિત શ્વાસ, માઈન્ડફુલનેસ અને શિસ્ત પડકારજનક પરિસ્થિતિઓમાં પ્રદર્શનને વધારી શકે છે.

આ કાર્યક્રમનું સંચાલન લેફ્ટનન્ટ કમાન્ડર આરુષ શર્માના નેતૃત્વમાં ઈન-હાઉસ નૌકા યોગ પ્રેક્ટિશનરો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ભારતીય નૌકાદળની સર્વાંગી સુખાકારીને પ્રોત્સાહન આપવા અને ફિટનેસ માટે નવીન અભિગમો અપનાવવાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે, જ્યારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ" ની ભાવનાને મજબૂત બનાવે છે.

# મજબૂત દરિયાઈ ક્ષમતાઓ વિના કોઈ પણ રાષ્ટ્ર મોટી શક્તિ તરીકે ઉભરી શકે નહીં : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

## પ્રધાનમંત્રી મોદીએ ત્રણ સ્વદેશી નૌકાદળના જહાજો રાષ્ટ્રને સમર્પિત કર્યા

કોલકાતા,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના કોલકાતાના શ્યામાપ્રસાદ મુખર્જી પોર્ટ ખાતે સ્વદેશી રીતે ડિઝાઈન કરાયેલા અને નિર્મિત ત્રણ નૌકાદળના જહાજો - INS દૂનાગિરી, એક અદ્યતન સ્ટીલ્થ ફ્રિગેટ, INS સંશોધક, એક સર્વેક્ષણ જહાજ (મોટું) અને INS અગ્રય, એક એન્ટી-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ, રાષ્ટ્રને સમર્પિત કર્યા. આ સમાવેશો રાષ્ટ્રની ઓપરેશનલ ક્ષમતાઓને નોંધપાત્ર રીતે પ્રોત્સાહન આપશે, દરિયાઈ ક્ષેત્રની જાગૃતિમાં વધારો કરશે અને ભૌગોલિક રાજકીય જોખમો સામે દરિયાકાંઠાના પાણીની સુરક્ષાને મજબૂત કરશે. ત્રણેય જહાજો ભારતીય નૌકાદળના વોરશિપ ડિઝાઈન બ્યુરો દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યા હતા અને કોલકાતામાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા ૨૦૦થી વધુ સ્જીસ્ઈ સહિત ભારતીય ઉદ્યોગની વ્યાપક ભાગીદારી સાથે બનાવવામાં આવ્યા હતા. ૭૫ ટકાથી વધુ સ્વદેશી સામગ્રી સાથે, આ જહાજો આત્મનિર્ભરતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાના પુરાવા પણ છે.

સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આ પ્રસંગ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવી રહેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સાથે સુસંગત છે અને બંગાળની ઐતિહાસિક ભૂમિની મુલાકાત લેવાની તક મળવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો, જેણે ભારતના બૌદ્ધિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય પુનરુત્થાનને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે અને સદીઓથી દરિયાઈ માર્ગો દ્વારા ભારતને વિશ્વ સાથે જોડ્યું છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, ''આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારત, સુરક્ષિત ભારત અને વિકસિત ભારતના માર્ગ તરફની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે''. તેમણે ધ્યાન દોર્યું કે જૂન ૨૧ ને વૈશ્વિક સ્તરે વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે અને તેને એક અદ્ભુત સંયોગ ગણાવ્યો કે ભારતનું સૌથી અદ્યતન હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણ જહાજ, INS સંશોધક, આજ દિવસે કાર્યરત થયું છે.

# પડી ભાંગેલી આરોગ્યસંભાળ વ્યવસ્થા વચ્ચે પેલેસ્ટિનિયન દૂતાવાસે ભારતને તાત્કાલિક તબીબી સહાય માટે અપીલ કરી

ભારત

ભારતમાં પેલેસ્ટાઈનના દૂતાવાસે તબીબી સહાય માટે તાત્કાલિક આંતરરાષ્ટ્રીય અને ભારતીય હસ્તક્ષેપ માટે તાત્કાલિક અપીલ જારી કરી છે, જેમાં ભારપૂર્વક જણાવ્યું છે કે પ્રદેશમાં આરોગ્યસંભાળ ક્ષેત્ર ભંગાણના તબક્કે પહોંચી ગયું છે અને "સંપૂર્ણ પતન" ની ધાર પર છે.

"ભારત પ્રજાસત્તાકમાં પેલેસ્ટાઈન રાજ્યનું દૂતાવાસે ઈઝરાયલી નરસંહાર યુદ્ધ, લશ્કરી હુમલાઓ, તબીબી માળખાના મોટા પાયે વિનાશ, માનવતાવાદી ઍક્સેસ પર ગંભીર પ્રતિબંધો અને નાણાકીય ગળું દબાવવાના પગલાંના સીધા પરિણામે કબજા હેઠળના પેલેસ્ટાઈન પ્રદેશમાં આરોગ્યસંભાળ ક્ષેત્રના વિનાશક પતન પર તેની ઊંડી ચિંતા વ્યક્ત કરી છે," દૂતાવાસે શુક્રવારે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું. "હજારો નિર્દોષ લોકોના જીવ બચાવવાનો આ ચોક્કસ સમય છે. જો ભારત અને ભારતીય લોકો નહીં; તો કોણ? જો હમણાં નહીં; તો ક્યારે? દરેક જીવન મહત્વનું છે," નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

"પેલેસ્ટાઈનના લોકો માનવતાના અંતરાત્મા તરફ અને ન્યાય, માનવતાવાદી મૂલ્યો, વસાહતી વિરોધી સિદ્ધાંતો અને દલિત લોકો માટે સમર્થન પ્રત્યે ભારતની ઐતિહાસિક પ્રતિબદ્ધતા તરફ નજર રાખવાનું ચાલુ રાખે છે," તેમાં ઉમેર્યું.

દૂતાવાસે ભારતને "આરોગ્ય મૈત્રી" માનવતાવાદી પહેલ હેઠળ તબીબી સહાય પૂરી પાડવા માટે પણ હાકલ કરી, જે વૈશ્વિક આરોગ્ય અને આપત્તિ રાહત પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને વિસ્તૃત કરે છે.

"તાજેતરમાં, ભારતના માનનીય પ્રધાનમંત્રી, મહામહિમ નરેન્દ્ર મોદીએ "આરોગ્ય મૈત્રી" પ્રોજેક્ટની જાહેરાત કરી હતી, જ્યાં તેમણે વચન આપ્યું હતું, અને હું તેમના શબ્દો ટાંકું છું: "આ પ્રોજેક્ટ હેઠળ, ભારત કુદરતી આફતો અથવા માનવતાવાદી કટોકટીથી પ્રભાવિત કોઈપણ વિકાસશીલ દેશને આવશ્યક તબીબી પુરવઠો પૂરો પાડશે." નિવેદનમાં અંતિમ અવતરણ વાંચવામાં આવ્યું છે. દૂતાવાસે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના ડેટાને ટાંકીને "અભૂતપૂર્વ માનવતાવાદી આપત્તિ" તરીકે વર્ણવેલ તેનું વિગતવાર વર્ણન કર્યું. દૂતાવાસે જણાવ્યા અનુસાર, પ્રદેશની ૩૬ હોસ્પિટલોમાંથી ફક્ત ૧૯ હોસ્પિટલો "આંશિક રીતે કાર્યરત" છે, જ્યારે ગાઝામાં હોસ્પિટલોની વિનાશક સ્થિતિ પર પણ ભાર મૂકે છે, સાથે સાથે દવાઓ, સાધનો, ડાયાલિસિસ પુરવઠો, રક્ત એકમો અને હોસ્પિટલ જનરેટર ચલાવવા માટે બળતણની "ગંભીર અછત" પણ છે.

"ચાલુ ઈઝરાયલી નરસંહાર યુદ્ધના ૯૮૬મા દિવસે, ગાઝા પટ્ટીમાં આરોગ્યસંભાળ વ્યવસ્થા વિનાશના અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગઈ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અનુસાર, અત્યંત મર્યાદિત કટોકટીની પરિસ્થિતિઓમાં ૩૬ માંથી ફક્ત ૧૯ હોસ્પિટલો આંશિક રીતે કાર્યરત છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચેતવણી આપી છે કે ગાઝાની આરોગ્ય વ્યવસ્થા ભંગાણના તબક્કે પહોંચી ગઈ છે," નિવેદનમાં નોંધવામાં આવ્યું છે. દૂતાવાસે બગડતી સારવાર સુવિધાઓ વચ્ચે હજારો દર્દીઓના તબીબી સ્થળાંતરની તાત્કાલિક જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો. "આંતરરાષ્ટ્રીય માનવતાવાદી સંગઠનોએ એનેસ્થેસિયા, એન્ટિબાયોટિક્સ, ડાયાલિસિસ પુરવઠો, રક્ત એકમો, સર્જિકલ સાધનો, ઈન્સ્યુલિન અને હોસ્પિટલ જનરેટર ચલાવવા માટે જરૂરી બળતણની ગંભીર અછતની વધુ જાણ કરી છે.

# ભારતે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ દ્વારા લઘુમતીઓ અને ધાર્મિક સ્થળો સાથેના વર્તન અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓ ફગાવી

નવી દિલ્હી,

ભારતે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી દ્વારા ભારતમાં લઘુમતીઓ અને ધાર્મિક સ્થળો સાથેના વર્તન અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓને સખત રીતે નકારી કાઢી છે, તેમની ટિપ્પણીઓને દેશના આંતરિક બાબતોમાં પાયાવિહોણી દખલગીરી ગણાવી છે.

આ નિવેદનના જવાબમાં, વિદેશ મંત્રાલય (MEA) ના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ભારત પાકિસ્તાની રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને "સ્પષ્ટપણે નકારી કાઢે છે". તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઝરદારીને ભારતના સ્થાનિક અધિકારક્ષેત્રમાં આવતા મુદ્દાઓ પર ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી.

"ભારત પાકિસ્તાનના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલી બિનજરૂરી

## વિવિધ ધર્મોના લઘુમતી સમુદાયોને નિશાન બનાવવા અને હાંસિયામાં ધકેલી દેવાનો પાકિસ્તાનનો ઈતિહાસ વૈશ્વિક ચિંતાનો વિષય

ટિપ્પણીઓને સ્પષ્ટપણે નકારી કાઢે છે. તેમને કોઈપણ સંજોગોમાં, ભારતની આંતરિક બાબતો પર ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી," તેમણે કહ્યું.

પાકિસ્તાની રાષ્ટ્રપતિ કાર્યાલય તરફથી એક સોશિયલ મીડિયા પોસ્ટ પછી આ તીવ્ર પ્રતિક્રિયા આવી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઝરદારીએ વારાણસીમાં ૧,૦૦૦ વર્ષ જૂની મસ્જિદ ગંજ શહીદા સહિત ભારતમાં ઐતિહાસિક મુસ્લિમ ધાર્મિક સ્થળોના કથિત ધ્વંસ અને તેમને ધમકીઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

લઘુમતીઓ સાથેના વ્યવહાર અંગે MEA એ પાકિસ્તાનનો ખુલાસો કર્યો

તેની પ્રતિક્રિયામાં,(MEA) એ કહ્યું કે પાકિસ્તાનના પોતાના માનવાધિકાર રેકોર્ડને ધ્યાનમાં રાખીને આ ટિપ્પણીઓ ખાસ કરીને વ્યંગાત્મક હતી. પ્રવક્તાએ નોંધ્યું કે પાકિસ્તાને લઘુમતીઓ સાથેના વ્યવહાર અને તેમના અધિકારોનું રક્ષણ કરવામાં નિષ્ફળતા બદલ લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે ટીકાનો સામનો કરવો પડ્યો છે.

જયસ્વાલે કહ્યું કે વિવિધ ધર્મોના લઘુમતી સમુદાયોને નિશાન બનાવવા અને હાંસિયામાં ધકેલી દેવાનો પાકિસ્તાનનો ઈતિહાસ સારી રીતે દસ્તાવેજીકૃત છે અને તે વૈશ્વિક ચિંતાનો વિષય છે.

MEA કહે છે કે ઝરદારીની ટિપ્પણીઓ રાજકીય રીતે પ્રેરિત છે

તેમણે ઝરદારીની ટિપ્પણીઓને ચિંતાની વાસ્તવિક અભિવ્યક્તિને બદલે રાજકીય રીતે પ્રેરિત હુમલો ગણાવ્યો. MEA અનુસાર, આ ટિપ્પણીઓ અસહિષ્ણુતા અને પૂર્વગ્રહમાં મૂળ ધરાવતી પાકિસ્તાનની લાંબા સમયથી ચાલતી નીતિઓને પ્રતિબિંબિત કરે છે.

"આ ટિપ્પણીઓ ખાસ કરીને વાહિયાત છે કારણ કે માનવાધિકાર પર પાકિસ્તાનનો પોતાનો ખરાબ રેકોર્ડ છે, જે વૈશ્વિક ટિપ્પણીનો વિષય છે. વિવિધ ધર્મોમાં લઘુમતીઓને વ્યવસ્થિત રીતે નિશાન બનાવવા અને પીડિત કરવાનો પાકિસ્તાનનો લાંબો ઈતિહાસ કુખ્યાત છે," MEA પ્રવક્તાએ કહ્યું.

# ૧૫ વર્ષીય સગીરા પર ૧૬ વર્ષીય સગીરે દુષ્કર્મ આચર્યું!

## લગ્નની લાલચ આપી રાજકોટથી સુરત લઈ ગયા બાદ કુકર્મ આચર્યું, પીડિતાના પિતાની ફરિયાદ

રાજકોટ:

રાજકોટમાં વધુ એક દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. શહેરના એક વિસ્તારમાં રહેતી સગીરાનું તેની પાડોશમાં જ રહેતા સગીર દ્વારા અપહરણ કરી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. સગીરા સાથે મિત્રતા કેળવ્યા બાદ લગ્નની લાલચ આપી સુરત લઈ જવામાં આવી હતી. જ્યાં સગીર આરોપીએ દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. સગીરાના પિતાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ પાસેથી પ્રાપ્ત વિગત મુજબ, શહેરમાં રહેતી એક સગીરા કે જેની ઉંમર ૧૫ વર્ષ, ૯ માસ અને ૨૬ દિવસ છે. તેની સાથે પડોશમાં જ રહેતા ૧૬ વર્ષીય સગીરે પહેલા મિત્રતા કેળવી હતી અને ત્યારબાદ સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કરી સુરત લઈ ગયો હતો. જે બાદ ત્યાં સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. ૧૩ જૂનના બનેલી આ ઘટના અંગે સગીરાના પિતાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં પુત્રીના અપહરણની ફરિયાદ નોંધાવી હતી.પોલીસ તપાસ કરતા અધિકારી ACP રાજેશ બારીઆએ જણાવ્યું હતું કે, સગીરાનું અપહરણ કરનાર આરોપી સગીર છે અને પડોશમાં જ રહે છે. સગીર લગ્નની લાલચ આપી સગીરાનું અપહરણ કરી ગયો હતો અને ત્યારબાદ સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. જોકે આ બાબતે ફરિયાદ નોંધાતા સગીરને ઝડપી લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# રાજકોટમાં હિટ એન્ડ રન:કંપારી છૂટી જાય તેવો અકસ્માત સર્જાયો

## બેફામ કારે મોપેડ ચાલકને ઉડાવ્યો, હૃદય કંપાવનારા દ્રશ્યો CCTVમાં કેદ

## કારમાં ૫ સગીર સવાર હતા!અકસ્માત સર્જી ભાગવા જતાં કાર બોર્ડ સાથે અથડાઈ





રાજકોટ:રાજકોટના રૈયા રોડ પર રવિવારે સવારે કંપારી છૂટી જાય તેવો અકસ્માત સર્જાયો હતો. આમ્રપાલી અંડરબ્રિજ નજીકથી પસાર થઈ રહેલી એક પૂરપાટ ઝડપે જતી કાર સ્પીડબ્રેકર પર એટલી જોરદાર અથડાઈ હતી કે તે હવામાં ઉછળી હતી. ત્યારબાદ બેકાબૂ બનેલી આ કારે માર્ગ પરથી પસાર થઈ રહેલા એક મોપેડ સવાર વૃદ્ધને અડફેટે લીધા હતા, તે હવામાં ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. આ ભયાનક અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, મોપેડ સવાર વૃદ્ધને જોરદાર ટક્કર માર્યા બાદ કારચાલકે ઘટનાસ્થળેથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન કારે માર્ગમાં અન્ય બે વાહનોને પણ હડફેટે લીધા હતા. અંતે ઘટનાસ્થળેથી આશરે ૨૦૦ મીટર દૂર એક શેરીમાં વળવા જતાં આ બેકાબૂ કાર એક વૃક્ષ પાસે આવેલા બોર્ડ સાથે ધડાકાભેર અથડાઈને અટકી ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે અથડાતાંની સાથે જ કારની એરબેગ્સ ખુલી ગઈ હતી. કાર અથડાયા બાદ ચાલક સહિત તેમાં સવાર તમામ લોકો કારને ત્યાં જ મૂકીને ફરાર થઇ ગયા હતા. અકસ્માત મામલે સુલેખાકુમારી નામની મહિલાએ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા મુજબ આજરોજ સવારના પોણા આઠેક વાગ્યા આસપાસ તેમના ૪૪ વર્ષીય પતિ રાકેશકુમાર અર્જુનપ્રસાદ મથુરી પોતાની GJ-37-C-4247 નંબરની યામાહા કંપનીની સિગ્નસ આલ્ફા મોટરસાયકલ ચલાવીને જઇ રહ્યા હતા. આ દરમિયાન એક કાળા કલરની હુન્ડાઈ કંપનીની વર્ના કાર રજીસ્ટ્રેશન નંબર GJ-01-KZ-2911ના ચાલકે પોતાની કાર પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટરસાયકલને પાછળથી જોરદાર અડફેટમાં લીધી હતી. અકસ્માતના કારણે રાકેશકુમારને માથાના ભાગે હેમરેજ જેવી ગંભીર ઈજા તેમજ જમણા હાથના ભાગે ફ્રેક્ચર અને શરીરે અન્ય ઈજાઓ પહોંચી હતી. હાલ આ મામલે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી.ઝાલા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા મોપેડચાલકની ઓળખ રમેશ કુમાર તરીકે થઈ છે, જે રેલવેના કર્મચારી છે. અકસ્માતને પગલે રસ્તા પર પટકાતાં તેમને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત થતાં જ આસપાસના લોકોના મોટા ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને ઈજાગ્રસ્ત રમેશ કુમારને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

પ્રત્યક્ષદર્શીઓ જણાવ્યાનુસાર, કાર કોઈ પુખ્ત વયની વ્યક્તિ નહીં પરંતુ એક સગીર ચલાવી રહ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે કાર ચાલક સહિત કારમાં કુલ પાંચ સગીરો સવાર હતા, જેઓ સવારે યોગા ક્લાસમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. વધુમાં અકસ્માત સર્જનાર આ કારની પાછળના ભાગે કોઈ નંબર પ્લેટ પણ લગાવેલી નહોતી.આ ગંભીર મામલાની જાણ થતાં જ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તપાસમાં જોડાયો હતો. કાર ચલાવનાર સગીર હોવાનું સામે આવતાં પોલીસે તાત્કાલિક તેના પિતાને પોલીસ સ્ટેશને હાજર થવા ફરમાન કર્યું હતું. પોલીસે સગીરના પિતાને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે બોલાવીને આ અંગે વિગતવાર નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# વેપારીએ સિક્યુરિટી ગાર્ડના નામે ૨૪.૫૦ લાખની કાર લોન પર લીધી, ૨ હપ્તા ભર્યા બાદ ફોન બંધ કરી ફરાર

રાજકોટ:રાજકોટના મોટામવા વિસ્તારમાં રહેતા અને સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા એક ૬૦ વર્ષના નિવૃત્ત પ્રૌઢ સાથે રૂ.૨૪.૫૦ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

‘મારા આધાર કાર્ડમાં ફિંગરપ્રિન્ટ સ્કેન નથી થતા એટલે લોન પાસ નથી થતી’ તેવું બહાનું બતાવી ઓફિસના પાર્ટનરે સિક્યુરિટી ગાર્ડના નામે જ મોંઘીદાટ ઈનોવા ક્રિસ્ટા કાર ફાઈનાન્સ કરાવી લીધી હતી. શરૂઆતના બે મહિના હપ્તા ભર્યા બાદ આરોપી કાર લઈને પલાયન થઈ જતા રાજકોટ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.આ બનાવમાં મોટા મવા વિસ્તારમાં રહેતા ગિરિશભાઈ પ્રવીણચંદ્ર ભટ્ટ (ઉં.વ.૬૦)એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રામ રંગાણી (રહે. સફલ રેસિડેન્સી, રાજકોટ)નું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમના મિત્ર સુધીરભાઈ ખૂંટે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર લેવલ-૬ બિલ્ડિંગમાં આવેલી ટ્રેડિંગની ઓફિસે સિક્યુરિટી ગાર્ડ તરીકે તેઓને નોકરીએ રાખ્યા હતા.

નોકરીના એક મહિના પછી રામભાઈ રંગાણી નામના વ્યક્તિ આ ઓફિસમાં પાર્ટનર તરીકે જોડાયા હતા. ઓક્ટોબર ૨૦૨૫માં રામભાઈએ ગિરિશભાઈને વિશ્વાસમાં લીધા હતા. રામભાઈએ ગિરિશભાઈને કહ્યું કે, “મારે ઈનોવા ગાડી લોન પર લેવી છે, પણ મારા આધાર કાર્ડ વેરિફિકેશનમાં હાથના ફિંગરપ્રિન્ટ સ્કેન થતા નથી, જેથી લોન મંજૂર થતી નથી’. જો ગિરિશભાઈ પોતાના નામે લોન કરાવે તો તમામ હપ્તા પોતે નિયમિત ભરી આપશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

રાજકોટના શો-રૂમમાં ગાડી ન મળતા આરોપી રામભાઈના સુરત રહેતા બે પાર્ટનરો (રૂપેશ અને અરુણ) મારફતે સુરતની નાણાવટી ટોયોટા એજન્સીમાંથી ગિરિશના નામે ટોયોટા ફાઈનાન્શિયલ સર્વિસ ઈન્ડિયા લિમિટેડમાંથી રૂ.૨૪.૫૦ લાખની લોન મંજૂર કરાવાઈ હતી. લોન પેટે દર મહિને રૂ.૮૮,૧૯૦ના ૩૧ હપ્તા નક્કી થયા હતા. માત્ર બે હપ્તા ભર્યા બાદ ફરાર થઈ ગયા હતા.

ગાડી આવ્યા બાદ રામભાઈ રંગાણીએ શરૂઆતના માત્ર બે મહિના જ ગાડીના હપ્તા ભર્યા હતા. ત્યારબાદ તેઓ અચાનક ઓફિસ બંધ કરીને ગાયબ થઈ ગયા હતા. ફાઈનાન્સ કંપનીના હપ્તા ચડત થતા આરોપીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે બંને નંબર બંધ આવ્યા હતા. પોતાની સાથે પૂર્વયોજિત કાવતરું રચીને વિશ્વાસઘાત થયો હોવાનું જણાતા ગિરિશભાઈએ આખરે પોલીસના દ્વાર ખખડાવ્યા છે.

# રાજકોટ રેન્જ પોલીસે ૪.૬૫ લાખનો દારૂ ઝડપ્યો, નામચીન બુટલેગર ’ડબલી’નું નામ ખુલ્યું

રાજકોટ:રાજકોટ રેન્જ પોલીસે દારૂબંધી વિરોધી ઝુંબેશમાં વધુ એક મોટી સફળતા મેળવી છે. જેતપુર વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના મોટા જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ રૂ. ૪.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસ દરમિયાન નામચીન બુટલેગર અનિલ ઉર્ફે ડબલી મનસુખભાઈ બારૈયાનું નામ પણ સામે આવ્યું છે.મળતી માહિતી મુજબ, રાજકોટ રેન્જના આઈજી નિલિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદેસર દારૂબંધી અને જુગારની પ્રવૃત્તિઓ સામે સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. રાજકોટ રેન્જના પોલીસ ઈન્સ્પેક્ટર અપુર્વ પટેલના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ દરમિયાન સ્ટાફના દિવ્યેશભાઈ સુવા, શિવરાજસિંહ ઝાલા અને નિકુલભાઈ પંપાણીયાને



મળેલી ચોક્કસ બાતમીના આધારે પી.એસ.આઈ. બી.સી. મીયાત્રા તેમજ પોલીસ કોન્સ્ટેબલ અનિરુદ્ધસિંહ જાડેજા સહિતની ટીમ દ્વારા જેતપુરના ફૂલવાડી ઢોરા પાસે રોડ ઉપર વોચ ગોઠવવામાં આવી હતી. વોચ દરમિયાન હોન્ડા અમેઝ કારમાં દારૂની હેરાફેરી કરતા વસીમભાઈ ઈકબાલભાઈ સોલંકી અને વિશેષ ભુપેશભાઈ પરમારને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે કારની તપાસ કરતા ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૧,૨૦૦ બોટલ મળી આવી હતી, જેની કિંમત અંદાજે રૂ. ૧.૫૦ લાખ થાય છે. ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી હોન્ડા અમેઝ કાર, જેની કિંમત રૂ. ૩ લાખ તથા બે મોબાઈલ ફોન કિંમત રૂ. ૧૫ હજાર સહિત કુલ રૂ. ૪.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.તપાસ દરમિયાન ઝડપાયેલા આરોપીઓએ આ દારૂનો જથ્થો અનિલ ઉર્ફે ડબલી મનસુખભાઈ બારૈયા, રહે. બાપુની વાડી, જેતપુર પાસેથી મેળવ્યાનું બહાર આવ્યું છે. જેના આધારે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં અનિલ ઉર્ફે ડબલી વિરુદ્ધ પણ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે અનિલ ઉર્ફે ડબલી સામે અગાઉથી જ દારૂબંધી, પાસા અને હદપારી સહિત કુલ ૭૪ જેટલા ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. હાલ જેતપુર સિટી પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ભીંડી જવેલર્સના માલિકે ૧.૨૫ કરોડનું ફૂલેકું ફેરવ્યું

## રાજકોટમાં સોનાના દાગીના લઈ ૧૯ વેપારીઓને નાણા ન અપાતા CPને રજૂઆત

રાજકોટ:રાજકોટમાં ભીડી જવેલર્સના વિકાસ ભીડીએ રૂ.૧.૨૫ કરોડનું ફુલેકું ફેરવ્યું હોવાનું સામે આવ્યું છે. સોનાનો માલ લઈ નાણાં ન ચૂકવતા સોની વેપારીએ ૧૯ વેપારીઓ સાથે છેતરપીંડી કરી છે. જોકે હાલ ૬ વેપારીઓએ પોલીસ કમિશનરને રજૂઆત કરી છે અને ન્યાય આપવાની માંગણી કરી છે.હેમલ લોઢિયાએ જણાવ્યું હતું કે, તુલજા ભવાની પેલેસ પેઢી ધરાવું છું. વિકાસ જ્વેલર્સ પ્રાઈવેટ લિમિટેડના માલિક વિકાસ ભીડીને અમે સોનાનો માલ આપતા હતા અને અચાનક એક દિવસ દુકાને તાળા મારીને નીકળી ગયા. ૧૫ દિવસ બાદ તેઓ પરત આવ્યા અને ૧૯ જેટલા વેપારીઓને બોલાવી તેની સાથે બેઠક કરી અને બધાને કહ્યું હતું કે, અમે તમારું સોનુ પરત આપી દેશે જેનું વિડીયો રેકોર્ડિંગ પણ અમારી પાસે છે. જેથી અમે કહ્યું કે તમે કંઈક લેખિતમાં આપો. જોકે અમને જવાબ મળ્યો કે અમે લેખિતમાં ન આપીએ અને અમારી રીતે આપી દઈશું તેવું કહી અમારી સાથે છેતરપિંડી કરી છે. અમે પોલીસ કમિશનરને રજૂઆત કરી છે કે અમને ન્યાય આપવામાં આવે. અમે ૬ વેપારીઓએ અરજી કરી છે અને અમારું ૮૦૦ ગ્રામથી



વધુ સોનુ છે.

જ્યારે એડવોકેટ પરેશ કુકડિયાએ જણાવ્યું હતું કે, હિમાંશુ પાલા, હિરેનભાઈ, ભુપત લોઢીયા, રક્ષિત લોઢીયા, હેમલ લોઢિયા અને દીપેન લોઢીયા ઉપરાંત ૧૫ વેપારીઓ સાથે વિકાસ સોની અને તેમના પત્ની બીનાબેન સોની ઉપરાંત જયકિશન મેસવાણીયા દ્વારા છેતરપિંડી કરવામાં આવી છે. જેઓએ વેપારીઓ પાસેથી માલ લઈ રૂ.૧.૨૫ કરોડ પરત આપ્યા નથી.રાજકોટમાં સબસિડી મેળવવાના કાગળો હોવાનું કહી ફેબ્રિકેશન મજૂર જીતુભાઈ ભાભુભાઈ પરમાર પાસેથી સહી અને અંગૂઠાના નિશાન લેવડાવી ૧૪ લાખ રૂપિયાની પ્રોમિસરી નોટ તૈયાર કરી ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ સામે આવી છે. ફરિયાદ મુજબ જગદીશભાઈ કિશોરભાઈ ટીબલીયાએ પારિવારિક સંબંધનો લાભ લઈને વકીલની ઓફિસમાં સબસિડી સંબંધિત દસ્તાવેજો હોવાનું કહી અનેક કાગળો પર સહી કરાવી હતી.

જે પછી પોલીસી પ્રીમિયમના રૂપિયા માંગવા બાબતે વિવાદ દરમિયાન જાણવા મળ્યું કે સબસિડીના દસ્તાવેજોના બદલે ૧૪ લાખ રૂપિયા હાથ ઉછીના લીધા હોવાનું દર્શાવતી પ્રોમિસરી નોટ પર સહી કરાવવામાં આવી હતી. આ ઉપરાંત ફરિયાદીએ આરોપ મૂક્યો છે કે તેમના ડી.સી.બી. બેંક ખાતાની ચેકબુકનો ઉપયોગ કરી કેટલાક ચેકમાં રકમ અને તારીખ ભરી વકીલ મારફતે ૧૪ લાખ રૂપિયાની નોટિસ પણ મોકલવામાં આવી હતી.આ મામલે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટ LCBએ ત્રણ વર્ષથી ફરાર બે આરોપીઓને પકડ્યા

## ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના આરોપીની ધરપકડ

રાજકોટ:રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચએ ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. બંને આરોપીઓને આગળની કાર્યવાહી માટે ઉપલેટા પોલીસને સોંપવામાં આવ્યા છે.આ ગુનો ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. આ કેસમાં લાલશાહીથી ચાર્જશીટમાં ફરાર જાહેર કરાયેલા આરોપીઓ સરમ ઉર્ફે સારમ જામસિંગ શિંગાળ અને બબલુ જામસિંગ શિંગાળનો સમાવેશ થાય છે. બંને મૂળ ચામઝર ગામ, નરવાળી ફળીયુ, તા. કુકસી, જી. ધાર, મધ્યપ્રદેશના રહેવાસી છે.



LCBને ચોક્કસ બાતમી મળી હતી કે આ બંને આરોપીઓ મુંબઈના બોઈસર શાકમાર્કેટ ખાતે છે. આ માહિતીના આધારે તપાસ કરતા બંને આરોપીઓ મળી આવ્યા હતા. તેમની સહમતીથી તેમને ઉપલેટા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.

પૂછપરછ દરમિયાન, આરોપીઓએ કબૂલ્યું હતું કે તેમણે ૨૦૨૩માં ઉપલેટા ખાતે એક મકાનમાંથી સોનાના દાગીના, રોકડ રકમ અને પાર્કિંગમાંથી બે મોટરસાયકલની ચોરી તેમના સાગરીતો સાથે મળીને કરી હતી. આ ગુનો કર્યા બાદ તેઓ ફરાર હતા. ત્યારબાદ બંનેને ઉપલેટા પોલીસ સ્ટેશનને વધુ કાર્યવાહી માટે સોંપવામાં આવ્યા છે.

# આટકોટ: ૨૦ વીઘા જમીન પરથી દબાણ હટાવાયું

આટકોટ:જસદણ તાલુકાના આટકોટમાં કૈલાસનગર વિસ્તાર પાસે નવા ગામતળ માટે મંજૂર થયેલી આશરે ૨૦ વીઘા સરકારી જમીન પર થયેલું ગેરકાયદે દબાણ તંત્ર દ્વારા હટાવવામાં આવ્યું હતું. મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને પોલીસ કાફલાએ ઘટનાસ્થળે પહોંચીને જેસીબી તેમજ ટ્રેક્ટરની મદદથી આ કામગીરી હાથ ધરી હતી. અગાઉ નોટિસ આપવા છતાં દબાણ ન હટાવાતા આ વહીવટી પગલાં લેવાયાં હતાં.

આટકોટમાં નવું ગામતળ મંજૂર થયું છે, જ્યાં લાયકાત ધરાવતા ટૂંક સમયમાં ૧૦૦-૧૦૦ ચોરસ વારના પ્લોટની ફાળવણી કરવાની પ્રક્રિયા ચાલું છે. આ પ્લોટિંગ માટે નક્કી કરાયેલી સર્વે નંબર ૨૫૫ ની જમીન પર ગેરકાયદે બાંધકામ અને દબાણ કરી લીધું હતું. તંત્ર દ્વારા નોટિસ ફટકારવામાં આવી હોવા છતાં દબાણકારોએ જગ્યા ખાલી કરી ન હતી. દબાણ હટાવવાની આ કામગીરી દરમિયાન જસદણ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ), આટકોટ ગામના સરપંચ, તલાટી કમ મંત્રી તેમજ પોલીસ સ્ટાફનો મોટો કાફલો હાજર રહ્યો હતો.તંત્રની આ કડક કાર્યવાહીને પગલે અન્ય સરકારી જમીન પર દબાણ કરનારાઓમાં પણ ચર્ચા જાગી છે. વહીવટી તંત્રે જણાવ્યું હતું કે મુક્ત કરાયેલી આ જમીન પર હવે ટૂંક સમયમાં જ પ્લોટ ફાળવણીની આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

## વિધવા માતાએ એકનો એક પુત્ર ગુમાવ્યો

# પ્રેમિકાની દગાબાજીના કારણે ડિપ્રેશનમાં સરી પડેલા યુવકનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ:રાજકોટના સદરબજારમાં રહેતા યુવકે આમ્રપાલી અન્ડરબ્રિજ સિટી સેન્ટર પાછળ કાકાના ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ઘેરો શોક છવાયો છે.પ્રેમિકાએ બે વર્ષ પ્રેમની રમત રમી અન્ય સાથે પરણી લીધા બાદ પણ યુવકને એક વર્ષ સુધી લગ્નના જૂઠા વાયદા કર્યા, અંતે મોઢું ફેરવી જતા યુવાને અંતિમ પગલું ભરી લીધું હતું.

શહેરના સદર બજાર શેરી નં.૩માં રહેતા મિહિર પંકજભાઈ જાજેરા(ઉં.વ.૨૩) નામના યુવકે રવિવારે અઢી વાગ્યા આસપાસ આમ્રપાલી અન્ડરબ્રિજ સિટી સેન્ટર પાછળ તેના કાકાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મિહિરને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા, પરંતુ હોસ્પિટલમાં સારવાર લીધા પૂર્વે જ યુવકે દમ તોડી દીધો હતો.આપઘાત કરનાર યુવકના કાકા જીતુભાઈએ જણાવ્યા અનુસાર, તેમનો ભત્રીજો ત્રણેક વર્ષથી સાધુ વાસવાણી રોડ નજીક રહેતી એક મહિલાના પ્રેમમાં હતો. ભત્રીજાની પ્રેમિકાએ અન્ય સાથે લગ્ન કર્યા બાદ પણ છેલ્લા એક વર્ષ સુધી મિહિરને લગ્નના જૂઠા વાયદા કર્યા, અંતે કોઈ નિશ્ચિત જવાબ ન આપતા મિહિરે અંતિમ પગલું ભરી લીધું હતું.

# પડધરીમાં ૨.૫૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## મોટા ખીજડીયા ગામમાંથી દારૂના જથ્થા સાથે એકની ધરપકડ

રાજકોટ:પડધરી પોલીસે મોટા ખીજડીયા ગામની એક વાડીમાંથી ૨,૫૧,૦૦૦ ની કિંમતનો ૧૩૯૫ બોટલ વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસને મળેલી બાતમી મુજબ, આ વાડીમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરાતું હતું. આ માહિતીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી એક આરોપીની ધરપકડ કરી છે. જોકે, આ કેસમાં સંડોવાયેલો અન્ય એક આરોપી હજુ ફરાર છે, જેને ઝડપી પાડવા માટે પોલીસે વધુ




તપાસ અને શોધખોળ હાથ ધરી છે.

પડધરી પોલીસ દ્વારા દારૂબંધીના કાયદાના કડક અમલ માટે સતર્કતાપૂર્વક કામગીરી કરવામાં આવી રહી છે.

# પરિણીતાના ઘરમાં પુરુષ મિત્રએ તોડફોડ કરી ખૂનની ધમકી આપી

રાજકોટ:મવડી પાળ રોડ પર આવેલી લાભુભાઈ પારેખ ટાઉનશિપમાં રહેતી ૩૩ વર્ષીય પરિણીતા તેજલબેન બાબરિયાને તેના જ બોટાદના પુરુષ મિત્ર ઘનશ્યામ બાબુ ભરાડિયાએ ઢોરમાર મારી, ઘરમાં ઘૂસીને તોડફોડ મચાવી હોવાની સનસનાટીભરી ફરિયાદ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે. લુખ્ખાએ પરિણીતા, તેના રિક્ષાચાલક પતિ અરુણ અને ૧૦ વર્ષના માસૂમ પુત્ર ડેનિસને જાનથી મારી નાખવાની ધમકી આપી છે.પરિણીતાને અગાઉ પતિ સાથે અણબનાવ હોવાથી રૈયા ચોકડી પાસે રહેતી હતી. ત્યારે મિત્રતાના દાવે ઘનશ્યામ અવારનવાર ઘરે રહેવા આવતો હતો. જોકે, ઘનશ્યામ વાળ ખેંચીને અસહ્ય મારપીટ કરી માનસિક ટોર્ચર કરતો હોવાથી કંટાળીને પરિણીતાએ તેને ઘરેથી કાઢી મૂક્યો હતો. જેનો ખાર રાખી તે ઘરમાં ઘૂસી ગયો હતો અને ફ્રીઝ, ટીવી તથા મિક્સર તોડી રૂ.૩૦ હજારનું નુકસાન કર્યું હતું.હુમલો કર્યા બાદ આરોપી પરિણીતાનું એક્ટિવા પણ લૂંટી ગયો હતો, જે ૧૦ દિવસ પછી પરત આપ્યું હતું. અગાઉ સમાધાન થઈ ગયું હતું, પરંતુ છેલ્લા ચાર દિવસથી આરોપી ફરી અલગ-અલગ નંબર પરથી ફોન કરી આખા પરિવારને પતાવી દેવાની ધમકીઓ આપતો હોવાથી અંતે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.